RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો સુદ -૬ | શુક્રવાર તા.૧૬-૧૦-૨૦૨૬ | અંક : ૯૮ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# અમેરિકી સ્કૂલમાં ગોળીબાર:ટીચર સહીત ૪ના મોત

## ૧૬ વર્ષના સગીર વયના સંદિગ્ધ હુમલાખોરને પણ એક સ્થાનિક વ્યક્તિએ ગોળી મારી ઠાર કર્યો

ઓરેગન,

અમેરિકાના ઓરેગન રાજ્યના બેંડ શહેરમાં ગુરુવારે એક પ્રાઈમરી સ્કૂલમાં ગોળીબાર થયો હતો. પોલીસે જણાવ્યું કે આ ઘટનામાં ૩ બાળક અને એક ટીચરનું મોત થઇ ગયું છે. એક બાળક અને એક શિક્ષક ઘાયલ થયા છે. પોલીસે જણાવ્યું કે ૧૬ વર્ષના સંદિગ્ધ હુમલાખોરને એક સ્થાનિક વ્યક્તિએ ગોળી મારી, જેનાથી તેનું મોત થઈ ગયું.

આ ઘટના સિલ્વર રેલ એલિમેન્ટરી સ્કૂલમાં સ્થાનિક સમય અનુસાર બપોરે લગભગ ૧ વાગ્યે બની હતી. ગોળીબાર બાદ પોલીસ અને ઈમરજન્સી સેવાઓની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હુમલા પાછળનું કારણ અને સમગ્ર ઘટનાક્રમની તપાસ કરવામાં આવી રહી છે. બેન્ડ પોલીસ વિભાગે જણાવ્યું કે, સૌથી પહેલાં ઈમરજન્સી કૉલ દ્વારા માહિતી મળી હતી કે એક અજાણ્યા શખ્સે સ્કૂલ નજીક ઊભેલી એક કાર પર ગોળીબાર કર્યો છે. તેના થોડા જ સમય બાદ વધુ કેટલાક કૉલ્સ આવ્યા, જેમાં જણાવવામાં આવ્યું કે એક શખ્સ સ્કૂલની અંદર ઘૂસીને ગોળીબાર કરી રહ્યો છે.

પોલીસ અધિકારીઓ ગણતરીની સેકન્ડોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યાં શંકાસ્પદ હુમલાખોર ગોળી વાગવાથી મૃત હાલતમાં મળ્યો હતો. પોલીસ વડા માઈક ક્રાન્ટ્ઝે જણાવ્યું કે એક સ્થાનિક વ્યક્તિ તે સગીર હુમલાખોરની પાછળ સ્કૂલની અંદર ગયો હતો અને ગોળીબાર દરમિયાન તેની સામે બાથ ભીડી લીધી હતી.ગોળીબાર બાદ સ્કૂલને લૉકડાઉન કરી દેવામાં આવી હતી. અધિકારીઓએ નજીકના એક ચર્ચમાં વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને મેળવવા માટે કેન્દ્ર બનાવ્યું હતું. બાદમાં વિદ્યાર્થીઓ અને સ્કૂલ સ્ટાફને લઈને બસો ત્યાં પહોંચી હતી. સ્કૂલ ડિસ્ટ્રિક્ટે જાહેરાત કરી હતી કે શુક્રવારે બેન્ડ-લા પાઈન સ્કૂલ્સ હેઠળની તમામ સ્કૂલો બંધ રહેશે.અમેરિકી ફેડરલ તપાસ એજન્સીએ જણાવ્યું કે તે સ્થાનિક અધિકારીઓની તપાસમાં મદદ કરી રહી છે. હ્રૈ ડાયરેક્ટર કાશ પટેલે જણાવ્યું કે એજન્સીના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે અને તપાસ માટે જરૂરી સંસાધનો પૂરા પાડવામાં આવશે. ઑરેગોનના ગવર્નર ટીના કોટેકે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ સ્ટીવન કૂકે પણ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી હતી.સિલ્વર રેલ એલિમેન્ટ્રી સ્કૂલમાં અંદાજે ૪૫૦ બાળકો અભ્યાસ કરે છે. અને લગભગ ૪૦ કર્મચારી કામ કરે છે. અહીં સામાન્ય રીતે ૫ થી ૧૧ વર્ષ સુધીના બાળકો અભ્યાસ કરે છે.

## ઈઝરાયલના એર સ્પેસમાં પાકિસ્તાની પાઈલટ્સ પર પ્રતિબંધ

### ઈઝરાયલ જતી ફ્લાઈટમાં હાઈજેક કરવાનો પ્રયાસ થયા બાદ નિયમો જાહેર કરાયા

જેરુસલેમ,

ગયા મહિને યુએઈથી ઈઝરાયલ જતી ફ્લાઈટમાં હાઈજેક કરવાનો પ્રયાસ થયા બાદ, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની પાઈલટ્સ અને કેબિન ક્રૂને નવા પ્રતિબંધો હેઠળ ઈઝરાયલી હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતી ફ્લાઈટ્સમાં સેવા આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.ઈઝરાયલના જાહેર પ્રસારણકર્તા કાનએ અહેવાલ આપ્યો છે કે ટ્રાન્સપોર્ટેશન મંત્રાલયના એવિએશન સિક્યુરિટી ઓપરેશન્સ સેન્ટરે હાઈજેકના પ્રયાસ બાદ નવા અને અપડેટ કરેલા નિર્દેશો જારી કર્યા છે.

ઈઝરાયલી પ્રસારણકર્તા એન૧૨ અનુસાર, મંત્રાલયે ૧ ઓક્ટોબરના રોજ વિદેશી એરલાઈન્સને પ્રતિબંધો વિશે જાણ કરી હતી. ૩૦ સપ્ટેમ્બરના રોજ હાઈજેકની ઘટના પછી આ પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા હતા. નવા નિર્દેશ અનુસાર, ઈઝરાયલી હવાઈ ક્ષેત્રમાં ફ્લાઈટ્સ ચલાવતા પાઈલટ્સ અને કેબિન ક્રૂએ એવા દેશોની રાષ્ટ્રીયતા અથવા બેવડી રાષ્ટ્રીયતા હોવી જોઈએ નહીં જેમના ઈઝરાયલ સાથે સત્તાવાર રાજદ્વારી સંબંધો નથી.આ પ્રતિબંધોમાં પાકિસ્તાન, ઈરાન, ઓમાન, સાઉદી અરેબિયા, અલ્જીરિયા અને ટ્યુનિશિયા સહિત બે ડઝનથી વધુ દેશોના નાગરિકો તેમજ આ દેશોના બેવડા નાગરિકત્વ ધરાવતા લોકોનો સમાવેશ થાય છે

## હુતી બળવાખોરોનો યમનમાં હુમલો,રાષ્ટ્રપતિ ભવન પરિસર ઉપર અનેક મિસાઈલો ઝીંકી

### યમનના વડાપ્રધાન અને અન્ય મંત્રીઓ તે સમયે એડન સ્થિત સંકુલમાં હાજર હતા, તેઓ સુરક્ષિત હોવાનો દાવો

એડનઃ

યમનની વચગાળાની રાજધાની એડન શહેરમાં, હુથીઓએ રાષ્ટ્રપતિ મહેલ સંકુલ પર હુમલો કર્યો છે અને આ દરમિયાન અનેક મિસાઈલો છોડી છે. આ માહિતી બે સરકારી અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. યમનની રાજધાની એડન શહેરમાં, હુતીઓએ રાષ્ટ્રપતિ ભવન સંકુલ પર હુમલો કર્યો છે. અનેક મિસાઈલો છોડી છે. રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ ભવનની આસપાસના વિસ્તારમાં જોરદાર વિસ્ફોટોનો અવાજ સાંભળ્યો હતો.

એવું માનવામાં આવે છે કે તેમનો ઉદ્દેશ્ય હાલમાં તેમના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં પોતાનો પ્રભાવ વિસ્તારવાનો છે. યમનના વડાપ્રધાન અને અન્ય મંત્રીઓ, જેઓ તે સમયે એડન સ્થિત આ સંકુલમાં હાજર હતા, તેઓ સુરક્ષિત છે. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે રાષ્ટ્રપતિ ભવનના બે સુરક્ષાકર્મીઓ માર્યા ગયા છે. હાલમાં સ્થાનિકોને સુરક્ષિત સ્થાને ખસેડવા માટેની પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી રહી છે. આ પર્વતીય પ્રદેશમાં ઓછામાં ઓછા છ વિસ્ફોટો થયા છે. સાઉદી અરેબિયા સાથે ચાલી રહેલા સંઘર્ષને જોતાં, હુતીઓ દ્વારા કરવામાં આવેલા આ હુમલાની વૈશ્વિક ફલક પર નોંધ લેવાઈ રહી છે.

## પેટ્રોલ- ડીઝલના નિકાસ ઉપર લાગતા વિન્ડફોલ ટેક્સમાં કરાયો મોટો ફેરફાર

### દેશમાં ઘરેલુ વપરાશ માટે મળતા પેટ્રોલ-ડીઝલની કિંમતો પર તેની કોઈ સીધી અસર પડશે નહીં

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સ (અપ્રત્યાશિત કર)માં મોટો ફેરફાર કર્યો છે. ૧૬ ઓક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવેલી નવી દરો મુજબ, સરકાર દ્વારા પેટ્રોલના નિકાસ પરનો ટેક્સ વધારીને ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે, જ્યારે ડીઝલના નિકાસ પરના ટેક્સમાં ૭.૫૦ રૂપિયા પ્રતિ લીટરનો મોટો ઘટાડો કરીને તેને ૧૬ રૂપિયાથી ઘટાડીને ૮.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. જો કે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલના નિકાસ શુલ્કમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સરકારના આ નિર્ણયથી સામાન્ય નાગરિકોના મનમાં સવાલ થાય કે શું દેશમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે? તો સ્પષ્ટતા એ છે કે આ ફેરફાર માત્ર 'નિકાસ' પર લાગુ થાય છે, તેથી દેશમાં ઘરેલુ વપરાશ માટે મળતા પેટ્રોલ-ડીઝલની કિંમતો પર તેની કોઈ સીધી અસર પડશે નહીં. દિલ્હી સહિત દેશના મુખ્ય શહેરોમાં ઈંધણના ભાવ યથાવત રહ્યા છે. ભારતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સરકારી નિયંત્રણ હેઠળ ઈંધણના ભાવ નક્કી થતા હોય છે.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવના ઉતાર-ચઢાવ પર નજર રાખવા માટે સરકાર દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરતી હોય છે.

## ભારત-અમેરિકા ટ્રેડ ડીલની તૈયારી: મોટા ભાગના મુદ્દાઓ ઉકેલાયા,અમેરિકન રાજદૂતે આપ્યા સંકેત

### દ્વિપક્ષીય વેપાર કરારનો કાનૂની મુસદ્દો તૈયાર, વાટાઘાટો અંતિમ અને નિર્ણાયક તબક્કામાં હોવાનો અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરનો દાવો

નવી દિલ્હી,

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરેએ જણાવ્યું હતું કે દ્વિપક્ષીય વેપાર કરાર માટેની વાટાઘાટો "ખૂબ જ ઝડપે" આગળ વધી રહી છે અને "મોટા ભાગના મુદ્દાઓ" ઉકેલાઈ ગયા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બંને પક્ષો આ કરારને આખરી ઓપ આપવામાં સફળ થશે.

અહીં આયોજિત 'બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમ'માં વાતચીત દરમિયાન ગોરે પ્રસ્તાવિત ભારત-અમેરિકા વેપાર કરારમાં થયેલી પ્રગતિ અંગે વિદેશ મંત્રી એસ. જયશંકરના મૂલ્યાંકન સાથે સહમતિ દર્શાવતા કહ્યું કે, "અમે આ કરારને અંતિમ રૂપ આપવાની ખૂબ નજીક છીએ." વાણિજય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરારનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને હાલમાં તેનું કાયદાકીય ડ્રાફ્ટિંગ ચાલી રહ્યું છે.તેમણે આશા વ્યક્ત કરી કે આ કરાર ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ લઈ લેશે અને જયારે ભારત અન્ય હરીફ દેશોની સરખામણીમાં સ્પર્ધાત્મક લાભ મેળવી લેશે ત્યારે તેને અમલમાં મૂકવામાં આવશે.

વાટાઘાટોની સ્થિતિ વિશે ગોરે કહ્યું, "હું અત્યારે બહુ વિગતોમાં જવા માંગતો નથી, આ જાહેરાત મંત્રીઓ દ્વારા જ થવા દઈએ. પરંતુ એકંદરે જોઈએ તો મોટા મુદ્દાઓ પર સહમતી સધાઈ ગઈ છે.

## કેન્દ્ર સરકારે કર્મચારીઓ માટે ૩૦ દિવસનું દિવાળી બોનસ મંજૂર કર્યું

### ડેપ્યુટેશન પર ગયેલા કર્મચારીઓને આ બોનસ જે-તે સંસ્થાના નિયમો મુજબ મળશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે તેના પાત્ર સરકારી કર્મચારીઓ માટે ૩૦ દિવસના નોન-પ્રોડક્ટિવિટી લિંક્ડ (એડ-હોક) બોનસની જાહેરાત કરી છે. નાણા મંત્રાલય હેઠળના ખર્ચ વિભાગ દ્વારા ૧૫ ઓક્ટોબરના રોજ આ અંગેનો ઓફિસ મેમોરેન્ડમ જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણય હેઠળ કર્મચારીઓને મહત્તમ ૬૯૦૮ રૂપિયા સુધીનું બોનસ મળશે. આ લાભ ગ્રુપ 'સી' અને બિન-ગેઝેટેડ ગ્રુપ 'બી'ના કર્મચારીઓને મળશે, જેઓ પ્રોડક્ટિવિટી-લિંક્ડ બોનસ સ્કીમ હેઠળ આવરી લેવાયેલા નથી. આ સિવાય સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ અને સશસ્ત્ર દળોના પાત્ર જવાનો તેમજ કેન્દ્ર સરકારનું પગાર માળખું ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશોના કર્મચારીઓને પણ આ લાભ આપવામાં આવશે.

આ એડ-હોક બોનસ મેળવવા માટે કર્મચારીએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઓછામાં ઓછી ૬ મહિનાની સતત સેવા પૂર્ણ કરેલી હોવી જરૂરી છે અને તેઓ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સેવામાં હોવા જોઈએ. જેમણે ૬ મહિનાથી ૧ વર્ષ વચ્ચે સેવા આપી છે, તેમને સેવાની અવધિ મુજબ પ્રો-રાટા આધારે બોનસ ચૂકવાશે. આ ઉપરાંત, વિશેષ કિસ્સા તરીકે, ૩૧ માર્ચ, ૨૦૨૬ પહેલાં નિવૃત્ત થયેલા, મેડિકલ આધારે નિવૃત્તિ લીધેલા અથવા અવસાન પામેલા કર્મચારીઓ જો વર્ષ દરમિયાન ઓછામાં ઓછી ૬ મહિનાની નિયમિત સેવા ધરાવતા હશે તો તેઓ પણ આ બોનસ માટે પાત્ર રહેશે. રાજ્ય સરકારો અથવા પબ્લિક સેક્ટર અંડરટેકિંગમાં ડેપ્યુટેશન પર ગયેલા કર્મચારીઓને આ બોનસ જે-તે સંસ્થાના નિયમો મુજબ મળશે.

## દિલ્હીમાં સીજેપી તિરંગા માર્ચ યોજે એ પહેલા અડધી રાતે NSUIના મોટાપાયે દેખાવો: અનેકની અટકાયત

### મોડી રાત્રે કથિત મારપીટના કેસમાં એફઆઈઆર નોંધવાની માંગ સાથે NSUIના કાર્યકરોએ મહિલા સભ્યો સાથે જોરદાર પ્રદર્શન કર્યું

નવીદિલ્હી,

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના પ્રસ્તાવિત 'તિરંગા માર્ચ' પહેલા ગુરુવારે મોડી રાત્રે રાજકીય અને પોલીસ તંત્રમાં ભારે હલચલ મચી ગઈ છે. કનોટ પ્લેસમાં યોજાનાર 'લહેરા દો તિરંગા' માર્ચને લઈને દિલ્હી પોલીસ દ્વારા સુરક્ષા અને સખ્તી વધારી દેવામાં આવી છે. આ દરમિયાન મોડી રાત્રે સંસદ માર્ગ પોલીસ સ્ટેશન બહાર NSUIના કાર્યકરોએ મહિલા સભ્યો સાથે કથિત મારપીટના કેસમાં એફઆઈઆર નોંધવાની માંગ સાથે જોરદાર પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શન દરમિયાન NSUIના અધ્યક્ષ વિનોદ જાખડ સહિત અનેક કાર્યકરોની અટકાયત કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

NSUIના જણાવ્યા અનુસાર, તેમના કાર્યકરો દિલ્હી પોલીસની એક મહિલા અધિકારી સામે મહિલા સભ્યો સાથે મારપીટ કરવાનો આરોપ લગાવીને એફઆઈઆર નોંધાવવા માંગતા હતા. સંગઠનનો દાવો છે કે બુધવારે એડિશનલ ડીસીપી સહિતના વરિષ્ઠ અધિકારીઓનો સંપર્ક કરવા છતાં એફઆઈઆર નોંધવામાં આવી ન હતી. જેના કારણે તેઓ મજબૂર થઈને પોલીસ સ્ટેશનની બહાર જ ધરણા પર બેસી ગયા હતા.

#### સાંજે સીજેપીની તિરંગા માર્ચને લઈને તંત્ર એલર્ટ

કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દીપકેએ લોકોને આજે સાંજે ૫ વાગ્યે કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્ક ખાતે તિરંગો લઈને પહોંચવા માટે અપીલ કરી છે. આ માર્ચ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ અને મતદાર યાદીના વિશેષ ઘનિષ્ઠ પુનઃનિરીક્ષણ (SIR) માં કથિત અનિયમિતતાઓના વિરોધમાં બોલાવવામાં આવ્યો છે. જેને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે તંત્ર એલર્ટ છે.

## Jio એ ભારતમાં ડિજિટલ ક્રાંતિ લાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે : jio નું મિશન ડિજિટલ ઈન્ડિયા : આકાશ અંબાણી

### પત્રકાર પરિષદમાં jioના મેગા IPOની ઘોષણા કરતા ઈશા-આકાશ અંબાણી




અમદાવાદ,

જિયો પ્લેટફોર્મ્સ ના મેગા IPO સંબંધિત ૧૫ ઓક્ટોબરના રોજ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સને કોટક ઈન્વેસ્ટમેન્ટ બેંકના ચેરમેન ઉદય કોટકે સૌના ખૂબ હાર્દિક સ્વાગત સાથે કરી અને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે જિઓ પ્લેટફોર્મ્સ વતી, તમામ બુક-રનિંગ લીડ મેનેજર્સ વતી એક એવા અવસર પર આ કરી રહ્યો છું. જિઓએ ભારતની

ઉદય કોટકે કહ્યું હતું કે કે જ્યારે હું ૧૮ વર્ષનો હતો ત્યારનો સીન મને એક સ્થળ યાદ આવે છે. આ મરીન ડ્રાઇવ અને ચોપાટી હતું. ૧૯૭૭. એક સાંજે, મેં આખી ચોપાટી અને મરીન ડ્રાઈવને રોશનીથી ઝળહળતી જોઈ અને મને કહેવામાં આવ્યું કે આ રિલાયન્સ ટેક્સટાઇલ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીનો IPO, માર્કેટિંગ અને પોઝિશનિંગ છે, જે ધીરૂભાઈ અંબાણી દ્વારા શરૂ કરવામાં આવી હતી. અને મને આજે અહીં કહેતા આનંદ થાય છે કે, તે મારા માટે એક જાદુઈ ક્ષણ હતી. નાણાકીય સેવાઓમાં ભવિષ્ય વિશેના મારા વિચારો પર તેની અસર પડી હતી, તેથી, જાહેર જનતા સુધી જવાના, રોકાણકારો માટે જવાના, તમામ રોકાણકારો માટે મૂલ્ય નિર્માણ કરવાના પ્રારંભિક મહત્વ માટે હું ધીરૂભાઈનો આભારી છું. અને તેથી જ, હું આજે તે ક્ષણને યાદ કરું છું જ્યારે આપણે અહીં એક અન્ય અનોખા પ્રસંગ માટે ભેગા થયા છીએ.ઉદય કોટકે પછી પત્રકારોને આભાર માનતા ઈશા અંબાણીએ ઉદય કોટકનો આભાર માનીને પત્રકારોને આવકાર્યા હતા. કહ્યું હતું કે આજે અમારી સાથે જોડાવા માટે અને માહિતી સાંભળવા માટે સમય કાઢવા બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર. આજે આપ સૌ અમારી સાથે અહીં આવ્યા તે બદલ અમે ખૂબ આભારી છીએ.

ઈશા અંબાણીએ જિઓનો જન્મ કેવી રીતે થયો તે માહિતી સાથે શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે લગભગ ૨૦૦૯-૨૦૧૦ ની આ વાત છે. આકાશ અને હું અમેરિકાની નામાંક્તિ કોલેજમાં હતા ત્યારે વેકેશન ગાળવા બોમ્બેમાં રજાઓ માટે ઘરે આવ્યા હતા. અને મારી પાસે ઓનલાઈન સબમિટ કરવા માટે એક અસાઇનમેન્ટ હતું. મેં અસાઈનમેન્ટ સબમિટ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ દુર્ભાગ્વે ઈન્ટરનેટ ચાલ્યું નહીં, અને હું તેને સબમિટ કરી શકી નહી. તે પછી એ વાતચીત થઈ કે ભારત શા માટે પાછળ રહી જાય? એવું કેમહતુંકે આપણી પાસે એવી કનેક્ટિવિટી નહોતી જેનો આનંદ આપણે પશ્ચિમમાં માણતા હતા? આકાશ દઢપણે માનતો હતો કે આનો જવાબ અને ઉકેલ એક ડિજિટલ ટેકનોલોજી પ્લેટફોર્મ કંપની બનાવવાનો હતો.

૨૦૧૬માં, જિઓ લોન્ચ થયું. અને આજે ૨૦૨૬ માં આપણે ટોચ પર છીએ. ઈશા અંબાણીએ વ્યવસાયને મજબૂત બનાવવાની રિલાયન્સની ફિલસૂફી અને જિઓનું નિર્માણ કેવી રીતે થયું તે વિશે કરી હતી. તેમણે કહ્યું કે પ્રથમ, વિચારોને ખૂબ જ લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી સમર્થન આપવામાં આવે છે. રિલાયન્સમાં, આપણે ફક્ત આજ કે આવતીકાલ માટે જ તૈયારી નથી કરતા, પરંતુ હવે પછીના આગામી દાયકાઓમાં શું આવવાનું છે તે વિશે વિચારીએ છીએ. બીજું સ્કેલ (માપદંડ) છે. મને લાગે છે કે સ્કેલની વાત આવે ત્યારે આપણા માટે જવાબ આપવા જેવો પ્રશ્ન એ છે કે આપણે જે ઉદ્યોગમાં કામ કરીએ છીએ તેના અર્થશાસ્ત્રને મૂળભૂત રીતે બદલવા માટે ક્યા પ્રકારના સ્કેલની હાર્ડ-કોડેડ આદત છે. આ જ આપણને આપણા લક્ષ્યો પૂરા કરવા અને આપણા મિશન માટે સાચા રહેવાની મંજૂરી આપે છે.

નાણાકીય વિવેકબુદ્ધિ અમારી કંપનીના ડીએનએમાં સમાયેલી છે.

૨૦૧૯માં, મારા પિતાજીએ રિલાયન્સના તમામ શેરધારકોને એક વચન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ૨૦૨૧માં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દેવામુક્ત થઈ જશે. ૨૦૨૦ આવ્યું, તેની સાથે કોવિડ આવ્યો, અને તેની સાથે વૈશ્વિક મંદી આવી. અને છતાં, સમયપત્રક કરતાં નવ મહિના વહેલા તે વચન પૂરું કરવામાં આવ્યું. અને તે સિદ્ધિ છે. જ ત્યારબાદ આકાશ અંબાણીએ પણ પત્રકારોને આવકારવા ઉપરાંત ઉદય કોટક અને ઈશા અંભાણીનો આભાર માન્યો હતો. આકાશ અંભાણીએ કહ્યું કે હું ખરેખર અમારા પ્રેઝન્ટેશનની વિગતોમાં ઊંડાણપૂર્વક જવાનું શરૂ કરું તે પહેલાં, હું અહીં ઊભા રહીને તમને જે કહેવા માંગો હતો તે જિઓનું મિશન છે. જે અમે છેલ્લા ૧૦ વર્ષોમાં બનાવ્યું છે અને જે અમારા ભવિષ્યના વિકાસને આગળ ધપાવે છે. જિઓનું મિશન સરળ છે. જિઓનું મિશન

ડિજિટલ ક્રાંતિની શરૂઆત કરી, કરોડપતિ ભારતીયોના રોજિંદા જીવનને સ્પર્યું, અને ભારતની ડિજિટલ ક્ષમતાને સતત વ્યાખ્યાવિત કરવાનું ચાલુ રાખ્યું છે. પ્રેસ કોન્ફરન્સને જિઓ પ્લેટફોર્મના ડાયરેક્ટર ઈશા અંબાણી પણ સંબોધીને જિઓનો જન્મ કેવી રીતે થયો જેવી રસપ્રદ વાતો કરી હતી. ત્યારબાદ જિઓ પ્લેટફોર્મના મેનેજીંગ ડાયરેક્ટર આકાશ અંબાણીએ પણ પત્રકારોને જિઓનું મિશન સમજાવ્યું હતું.

જરૂર છે. અને ત્રીજું એક્ઝિક્યુશન છે. રિલાયન્સને જાણવું એટલે એ જાણવું કે આપણે એક ઊંડાણપૂર્વકની ટેકનોલોજી સાથે સંકળાયેલી કંપની છીએ. અને અમલીકરણ એ અમારી કંપનીમાં ખૂબ જ

દરેક ભારતીય પર, દરેક ભારતીય નાગરિક અને દરેક ભારતીય એન્ટરપ્રાઈઝને ઉચ્ચતમ ગુણવત્તાવાળી અને સૌથી સસ્તી ડિજિટલ સેવાઓ સાથે જોડવાનું છે. જેનાથી અમે પ્રેરિત થયા છીએ તે આપણા પ્રધાનમંત્રીનું ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા અને વિકસિત ભારત ૨૦૪૭ છે. તે કરવા માટે, આપણે ભારતને એક અગ્રણી ડિજિટલ સમાજ

તરીકે સક્ષમ કરવાના લક્ષ્યને જોઈએ છીએ, અને આપણે જિઓ પ્લેટફોર્મ્સ લિમિટેડ તરીકે તેને સક્ષમ કરવા માટે એક સક્ષમ ભાગીદાર તરીકે છીએ. અમે અમારી પ્રેસકોન્ફર્ન્સની શરૂઆત અમારી કનેક્ટિવિટીથી કરી હતી અને આજે મિસ્ટર ઉદય કોટકે વાત કરી કે આપણો દેશ કયા પરિવર્તનમાંથી પસાર થયો છે. અમે હવે એવા ઉત્પાદનો અને સેવાઓ લોન્ચ કરવાનું જોઈએ છીએ જે તે કનેક્ટિવિટી પ્લેટફોર્મની ટોચ પર દરેક જિઓ યુઝરના જીવનને વધારે છે અને તે અમારા વ્યવસાયનું સૌથી મહત્વપૂર્ણ એકમ છે. અમારા વ્યવસાયનું સૌથી મહત્વપુર્ણ એકમ અમારા ગ્રાહકો છે. રોજ ઓફિસે જતી વખતે હું એ જ વિચારું છું - હું કેવી રીતે દરેક જિઓ ગ્રાહકના જીવનને સુધારી શકું અને તેમને એવી સેવાઓ પહોંચાડી શકું જે તેમના રોજિંદા જીવનમાં સુધારો કરી શકે, અનેતે જિઓનું મિશન છે કે અમે શેના માટે ઊભાછીએ અને છેલ્લા ૧૦ વર્ષથી અમારા વિકાસનો આધાર શું છે. તેની સાથે, હું તમને કેટલાક આંકડાઓમાંથી લઈ જાઉં -આજે આપણે કથાં ઊભા છીએ. આજે આપણે ૫૩ કરોડ ભારતીયો સુધી પહોંચ્યા છીએ જેમણે તેમના ડિજિટલ કનેક્ટિવિટી પાર્ટનર તરીકે આપણા પર વિશ્વાસ મૂક્યો

# સુરતમાં 'ગાંવ ચલો' આંદોલન ઉગ્ર બન્યું, કલેક્ટર કચેરી બહાર પોલીસ-કારીગરો વચ્ચે ઘર્ષણ

## આંદોલનના આગેવાન અજય દુબેની બે દિવસ પહેલાં એક કેસમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ કારીગરોમાં વધુ રોષ ફેલાયો

સુરત,

શહેરના ટેક્સટાઇલ ઉદ્યોગમાં કારીગરો દ્વારા આઠ કલાકની નોકરી અને અઠવાડિયામાં એક દિવસની રજાની માંગને લઈને ચાલી રહેલું આંદોલન દિવસેને દિવસે ઉગ્ર બની રહ્યું છે. કારીગરોની માંગણીઓના મુદ્દે અગાઉ કલેક્ટર કચેરીએ ઘેરાવ કરવામાં આવ્યા બાદ સરકારે પરિપત્ર બહાર પાડ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, કારીગરોના આક્ષેપ મુજબ, ટેક્સટાઇલ મિલોના માલિકો અને વેપારીઓ આ જોગવાઈઓનો અમલ કરવા તૈયાર ન હોવાથી વિવાદ વધુ વકર્યો છે.

આંદોલનના આગેવાન અજય દુબેની બે દિવસ પહેલાં એક કેસમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ કારીગરોમાં વધુ રોષ ફેલાયો હતો. આજે મોટી સંખ્યામાં કારીગરો કલેક્ટર કચેરીએ ઘેરાવ કરવા પહોંચશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા અગાઉથી જ મોટો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આંદોલનના કેટલાક આગેવાનોની મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હોવા છતાં મોટી સંખ્યામાં કારીગરો વિરોધ નોંધાવવા એકત્ર થયા હતા.

આંદોલનના આગેવાનોની ધરપકડને પગલે કારીગરોમાં નારાજગી વધુ તીવ્ર બની હતી. પોતાની માંગણીઓનો ઉકેલ લાવવાને બદલે આંદોલનને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની લાગણી કારીગરોમાં જોવા મળી રહી છે. પોલીસની કાર્યવાહીથી રોષે ભરાયેલા કારીગરોએ હવે આંદોલનને નવી દિશા આપવાની તૈયારી દર્શાવી છે. વિરોધ કરી રહેલા કારીગરોએ હવે પોતાના વતન તરફ પરત ફરવાની અને અન્ય કારીગરોને પણ આ દિશામાં આગળ વધવાની અપીલ કરી છે.

કારીગરોના જણાવ્યા અનુસાર, ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોનું શોષણ થતું હોવાના કારણે તેઓ હવે અહીં કામ કરવા પર પુનર્વિચાર કરી રહ્યા છે. કારીગરોએ અન્ય શ્રમિકોને પણ પોતાના વતન પરત જઈ ત્યાં રોજગારની તકો શોધવા અને ગુજરાતમાં પાછા નહીં આવવા અપીલ કરી છે. આ સાથે 'ગાંવ ચલો' અભિયાનને વધુ વ્યાપક બનાવવાની વાત કરવામાં આવી રહી છે.

કારીગરોના આંદોલનને હવે સુરત પૂરતું મર્યાદિત ન રાખીને પોતાનાં વતનનાં રાજ્યો સુધી લઈ જવાની તૈયારી પણ દર્શાવવામાં આવી છે. કારીગરોનું કહેવું છે કે તેઓ પોતાના રાજ્યમાં સરકાર પર દબાણ ઊભું કરશે, જેથી ત્યાં જ ટેક્સટાઇલ સહિતના ઉદ્યોગો શરૂ થાય અને રોજગારીની તકો ઉપલબ્ધ બને. આ ઉપરાંત, પોતાના રાજ્યોમાં ધારાસભ્યો, સાંસદો અને અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ રજૂઆત કરવા તેમજ જરૂર પડે તો તેમની કચેરીઓનો ઘેરાવ કરીને વિરોધ નોંધાવવાની પણ વાત કરવામાં આવી રહી છે.

# અમદાવાદના બહેરામપુરામાંથી ૨૦૦૦ કિલો શંકાસ્પદ ટોમેટો સોસનો જથ્થો ઝડપાયો

## 'સ્નેક ટચ અપ'ના નામે વેચવામાં આવતા ટોમેટો કેચઅપના ઉત્પાદન અંગે ગંભીર અનિયમિતતા સામે આવતા કાર્યવાહી

અમદાવાદ,

એએમસીના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા બહેરામપુરા વિસ્તારમાં ટામેટો સોસ બનાવતી ફેક્ટરી પર દરોડા પાડી ૨૦૦૦ કિલોનો શંકાસ્પદ જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. 'સ્નેક ટચ અપ'ના નામે વેચવામાં આવતા ટોમેટો કેચઅપના ઉત્પાદન અંગે ગંભીર અનિયમિતતા સામે આવી છે. ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર, સોસ બનાવવામાં બટાકાના પાવડર, કલર સહિતની વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. ફેક્ટરીમાં સ્વચ્છતાના નિયમોનું પણ પાલન ન થતું હોવાનું સામે આવ્યું છે. આ સોસનો ઉપયોગ વેજિટેબલ સેન્ડવિચ સહિતના વિવિધ નાસ્તામાં કરવામાં આવતો હતો અને તેનું વેચાણ અમદાવાદમાં કરવામાં આવતું હોવાની માહિતી સામે આવી છે.

આ અંગે એએમસીના ફૂડ અધિકારી તેજસ શાહે જણાવ્યું હતું કે, ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા બહેરામપુરા વોર્ડમાં 'સ્નેક ટચ અપ' નામે વેચવામાં આવતા સોસ અને ટોમેટો કેચઅપના ઉત્પાદન એકમ પર કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ઉત્પાદન એકમ જરૂરી લાઇસન્સ વગર ચલાવવામાં આવતું હતું. સોસના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી અને પેકિંગ પર દર્શાવવામાં આવેલા ઈન્ગ્રેડિયન્ટ્સ વચ્ચે પણ વિસંગતતા જોવા મળી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સચિવાલયના સ્વર્ણિમ સંકુલ-૧ના ચોથા માળે અચાનક મુલાકાત

## સચિવાલયના વહીવટી વર્તુળોમાં મુખ્યમંત્રીની આકસ્મિક મુલાકાત ચર્ચાનો વિષય બની



ગાંધીનગર,

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર સ્થિત સચિવાલયના સ્વર્ણિમ સંકુલ-૧ના ચોથા માળે અચાનક મુલાકાત લેતાં વહીવટી વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. મુખ્યમંત્રીની આ સરપ્રાઇઝ વિઝિટ દરમિયાન રાજ્યના મુખ્ય સચિવ એમ.કે. દાસ અને અધિક મુખ્ય સચિવ વિક્રાંત પાંડે પણ હાજર રહ્યા હતા. ચોથા માળે આવેલી કચેરીઓમાં મુખ્યમંત્રીએ અધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી હોવાનું જાણવા મળ્યું છે.

સ્વર્ણિમ સંકુલ-૧ના ચોથા માળે મુખ્યમંત્રી કચેરી સાથે સંકળાયેલા વહીવટી અધિકારીઓ બેસે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અચાનક ત્યાં પહોંચીને કચેરીઓની વ્યવસ્થા નિહાળી અને અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. મુખ્યમંત્રીની આ મુલાકાતને પગલે સચિવાલયમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

મુલાકાત દરમિયાન રાજ્યના મુખ્ય સચિવ એમ.કે. દાસ અને અધિક મુખ્ય સચિવ વિક્રાંત પાંડે પણ સ્થળ પર પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ ચોથા માળે કાર્યરત વહીવટી અધિકારીઓ સાથે રૂબરૂ સંવાદ કર્યો હતો.

# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો

## રાજ્ય સરકારના નિર્ણયથી નિગમના હજારો કર્મચારીઓમાં દિવાળી રહેલા આનંદની લહેર

અમદાવાદ,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓના હિતમાં ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)માં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી નિગમના હજારો કર્મચારીઓમાં દિવાળી રહેલા આનંદની લહેર વ્યાપી ગઈ છે.




ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં આપેલા નવા વધારા સાથે જ જીએસઆરટીસીના કર્મચારીઓને હવે ૬૦ ટકાના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. નોંધનીય છે કે, આ પહેલાં જૂન ૨૦૨૬માં રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરીને તેને ૫૫ ટકાથી વધારીને ૫૮ ટકા કરવામાં આવ્યું હતું. આમ ૩ જ મહિનાના ટૂંકા ગાળામાં જ ડીએમાં કુલ ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

આ સંદર્ભે રાજ્યના ડેપ્યૂટી સીએમ હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને માહિતી આપી હતી. તેમણે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી દ્વારા ગુજરાત એસ.ટી. નિગમના લાખો કર્મચારીઓના હિતમાં એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નિગમના પરિશ્રમી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨% નો સાનુકૂળ વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ વધારા સાથે હવેથી કર્મચારીઓને ૬૦% ના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, કર્મચારીઓને વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ ચુકવણી કરવામાં આવશે. ગુજરાત સરકારે માત્ર મોંઘવારી ભથ્થામાં જ વધારો કર્યો નથી, પરંત કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખીને વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સ (તફાવતની રકમ)ની ચુકવણી કરવાની પણ જાહેરાત કરી નાંખી છે.

# ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિમિટેડે પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૧૫૧ના અપર પ્રાઈઝ બેન્ડ ઉપર ૯૯ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂ. ૨,૨૫૧.૨૩ કરોડ એકત્ર કર્યાં

ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસિસ લિમિટેડે તેના પ્રસ્તાવિત જાહેર ભરણા (આઈપીઓ) પહેલાં ૯૯ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી પ્રતિ શેર રૂ. ૧૫૧ની કિંમતે ૧૪,૯૦,૮૮,૨૨૦ ઈક્વિટી શેર્સની ફાળવણી કરીને રૂ. ૨,૨૫૧.૨૩ કરોડ એકત્ર કર્યાં છે.

ઝેટવર્ક બિઝનેસિસ લિમિટેડની એન્કર ફાળવણીમાં કેપિટલ વર્લ્ડ એન્ડ કેપિટલ રિસર્ચ, બ્લેકરોક, ગોલ્ડમેન સેક્સ, નોમુરા, ભૂતપૂર્વ એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ સીઆઈઓ પ્રશાંત જૈનના ફંડ ૩ ઈન્ડિયા, સોસાયટી જનરલ, ફર્સ્ટ સ્ટેટ, લુમિસ સેલ્સ, મેન્યુલાઈફ, કાર્મિગ્નેક, ઈસ્ટસ્પ્રિંગ ઈન્વેસ્ટમેન્ટ્સ, સસ્ક્યૂહૈના અને ધ પ્રુડેન્શિયલ એશ્યોરન્સ કંપની સહિત અગ્રણી વૈશ્વિક સંસ્થાકીય રોકાણકારોની ભાગીદારી જોવા મળી હતી. નોર્વેના ગવર્નમેન્ટ પેન્શન ફંડ ગ્લોબલ અને અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (એડીઆઈએ) જેવા અગ્રણી સોવરેન વેલ્થ ફંડ્સે પણ તેમાં ભાગ લીધો હતો.

એન્કર ફાળવણીમાં ભારતના અગ્રણી મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસ અને પ્રમુખ ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યૂશન્સે પણ ભાગ લીધો હતો, જેમાં એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, મિરે એસેટ મ્યુચ્યુઅલ ફંડ, આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ, વ્હાઈટઓક કેપિટલ મ્યુચ્યુઅલ ફંડ, ટાટા મ્યુચ્યુઅલ ફંડ, યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, ફ્રેન્કલિન ટેમ્પલટન મ્યુચ્યુઅલ ફંડ, કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડ, એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડ, ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડ, મોતીલાલ ઓસ્વાલ મ્યુચ્યુઅલ ફંડ, આઈટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, ધ વેલ્થ કંપની મ્યુચ્યુઅલ ફંડ, એડલવાઈસ મ્યુચ્યુઅલ ફંડ, ક્વાન્ટ મ્યુચ્યુઅલ ફંડ, હેલિઓસ મ્યુચ્યુઅલ ફંડ, અબક્કસ મ્યુચ્યુઅલ ફંડ, બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડ, બજાજ ફનિસર્વ મ્યુચ્યુઅલ ફંડ અને પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડનો સમાવેશ થાય છે.

એન્કર ફાળવણીમાં ભાગ લેનાર અગ્રણી ઈન્શ્યોરન્સ કંપનીઓમાં એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સ, બજાજ લાઈફ ઈન્શ્યોરન્સ, એક્સિસ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ, આદિત્ય બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સ, એડલવાઈસ લાઈફ ઈન્શ્યોરન્સ અને ભારતી એક્સા લાઈફ ઈન્શ્યોરન્સનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં ચિપ ડિઝાઇન કંપનીની ઓફિસમાંથી અંદાજે રૂ.૧૫ લાખની કિંમતનાં ૪૭ લેપટોપની ચોરી

## કંપનીના કર્મચારીઓ નવરાત્રિમાં ગરબા રમવા ગયા હતા તે દરમિયાન અજાણ્યો શખ્સ ચોરી કરીને ફરાર થઈ ગયો

અમદાવાદ,

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી એક કંપનીની ઓફિસમાંથી અંદાજે રૂ.૧૫ લાખની કિંમતનાં ૪૭ લેપટોપ ચોરાયાની ઘટના સામે આવી છે. ૧૩ ઓક્ટોબરની રાત્રે કંપનીના કર્મચારીઓ નવરાત્રિમાં ગરબા રમવા ગયા હતા. આ દરમિયાન ઓફિસનો મુખ્ય દરવાજો ખુલ્લો રહી ગયો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. અજાણ્યો શખસ ઓફિસમાં પ્રવેશ્યો અને સર્વર રૂમમાં સીસીટીવી બંધ કર્યા બાદ લેપટોપ ચોરી કરીને ફરાર થઈ ગયો હોવાનો આક્ષેપ છે. આ મામલે કંપનીના માલિકે વસ્ત્રાપુર




પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય નિકુલ શાહ ચિપ ડિઝાઈનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વસ્ત્રાપુરમાં આવેલી તેમની કંપનીની ઓફિસમાંથી ૪૭ લેપટોપ ચોરાયાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ અનુસાર, ૧૩ ઓક્ટોબરના રોજ કંપનીના કર્મચારીઓ નવરાત્રિ નિમિત્તે ગરબા રમવા બહાર ગયા હતા. આ દરમિયાન ઓફિસનો મુખ્ય દરવાજો લોક કર્યા વિના ખુલ્લો રહી ગયો હતો. અજાણ્યો શખસ આ તકનો લાભ લઈને ઓફિસમાં પ્રવેશ્યો હતો.

# ઈંદોરથી અમદાવાદ આવતી ટ્રકમાંથી ૧૦.૧૧ લાખના પાર્સલ ગાયબ : ડ્રાઈવર સામે ફરિયાદ

## નારોલ પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

અમદાવાદ,

અમદાવાદમાં ઈંદોરથી માલસામાન લઈને આવતી ટ્રાન્સપોર્ટની ટ્રકમાંથી ૧૦.૧૧ લાખથી વધુ કિંમતના ચાર પાર્સલ ગાયબ થવાનો મામલો સામે આવ્યો છે. આ કેસમાં પીપળજ-પીરાણા રોડ પર આવેલા જે એન્ડ કે લોજિસ્ટિક પાર્ક સ્થિત 'શ્રીનાથ કાર્ગો પ્રા. લિ.'ના સંચાલક હબીબ ઉમડિયાએ ટ્રક ડ્રાઈવર અફઝલખાન ગુલહસનખાન સામે ચોરી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મળ્યા બાદ નારોલ પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.ફરિયાદ મુજબ, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે પાંચ વાગ્યે શ્રીનાથ કાર્ગોની ટ્રક ઈંદોરથી




અમદાવાદ આવવા નીકળી હતી. ટ્રકમાં અલગ-અલગ કંપનીઓનાં કુલ ૨૫ પાર્સલ લોડ કરવામાં આવ્યાં હતાં. ટ્રક અફઝલખાન ગુલહસનખાન ચલાવી રહ્યો હતો.

બપોરે આશરે ત્રણ વાગ્યે ટ્રક પીપળજ ખાતેની ઓફિસે પહોંચી હતી. માલસામાન ઉતારતી વખતે 'મા એન્ટરપ્રાઈઝ'નાં છ પાર્સલમાંથી માત્ર બે જ મળ્યાં હતાં, જ્યારે બાકીનાં ચાર પાર્સલ ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

પાર્સલ ગાયબ થતાં ઈંદોર સ્થિત ઓફિસમાં તપાસ કરવામાં આવી હતી. ત્યાંથી તમામ ૨૫ પાર્સલ ટ્રકમાં લોડ કરવામાં આવ્યાં હોવાનો વીડિયો પણ મળ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ અંગે ડ્રાઈવરને પૂછતાં તેણે પાર્સલ વિશે અજાણ હોવાનો જવાબ આપ્યો હતો.

# શિક્ષકોના શિરે હવે શ્રમયોગી કલ્યાણ બોર્ડની કામગીરી થોપવામાં આવતા રોષ

અમદાવાદ,

એક તરફ રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે ડિજિટલાઈઝેશન અને ગુણવત્તાસભર શિક્ષણના મોટા-મોટા દાવા કરી રહી છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. પ્રાથમિક શાળાઓના આચાર્ય અને શિક્ષકો પર બિન-શૈક્ષણિક કામગીરીનું ભારણ સતત વધી રહ્યું છે. હવે તેમાં વધુ એક કડી ઉમેરાઈ છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ શરૂ કરાયેલા ભોજન વિતરણ કેન્દ્રોના સંચાલન હવે શિક્ષકોને સોંપાયું છે. આ નિર્ણયને પગલે શિક્ષણ જગતમાં આક્રોશ ભભૂક્યો છે. હવે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનું સંચાલન કરવા શિક્ષકોને નોડલ ઓફિસર તરીકે કામગીરી સોંપાઈ છે. વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે શિક્ષકોને શ્રમિકોને જમવાનું મળે છે કે કેમ તે જોવાની જવાબદારી અપાઈ છે. હવે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનું સંચાલન કરવા શિક્ષકોને નોડલ ઓફિસર તરીકે કામગીરી સોંપાઈ છે.

# અમદાવાદના ગીતામંદિર મોબાઈલ માર્કેટમાં નકલી ફોનનું કૌભાંડ ઝડપાયું : ૧૪ વેપારીઓ સામે ગુનો

## એલસીબી ઝોન-૬ની ટીમે તપાસ દરમિયાન ૧,૦૩૪ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૭.૦૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમદાવાદ,

અમદાવાદના ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેશન માર્કેટમાં બ્રાન્ડેડ કંપનીના લોગોનો ઉપયોગ કરીને કથિત નકલી મોબાઈલ ફોનના વેચાણ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. એલસીબી ઝોન-૬ની ટીમે તપાસ દરમિયાન ૧,૦૩૪ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૭.૦૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં મોબાઈલ ફોન પર સેમસંગ




કંપનીના ટ્રેડમાર્ક અને લોગોનો કથિત દુરુપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. આ મામલે ગીતામંદિર માર્કેટના રિટેલ વેપારીઓ અને કાલુપુર રિલીફ રોડના જથ્થાબંધ સપ્લાયર્સ સહિત ૧૪ લોકો સામે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

પોલીસને ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેશન માર્કેટમાં ડુપ્લિકેટ મોબાઈલ ફોન વેચાતા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ એલસીબી ઝોન-૬ની ટીમે તપાસ હાથ ધરી હતી. તપાસના ભાગરૂપે બ્રાન્ડેડ કંપનીના અધિકૃત પ્રતિનિધિ સૌરભકુમાર રાજેશ્વરી પાંડેની મદદ લેવામાં આવી હતી.

# ઈન્ડોસ્પાઈન હોસ્પિટલ દ્વારા કરોડરજ્જુની સંભાળ અંગે જાગૃતિ અભિયાન અને વેબસાઈટનો શુભારંભ

અમદાવાદ,

ઈન્ડોસ્પાઈન હોસ્પિટલે આજે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કરોડરજ્જુની સંભાળ અંગેના જાગૃતિ અભિયાન #MySpineMyWrold અને તેની વેબસાઈટ myspinemywrold.com નો શુભારંભ કર્યો. એક અનોખી પહેલરૂપે, વેબસાઈટનું લોકાર્પણ ઈન્ડોસ્પાઈન હોસ્પિટલમાં સારવાર મેળવનાર કરોડરજ્જુના દર્દીઓ દ્વારા કરવામાં આવ્યું, જેઓ કરોડરજ્જુની તકલીફ સાથે જીવવું કેવું હોય છે તે જાતે




અનુભવી ચૂક્યા છે. આ અભિયાન ઈન્ડોસ્પાઈન હોસ્પિટલના ચીફ સ્પાઈન સર્જન ડૉ. તારક પટેલ અને એનેસ્થેસિયા તથા પેઈન મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ. રિંકુ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યું.

ઈન્ડોસ્પાઈન હોસ્પિટલના ચીફ સ્પાઈન સર્જન ડૉ. તારક પટેલે જણાવ્યું: "અમે રોજ એવા યુવા પ્રોફેશનલ્સ, ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓને મળીએ છીએ જેઓ મદદ લેતા પહેલાં મહિનાઓ સુધી કમર કે ગરદનના દુખાવા સાથે જીવતા રહ્યા હોય. અમારા પોતાના રેકોર્ડ દર્શાવે છે કે હવે અમારા દસમાંથી ચારથી વધુ નવા દર્દીઓ ૨૦ થી ૪૫ વર્ષના છે, અને તેમાંથી ૯૪% ની સારવાર હોસ્પિટલમાં દાખલ કર્યા વિના થઈ. કરોડરજ્જુની મોટાભાગની તકલીફોમાં ઓપરેશનની જરૂર પડતી નથી. યોગ્ય સમયે યોગ્ય નિદાન થાય તો અમે માત્ર દુખાવાની નહીં, પરંતુ તેના મૂળ કારણની સારવાર કરી શકીએ છીએ.

સૌરાષ્ટ્ર આસપાસ

# "મુસ્કુરાઈએ આજ સે આપ ભારત કે નાગરિક હૈ.." નાયબ મુખ્યમંત્રીના હસ્તે રાજકોટમાં ૩૧૯ વિસ્થાપિતોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત








## ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરનાર ૩૧૯ વિસ્થાપિત પરિવાર માટે આજનો દિવસ દિવાળીના ઉત્સવ સમાન, પાકિસ્તાનમાંથી આવેલી બહેનો માટે આજે આઝાદીનો દિવસ, નાગરિકો અહીં વટભેર જીવી શકશે:હર્ષ સંઘવી

રાજકોટ:

"મુસ્કુરાઈએ આજ સે આપ સબ ભારત કે નાગરિક હૈ.." પાકિસ્તાનમાંથી વિસ્થાપિત એવા ૩૧૯ લોકોને જયારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉપરના શબ્દો સાથે નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યું ત્યારે તેઓના આનંદનો પાર ન રહ્યો.. તેમના જીવનમાં આજે જાણે "દશેરા પહેલા જ દિવાળી"નો માહોલ સર્જાયો. અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ તો અનેક ગળગળા થઈ ગયા.રાજકોટમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતેના આજના કાર્યક્રમમાં ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે અહીં ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ યોજવામાં આવ્યો હતો.પાકિસ્તાનમાં વર્ષો સુધી યાતના અને પીડા વેઠીને, જીવ બચાવીને ગુજરાતમાં આશ્રય લેનાર પરિવારોને સુરક્ષાનું આશ્વાસન આપતા યુવા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, "મુસ્કુરાઈએ આજ સે આપ સબ ભારત કે નાગરિક હૈ.."

આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરનાર ૩૧૯ પરિવારો માટે આજે પાંચમા નોરતાનો દિવસ દિવાળીના ઉત્સવ સમાન ગણાવ્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, આપ સૌના ઘરમાં આજે દિવાળીના દીપ પ્રગટાવવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મક્કમ નિર્ણય અને સી.એ.એ.ના અમલીકરણથી થયું છે. પાકિસ્તાનમાંથી વિસ્થાપિત પરિવારોની વ્યથા અને યાતનાના કિસ્સાઓનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, આ પરિવારો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે નવું જીવન મળ્યું હતું અને આજે ભારતીય નાગરિકતા પ્રમાણપત્રથી આ પરિવારોને તંદુરસ્ત નવું જીવન પ્રાપ્ત થયું છે. આ સાથે કહ્યું હતું કે, મા હિંગળાજે આશીર્વાદ આપીને તમને મા અંબા પાસે મોકલ્યા છે.

પાકિસ્તાનના થરપારકરમાં મહિલાઓ ઘરની બહાર પણ નીકળી શકતી નથી. ત્યારે ત્યાંથી સ્થળાંતરિત થયેલાં મોરબીનાં કવિતાબેન સહિતનાં બહેનો માટે આજના દિવસને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આઝાદીનો દિવસ ગણાવ્યો હતો. પાકિસ્તાનના હૈદરાબાદના રાણીબાગમાં ગોળીબાર વખતે જીવ બચાવવા હિન્દુ લોકોએ નામ બદલવા પડ્યા હતા. હવે આ ભારતીય નાગરિકો આજીવન વટભેર પોતાના સાચા નામ સાથે આ દેશમાં જીવી શકશે એવું પણ તેમણે જણાવ્યું હતું.પાકિસ્તાનના પાસપોર્ટ કરતાં રાજકોટના ગરબાના પાસનું મૂલ્ય વધુ હોવાનો કટાક્ષ પણ તેમણે કર્યો હતો.

રાજકોટમાં ગતરાત્રે થયેલી સોનાની લૂંટ અને હત્યા કેસના આરોપીઓને અલગ અલગ દિશાઓમાંથી ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી લેવાની રાજકોટ શહેર પોલીસ કમિશનર, શહેર પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ તેમજ અન્ય જિલ્લાની પોલીસનો આભાર પણ નાયબ મુખ્યમંત્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો.આ સાથે તેમણે કહ્યું હતું કે, આરોપીઓને ૨૪ કલાકમાં પકડી લેવાના સંકલ્પ સાથે રાજકોટ પોલીસ તથા અન્ય જિલ્લાની પોલીસની ૫૦ જેટલી ટીમોએ રાતદિવસ કામ કર્યું છે. રાજકોટ પોલીસે ખડેપગે કામ કરીને નાગરિકોના ગરબાના આયોજનને પણ આંચ ન આવવા દીધી અને આરોપીઓને પણ પકડી લીધા. આ વિશેષ સફળતા બદલ તેમણે પોલીસને ખાસ બિરદાવી હતી.

ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર તમામ લોકોને તેમણે અભિનંદન પાઠવીને તેમના બાળકોના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પણ પાઠવી હતી.નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આજે રાજકોટ જિલ્લાના ૨૫૯, મોરબી જિલ્લાના ૫૩, કચ્છના ૦૬ તથા સુરેન્દ્રનગર જિલ્લાના ૦૧ મળીને ૩૧૯ વિસ્થાપિતોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.ગુજરાતની દીકરીઓને સુરક્ષા પૂરી પાડવા બદલ આભારની લાગણી પ્રગટ કરતાં એક કિશોરીએ નાયબ મુખ્યમંત્રીશ્રીના ભાલે કુમકુમ તિલક કરીને હાથમાં રાખડી બાંધી હતી.

આ અવસરે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ સી.એ.એ. (ધ સિટીઝનશિપ અમેન્ડમેન્ટ એક્ટ)ને કેન્દ્ર સરકારનો માનવતાવાદી અભિગમ ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ કાયદો કોઈની નાગરિકતા રદ કરવા માટે નહીં, પરંતુ વર્ષો પહેલાં વતનની વાટે આવ્યા બાદ નિરાધાર બની ગયેલા લોકોને પોતાના જ દેશમાં સન્માનભેર સમાવી લેવા માટેનો માનવતાપૂર્ણ કાયદો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જે લોકો ભૂતકાળમાં પડોશી દેશમાં અસહ્ય પીડા અને મુશ્કેલીઓ વેઠીને આપણા દેશમાં આવ્યા હતા, તે શરણાર્થીઓના જીવનમાં ભારતીય નાગરિકતા કાયદો ઉજાસ લઈને આવ્યો છે. આ માનવતાવાદી પહેલ બદલ તેમણે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને અભિનંદન પાઠવ્યા હતા.

સેન્સસ ઓપરેશન્સના ડિરેક્ટર શ્રી સુજલ મયાત્રાએ શાબ્દિક સ્વાગતમાં કહ્યું હતું કે, સી.એ.એ. હેઠળ ગુજરાતમાં ૧૫૦૦થી વધુ લોકોને નાગરિકતા આપવામાં આવી છે. આજે ભારતીય નાગરિકતા મેળવનારા ૩૦૦થી વધુ લોકો માટે નવરાત્રી પર્વ મહત્વપૂર્ણ સાબિત થયું છે. નવી આશા, નવી ઓળખ અને નવી નાગરિકતા સાથે આ લોકો વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનશે અને 'સૌના સાથ, સૌના વિકાસ'ના મંત્ર સાથે આગળ વધશે.કાર્યક્રમના અંતે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશે આભારવિધિ કરી હતી.

આ અવસરે નાગરિકતા પ્રાપ્ત કરનારા લાભાર્થીઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનો આભાર માન્યો હતો. આ સાથે તેઓએ ગર્વભેર કહ્યું હતું કે, આજથી અમે ભારતીય નાગરિકો છીએ. પોતાના વર્ષોના સંઘર્ષનો આજે અંત આવ્યો હોવાનું પણ તેઓએ પ્રતિભાવમાં જણાવ્યું હતું.આજના કાર્યક્રમમાં મેયરશ્રી ડૉ. નેહલ શુક્લ, સાંસદ શ્રી કેસરીદેવસિંહ ઝાલા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયા,ધારાસભ્યો સર્વ શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રીમતિ ભાનુબહેન બાબરીયા, શ્રી અનિરુદ્ધભાઈ દવે, શ્રી મહેન્દ્રભાઈ પાડલીયા, શ્રી દુર્લભજી દેથરિયા પૂર્વ સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, અગ્રણી શ્રી માધવ દવે, શ્રી અલ્પેશ ઢોલરિયા, શ્રી જીવણભાઈ આહિર તેમજ શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, આસિ. ક્લેક્ટર શ્રી અતુલ સિંઘ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મનપા દ્વારા નવી પ્રણાલી: "ગાંધી એવોર્ડ" થી સન્માનિત લોકોને ઘરે જઈ રૂબરૂ આમંત્રણ પાઠવ્યું

## મનપાની સામાન્ય સભામાં છ પ્રતિષ્ઠિત નાગરિકોને સન્માનિત કરાશે



રાજકોટ: રાજકોટ : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનારા છ પ્રતિષ્ઠિત નાગરિકોને 'ગાંધી એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ તમામ વિજેતાઓને આગામી તા. ૧૭ ઑક્ટોબરે યોજાનારી રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સન્માનિત કરવામાં આવશે. આ માટે મનપા દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

વિજેતાઓને રૂબરૂ આમંત્રણ પાઠવવાની કામગીરી 'ગાંધી એવોર્ડ' માટે પસંદગી પામેલા તમામ વિજેતાઓને સામાન્ય સભામાં ઉપસ્થિત રહી સન્માન સ્વીકારવા માટે રાજકોટ મહાનગરપાલિકાના પ્રતિનિધિ મંડળ દ્વારા રૂબરૂ મુલાકાત કરીને આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે. કોઈ અનિવાર્ય કારણસર વિજેતા પોતે ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેમના પરિવારના સભ્ય સામાન્ય સભામાં હાજર રહી એવોર્ડ સ્વીકારે તેવી વિનંતી પણ કરવામાં આવી છે.

ગાંધી એવોર્ડ માટે પસંદગી પામેલા નરેશભાઈ પટેલને રૂબરૂ આમંત્રણ પાઠવતી વખતે મનપાના પદાધિકારીઓએ તેમની સામાજિક સેવાઓને બિરદાવી હતી અને આગામી સામાન્ય સભામાં ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યું નિમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે રાજકોટના મેયર નેહલ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટ તેમજ કશ્યપભાઈ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા.

# રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટરમાં ચાર અતિ આધુનિક મોડયુલર ઓપરેશન થિયેટરના નિર્માણનો પ્રારંભ



રાજકોટ:રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટરમાં ચાર અતિઆધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટરના નિર્માણ કાર્યનો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે આશ્રમ અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીના હસ્તે શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં આશ્રમના સંન્યાસીઓ, બ્લાઈન્ડ ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયાના કિશોરલાલ શાહ, નેત્રરોગના નિષ્ણાત સર્જનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પરંપરાગત ભૂમિપૂજન અને વાસ્તુપૂજનની વિધિઓ પણ યોજાઈ હતી. નવી સુવિધાઓમાં આધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર ટેક્નોલોજી સાથે ગઅઇઇ ધોરણોને અનુરૂપ ગુણવત્તા, સ્વચ્છતા અને દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરતી વ્યવસ્થાઓ વિકસાવવાનું આયોજન છે.

વિવેકાનંદ આઈ કેર વિભાગનો મુખ્ય ઉદ્દેશ સમાજના તમામ વર્ગોને, ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને, જ્ઞાતિ, ધર્મ, સમુદાય કે આર્થિક પરિસ્થિતિના કોઈપણ ભેદભાવ વિના ગુણવત્તાયુક્ત અને પરવડે તેવી નેત્ર સારવાર પૂરી પાડવાનો છે. સેવાભાવ અને માનવકલ્યાણના આદર્શોને કેન્દ્રમાં રાખીને વિભાગ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને શ્રેષ્ઠ નેત્ર સારવાર ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નો કરવામાં આવે છે.વિભાગમાં દરરોજ ૧,૦૦૦થી વધુ દર્દીઓ નેત્રરોગની તપાસ, સારવાર અને નિષ્ણાત પરામર્શ માટે આવે છે. અહીં દરરોજ ૫૦થી વધુ મોતિયાના ઓપરેશન ઉપરાંત અન્ય વિવિધ નેત્રરોગ સંબંધિત જટિલ અને જરૂરી શસ્ત્રક્રિયાઓ પણ કરવામાં આવે છે. આ વ્યાપક આરોગ્ય સેવાઓ સાત પૂર્ણકાલીન વરિષ્ઠ નેત્રરોગ સર્જનોની સમર્પિત ટીમ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ચાર નવા અતિઆધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટરના નિર્માણથી વિભાગની શસ્ત્રક્રિયા ક્ષમતામાં વધારો થશે અને દર્દીઓને વધુ સુવ્યવસ્થિત, સુરક્ષિત તથા ગુણવત્તાયુક્ત નેત્ર સારવાર પૂરી પાડવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટ રાજકોટ અને આસપાસના વિસ્તારો ઉપરાંત દૂરદૂરથી આવતા દર્દીઓ માટે પણ આધુનિક નેત્ર સારવારની સુવિધાઓને વધુ સુલભ બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ યોગદાન સાબિત થશે.

# આવાસ યોજનાના હપ્તાની રકમ ન ચુકવતા ચાર ધારકોના આવાસ રદ

રાજકોટ: રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જુદીજુદી સાઈટ ખાતે લાભાર્થીઓને આવાસો ફાળવવામાં આવેલ છે. આ પૈકી કેટલાક લાભાર્થી આવાસધારકો દ્વારા રૂડાનાં હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવેલ નથી. આ બાબતે લાભાર્થીશ્રીઓને અત્રેની કચેરીએથી વારંવાર જાણ કરવામાં આવેલ છે, પરંતુ આજદિન સુધી આવાસધારકો દ્વારા રૂડામાં રકમ જમા કરાવેલ નથી. આ બાબતે રૂડાની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આ પ્રકારના આવાસધારકોનાં આવાસ રદ કરવામાં આવે છે.

જે આવાસધારકોના આવાસો રદ કરવામાં આવ્યા છે તેમાં (૧) અવધ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૮૯)ના મ-૭૦૫, (૨) વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૯૫)ના C-૮૦૩, (૩) ઓમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૭, એફ.પી.૩૩/એ)ના ્ર-૧૦૦૨ અને (૪) આદર્શહાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, રાજકોટ (ટી.પી.૧૦, એફ.પી.૩૨/એ)ના મ-૮૦૪નો સમાવેશ થાય છે.

આ બાબતે સંબંધિત આવાસધારકોએ કોઈપણ પ્રકારનાં વાંધાવચકા કે રજુઆતો કરવાની હોય તો દિન-૭માં રૂડા કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની આવાસ શાખાનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# રંગીલુ રાજકોટ હવે ભયભીત રાજકોટ બનવા લાગ્યું, દરરોજ ગુંડાગીરીના નવા પ્રકરણ



રાજકોટ:આજી જીઆઈડીસીમાં ફાયરીગ કરી હત્યા, દોઢ કરોડના દાગીનાની લુંટની ઘટનાએ નવરાત્રીના દિવસોમાં અને દિવાળી પહેલાના સમયમાં વેપાર-ઉદ્યોગ આલમને ધ્રુજાવી દીધી છે. ૨૯ દિવસમાં રાજકોટમાં હત્યાના આઠ બનાવ, દરરોજ મારામારી, લુખ્ખાગીરી, ગુંડાગીરીના બનાવો અને પોલીસ ચોપડે ન ચડતી ઘટનાઓથી એક રીતે વેપારીઓથી માંડી આમ આદમી અસલામતીની લાગણી અનુભવી રહ્યા છે.

દેશના સૌથી ઝડપથી વિકસતા સ્માર્ટ સીટી રાજકોટમાં હવે પરપ્રાંતની ગેંગોથી માંડી સ્થાનિક ગુંડાઓની આ પ્રવૃતિથી રાજકોટની રાજકીય, સામાજીક અને અધિકારીઓની તાકાત સામે પણ પડકાર ઉભા થયા છે. એક સમય હતો જયારે રાજકોટથી પૂરી સરકાર ચાલતી હતી. પરંતુ છેલ્લા વર્ષોમાં રાજકોટનું રાજકીય નેતૃત્વ નબળુ પડી ગયું છે. રાજકોટમાં આઇએએસ કે આઇપીએસ અધિકારીઓની કોઇ ધાક રહી નથી.

રાજકોટના ટોચના પોલીસ અધિકારીઓ (પો.કમિશ્નર સહિત) મોટા ભાગના આઇપીએસને વેપારીઓ કે નાગરિકોએ ફિલ્ડમાં જોયા પણ નથી. ખાસ કરીને ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ જે રીતે અધિકારીઓની બદલી, જેલયાત્રા થયા તે બાદ રાજકોટમાં તો જાણે કોઇ કલાસ-૧ અધિકારીને કામ કરવું ન હોય તેવું વાતાવરણ રહે છે. આ જ હાલતનો લાભ હવે લુખ્ખાઓથી માંડી લુંટારા લેવા માંડયા છે.

થોડા વર્ષો અગાઉ જ સ્થિતિ એવી હતી કે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ગૃહમંત્રી જેવા સરકારના ટોચના ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજકોટ સહિત કોઇ શહેરની મુલાકાતે આવે તો પૂરો દિવસ કાર્યક્રમોમાં હાજરી આપતા હતા.

ચેમ્બર, ઈન્ડ. એસો.થી માંડી વેપારીઓને પણ મળતા હતા. પરંતુ હવે આવા વીવીઆઇપી માત્ર રીબીન કાપવા આવે છે. તેમની સાથે પ્રોટોકોલના નામે આઇએએસ અને આઇપીએસ અધિકારી બંદોબસ્તમાં ગોઠવાય જાય છે.

થોડા સમય અગાઉ રાજકોટમાં ગુનેગારો ફફડી ઉઠે તેવા પો.કમિશ્નરો અનુપમસિંહ ગેહલોત, એચ.પી.સિંઘ, મનોજ અગ્રવાલ, રાજુ ભાર્ગવ, મોહન ઝા વગેરે હતા. પરંતુ થોડા વર્ષથી ટોચના પોલીસ અધિકારીઓ ફિલ્ડમાં જતા હોય તેવું પણ લોકો અનુભવતા નથી. થોડા મહિના પહેલા પટેલ વાડી પાસે આંગડીયા લુંટ, છેલ્લા મહિનામાં થયેલી હત્યા સહિતના બનાવ હજુ લોકોને ધ્રુજાવી દે છે કારણ કે રાત્રે રસ્તા પર પોલીસ પેટ્રોલીગ કરતા ગુંડાઓનું પેટ્રોલિંગ વધુ દેખાય છે.

બીજી તરફ ઘણા વર્ષોથી રાજકોટમાં બંગાળી સહિતના પરપ્રાંતિ મજુરોનો વસવાટ વધી ગયો છે. શહેરમાં અને આજુબાજુમાં મળી ચારેક લાખ પરપ્રાંતિ લોકો કામ કરતા હોવાનો અંદાજ છે. જુના રાજકોટમાં તો આવા ઘણા મજુરો હવે મિલ્કતો ખરીદવા લાગ્યા છે.ત્યારે પોલીસ આવા પરપ્રાંતિયોની ઓળખ ગોતવામાં જ સમય અને ટેકનોલોજીનો વ્યય કરે છે અને ગઇકાલની ઘટનામાં પણ પરપ્રાંતિય ગેંગે રાજકોટની શાંતિ ડહોળી નાંખી છે.

રાજકોટમાં આઇપીએસ હોય કે આઇએએસ, મોટા ભાગના અધિકારીઓ જાણે બદલીની રાહ જોઇને બેઠા હોય તેવું લાગે છે. અમુક અધિકારીઓ તો જાણે રાજકોટમાં પ્રવાસી અધિકારી તરીકે આવ્યા હોય તેમ થોડા સમય બાદ બદલી માટે ઉપર ટ્રાય કરવા લાગે છે. કયારેક તો ચાલુ સરકારી ગાડીએ જ બદલીનો ઓર્ડર મળે તો સામાન પેક કરી લેવાની તૈયારીમાં પણ હોય છે. એકંદરે રાજકોટમાં પ્રજાના પ્રતિનિધિઓ સાંસદ, ધારાસભ્યો, કોર્પોરેટરો હોય કે અધિકારીઓ, લીડરશીપમાં જ ખામી ઘુસી ગઇ હોય, રંગીલુ રાજકોટ હવે ભયભીત રાજકોટ બનવા લાગ્યું છે.

# ભેળસેળીયા ફૂડના રીપોર્ટ તત્કાલ આવશે : પ્રથમ ફૂડ ટેસ્ટીંગ લેબોરેટરી બાંધવા દરખાસ્ત



રાજકોટ:રાજકોટ મનપાની સ્ટે.કમીટીની બેઠક આવતીકાલે બપોરે ચેરમેન પરેશ પીપળીયાએ બોલાવી છે. જેના એજન્ડામાં ૩૨ દરખાસ્તો છે. શાસકોની નવી ટર્મમાં જાહેર કરાયેલી પાણી અને મિલ્કત વેરામાં પાંચ-પાંચ હજારની વ્યાજમાફીની મુદ્દત લંબાવી તા.૩૦-૧૧-૨૦૨૬ સુધી લંબાવવા અને મુદ્દલ કરતા વ્યાજ વધુ હોય તો મુદ્દલ જેટલું જ વ્યાજ વસુલતી ખાસ યોજનાનો લાભ ચાલુ રાખવા દરખાસ્ત આવી છે.

તો રાજકોટમાં સૌપ્રથમ વખત ખાદ્ય પદાર્થોના નમુનાની સ્થાનિક કક્ષાએ જ ચકાસણી થાય તે માટે વોર્ડ નં.૧૦માં આરોગ્ય કેન્દ્ર અને મેલેરીયા ઓફિસ સાથેની અદ્યતન ફૂડ લેબોરેટરી બનાવવાનું મહત્વનું કામ રજુ થયું છે. મહાનગરપાલિકા દ્વારા બાકી મિલકતવેરો તથા પાણીના ચાર્જની વસૂલાત માટે વ્યાજમાફીની યોજના અમલમાં મૂકવામાં આવી છે. હવે આ યોજનાની મુદત વધારીને તા. ૧ ઑક્ટોબરથી તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી છે. બાકી મિલકતવેરો અને વોટર ચાર્જ ધરાવતા કરદાતાઓને વ્યાજમાફીનો લાભ મેળવવા માટે વધુ સમય મળશે. મનપાના અનેક કરદાતાઓએ હજુ સુધી બાકી રકમ ભરપાઈ કરી ન હોવાથી વ્યાજમાફીની મુદત લંબાવવા કાલે નિર્ણય લેવાશે.

ફૂડ લેબોરેટરી:મનપા દ્વારા ફૂડ ચકાસણી સાથે લેવામાં આવતા નમુના વડોદરા મોકલવા પડે છે. જેમાં લાંબો સમય જાય છે. આથી પ્રથમ વખત વોર્ડ નં.૧૦માં સયાજી હોટલ પાછળ, ટીઆરપી ગેમ ઝોન સામે, દીપવન મેઈન રોડ પર આરોગ્ય કેન્દ્ર, મેલેરીયા ઓફિસ અને ફૂડ લેબોરેટરીનું બિલ્ડીંગ બનાવવા નિર્ણય લેવાયો છે. સુર્યા કોર્પો. નામની એજન્સી ૫.૨૨ કરોડના ખર્ચે આ ઈમારત બાંધી આપશે.

સ્થાનિક કક્ષાએ ફૂડ લેબ બને એટલે ફૂડ સેમ્પલના રીપોર્ટ અને તે બાદની કાર્યવાહીમાં ઝડપ આવે તેમ છે. ૨૨૬૦ ચો.મી. પ્લોટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આરોગ્ય કેન્દ્ર, પ્રથમ માળે ફૂડ લેબોરેટરી, બીજા માળે ટેસ્ટીંગ લેબ સામેલ છે. આરોગ્ય કેન્દ્ર ૧૦૬૫૬ ચો.ફુટ, ફૂડ લેબ ૧૭૧૦૦ ચો.ફુટ અને મેલેરીયા ઓફિસ ૧૦૦૦ ફુટમાં બનશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ટીવી તમને જોવે છે અને સાંભળે છે

અતિ આધુનિક ટેક્નોલોજીથી તમારું ટીવી સ્માર્ટ ટીવી બન્યું પરંતુ મોટાભાગના માણસો એ જાણતા નથી કે તમે ટીવી નથી જોતા પણ ટીવી તમને જુએ છે! સાંભળે છે અને તમારો પોતાના આખા રૂમનું રેકોર્ડિંગ કરીને થર્ડ પાર્ટીને પણ મોકલી શકે છે!અત્યાધુનિક ઉપકરણોની દુનિયામાં આપણે સગવડતાના નામે આપણા ઘરની દરેક દીવાલને ઈન્ટરનેટ સાથે જોડી દીધી છે. સવારે ઉઠીએ ત્યાંથી સ્માર્ટ સ્પીકર આપણને હવામાન કહે છે, સ્માર્ટ ટીવી આપણી પસંદગીના સમાચાર ચલાવે છે, ફ્રીજ પોતે જ કહી દે છે કે દૂધ ખતમ થઈ ગયું છે અને વોશિંગ મશીન મોબાઈલમાંથી ચાલુ થઈ જાય છે. આ સગવડતા એટલી આકર્ષક લાગે છે કે આપણે ક્યારેય વિચાર્યું જ નથી કે જે ઉપકરણ આપણા ઘરનું તાપમાન જાળવે છે, તે જ ઉપકરણ કોઈ અજાણ્યા વ્યક્તિના હાથમાં જાય તો શું થાય. ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ અને બેલ્જિયમમાં જે બન્યું તે આ જ સવાલનો જવાબ છે. ત્યાં સુપરમાર્કેટના ઈન્ટરનેટથી જોડાયેલા રેફ્રિજરેટર અને ફ્રીઝરની સિસ્ટમને હેક કરી લેવામાં આવી. આખી રાત તેનું તાપમાન માઈનસ ડિગ્રીમાંથી સીધું પચાસ ડિગ્રી સેલ્સિયસ સુધી લઈ જવામાં આવ્યું. પરિણામે કેટલીક જગ્યાએ કોમ્પ્રેસર વધુ ગરમ થવાથી આગ લાગી, લાખો યુરોનો ખોરાક, માંસ, ડેરી પ્રોડક્ટ્સ અને આઈસ્ક્રીમ એક જ રાતમાં સડી ગયો, ઓગળી ગયો અને કચરામાં ફેંકવો પડ્યો. પેરિસની સડકો પર ઓગળેલા આઈસ્ક્રીમના ડબ્બા વહેતા જોવા મળ્યા તે દૃશ્ય ભલે નાનું લાગે, પણ તેની પાછળનો સંદેશો ઘણો મોટો છે. જો એક મોટી રિટેલ ચેઈનના સેંકડો સ્ટોર્સના ફ્રીઝ એક સાથે ઉકળી શકે છે, તો તમારા ઘરના એક ફ્રીજને હેક કરવું કેટલું અઘરું હશે.

આપણે ઘણીવાર એવું માનીએ છીએ કે હેકિંગ એટલે માત્ર કમ્પ્યુટર કે બેંક એકાઉન્ટ હેક થવું. હકીકતમાં આજે હેકિંગનો સૌથી નબળો દરવાજો આપણા ઘરમાં પડેલો સ્માર્ટ ગેજેટ જ છે. આને ટેકનિકલ ભાષામાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ એટલે કે઼ કહે છે. તમારું સ્માર્ટ ટીવી, સ્માર્ટ ફ્રીજ, સ્માર્ટ એસી, વાઈ-ફાઈ કેમેરા, વિડીયો ડોરબેલ, બેબી મોનિટર, સ્માર્ટ બલ્બ, સ્માર્ટ લોક અને એલેક્સા કે ગૂગલ જેવા વોઈસ આસિસ્ટન્ટ, આ બધા એક નાના કમ્પ્યુટર જેવા જ છે, જે સતત ઈન્ટરનેટ સાથે જોડાયેલા રહે છે. કંપનીઓ આ ઉપકરણોને ઝડપથી બજારમાં લાવવાની હોડમાં ઘણીવાર સુરક્ષાને બીજા નંબરે મૂકી દે છે. તેમાં ડિફોલ્ટ પાસવર્ડ જેવા કે ઙ્ઘદ્બૈહ, ૧૨૩૪ કે ૦૦૦૦ જ રાખવામાં આવે છે, સોફ્ટવેર અપડેટ લાંબા સમય સુધી આવતું નથી અને ડેટા એન્ક્રિપ્શન વગર જ એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલાય છે. હેકર માટે આનાથી વધુ સારી તક બીજી કઈ હોઈ શકે.

તમારા ઘરના સ્માર્ટ ફ્રીજની વાત કરીએ તો આજના ફ્રીજમાં ટચ સ્ક્રીન, કેમેરા અને વાઈ-ફાઈ છે. તે તમારી ખાવા-પીવાની આદતોનો ડેટા કંપનીના સર્વર પર મોકલે છે. જો તે હેક થાય તો હેકર માત્ર તેનું તાપમાન વધારીને તમારો બધો ખોરાક બગાડી શકે એટલું જ નહીં, પણ ફ્રીજના કેમેરાથી તમારા રસોડા પર નજર રાખી શકે છે, તમારા વાઈ-ફાઈ નેટવર્કમાં ઘૂસીને તમારા મોબાઈલ અને લેપટોપ સુધી પહોંચી શકે છે. આ જ રીતે સ્માર્ટ ટીવી એ આજના સમયનું સૌથી મોટું જાસૂસી ઉપકરણ બની શકે છે. મોટાભાગના સ્માર્ટ ટીવીમાં માઈક અને કેમેરા હોય છે. સંશોધનોએ બતાવ્યું છે કે કેટલાક ટીવી બંધ હોય ત્યારે પણ આસપાસની વાતો સાંભળતા રહે છે. જો તે હેક થાય તો તમારા ડ્રોઈંગ રૂમની વાતો, તમારા પરિવારની અંગત ક્ષણો કોઈ અજાણ્યા સર્વર પર લાઈવ જોવાઈ શકે છે.

# રોશનીથી ઝળહળતા નેશનલ હાઈવેનું મનમોહક દૃશ્ય...



ફ્રાઈડે ફોટો સ્ટોરી

નેશનલ હાઈવે પર સાંજના સમયે સ્ટ્રીટલાઈટ્સની રોશનીથી ઝળહળતો માર્ગ અને આકાશમાં દેખાતો ચંદ્ર એક આકર્ષક દૃશ્ય સર્જે છે. હાઈવે પર વાહનોની અવરજવર વચ્ચે રોશનીથી પ્રકાશિત માર્ગ મુસાફરોનું ધ્યાન ખેંચે છે.હાઈવે પર લગાવવામાં આવેલી સ્ટ્રીટલાઈટ્સના પ્રકાશથી રાત્રિના સમયે માર્ગનો નજારો વધુ આકર્ષક અને સોહામણો બની રહ્યો છે. રસ્તા પર પસાર થતાં વાહનો અને દૂર સુધી પથરાયેલી રોશની ભાવનગર- સોમનાથ હાઈવેનું સુંદર અને મનમોહક ચિત્ર રજૂ કરે છે. સાંજના આ નયનરમ્ય દૃશ્યને નિહાળતાં સફર પણ જાણે વધુ યાદગાર બની જાય છે.

# ૬ કલાકની ઊંઘ પૂરતી છે? જાણો તમારી ઉંમર પ્રમાણે કેટલી ઊંઘ જરૂરી છે

મોટા ભાગના પુખ્ત વયના લોકો માટે દરરોજ ૬ કલાકની ઊંઘ ઓછી માનવામાં આવે છે. ઊંઘ દરમિયાન શરીરને આરામ મળવાની સાથે મગજ અને શરીરની અનેક જરૂરી પ્રક્રિયાઓને પુનઃસ્થાપિત થવાનો સમય મળે છે, તેથી માત્ર તમે ઊંઘો છો કે નહીં તે જ નહીં, પરંતુ કેટલો સમય અને કેટલી ગુણવત્તાવાળી ઊંઘ લો છો તે પણ મહત્વનું છે.

ડૉક્ટરના જણાવ્યા અનુસાર ઉંમર વધવાની સાથે ઊંઘની જરૂરિયાતમાં પણ ફેરફાર થાય છે. નવજાત શિશુઓને સૌથી વધુ ઊંઘની જરૂર પડે છે, કારણ કે આ તબક્કામાં શરીર અને મગજનો ઝડપી વિકાસ થઈ રહ્યો હોય છે. તેમને સામાન્ય રીતે ૧૪થી ૧૭ કલાકની ઊંઘ લેવી જોઈએ.ચારથી ૧૧ મહિનાના બાળકોને ૧૨થી ૧૫ કલાક, જ્યારે એકથી ૨ વર્ષના બાળકોને ૧૧થી ૧૪ કલાકની ઊંઘની જરૂર હોય છે. તે જ રીતે ૩થી ૫ વર્ષના બાળકોને ૧૦થી ૧૩ કલાક અને ૬થી ૧૨ વર્ષના બાળકોને ૯થી ૧૨ કલાકની ઊંઘ લેવી જોઈએ.

૧૩થી ૧૭ વર્ષના ટીનેજર્સને દરરોજ ૮થી ૧૦ કલાકની ઊંઘ જરૂરી છે. જ્યારે ૧૮થી ૬૪ વર્ષના પુખ્ત વયના લોકોએ ઓછામાં ઓછા ૭ કલાક ઊંઘ લેવી જોઈએ. ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો માટે દરરોજ ૭થી ૮ કલાકની ઊંઘ પૂરતી માનવામાં આવે છે.

ડૉક્ટરના જણાવ્યા અનુસાર, જો કોઈ પુખ્ત વ્યક્તિ દરરોજ માત્ર ૬ કલાક ઊંઘે છે, તો લાંબા સમય સુધી તેને સામાન્ય માનવું યોગ્ય નથી. ઓછી ઊંઘને કારણે દિવસભર થાક, ચીડિયાપણું, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી અને કામ કરવાની ક્ષમતા પર અસર થઈ શકે છે. જોકે, માત્ર ઊંઘના કલાકો પૂરા કરવા પૂરતા નથી. ઊંઘની ગુણવત્તા પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

જો તમે દરરોજ ૭થી ૮ કલાક ઊંઘ્યા પછી પણ સતત થાક અનુભવતા હોવ, વારંવાર ઊંઘ તૂટતી હોય અથવા સવારે ઉઠ્યા બાદ તાજગી અનુભવાતી ન હોય, તો ઊંઘની ગુણવત્તા અથવા અન્ય કોઈ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાની તપાસ માટે ડૉક્ટરની સલાહ લેવી વધુ યોગ્ય છે.

# સફળતા અહમનું કદ વધારી દે છે

વિશેષ

અહંકારીને સિદ્ધિ માણવા કરતાં બતાવવી વધારે ગમે છે. તે એમ સમજે છે કે તેની આસપાસ જેટલા હારેલા, દુઃખી અને નિષ્ફળ છે તેના કરતાં તે વધારે સુખી છે. સફળતાનું સૌંદર્ય મેઘધનુષ્ય જેવું ક્ષણિક હોય છે

દ્રોણ મહર્ષિ ભરદ્વાજનો પુત્ર હતો અને દ્રુપદ મહર્ષિ પુષતનો પુત્ર હતો. દ્રોણ અને દ્રુપદ ભરદ્વાજ ઋષિનાં આશ્રમમાં અભ્યાસ કરતાહતા. સાથે રમતા, સાથે જમતા, સાથે ગુરૂની સેવા કરતા, સાથે મસ્તી કરતા અને સાથે સાથે અધ્યયન કરતા. એકબીજા વગર રહી ના શકાય એવી ગાઢ મિત્રતા હતી. દ્રુપદ ઘણીવાર દ્રોણને કહેતો. જો તે રાજા બનશે તો તેની મદદ કરશે. સમય જતાં પિતા પૃષતના મૃત્યુ બાદ દ્રુપદ પાંચાલ દેશનો રાજા બન્યો અને ગુરૂ પિતા ભરદ્વાજના મૃત્યુ બાદ દ્રોણ આશ્રમનો વહીવટ સંભાળવા લાગ્યો. ગુરૂના ગયા બાદ શિષ્યોની સંખ્યા ઘટતી જતી હતી. જે થોડા ઘણા શિષ્યો આવતા તેમની દક્ષિણાથી માંડ માંડ આશ્રમનો નિભાવ થતો. દ્રોણે કૃપી સાથે લગ્ન કર્યા. તેમને ત્યાં અશ્વત્થામાનો જન્મ થયો. દ્રોણ સદાચારી હતો પણ ગરીબ હતો. એટલો ગરીબ કે બે ટંકનું ખાવાનું માંડ પૂરૂં થતું. દૂધ તો જોવાય ના મળતું. અશ્વત્થામા દૂધ માટે જીદ કરતો. રડારોળ કરતો. માતા કૃપીથી તેની દશા જોવાતી નહોતી. તે લોટમાં પાણી ભેળવીને પુત્રને પીવા આપતી. અશ્વત્થામાના આશ્રમ મિત્રો તેને ચીડવતા. અશ્વત્થામા રડતો. ધમપછાડ કરતો. કકળાટ કરતો. મિત્રો તેની બેહાલીની મજાક ઉડાડતા. દ્રોણથી પુત્રની લાચારી જોવાતી નહોતી. દ્રોણને તેનો બાળપણનો મિત્ર દ્રુપદ યાદ આવ્યો. હવે તે રાજા થઈ ગયો છે. મિત્ર માટે મદદ માંગતાં શું સંકોચ ? એક દિવસ તે દ્રુપદના રાજદરબાદમાં મિત્રને મળવા પહોંચી ગયો. પણ દ્રોણની ચિંથરેહાલ દશા જોઈને દ્રુપદના ભવાં ચડી ગયાં. દ્રોણે કહ્યું, 'મિત્ર, જો હું તને મળવા આવ્યો છું. તને આશ્રમના એ મસ્તીભર્યા દિવસો યાદ છે ને ! કેવી મસ્તી કરતાં કરતાં સાથે અધ્યયન કરતા હતા !! દ્રુપદે તેની વાત ગણકાર્યા વગર અણગમો જાહેર કર્યો. ''(આસીત સખ્યં દ્વિજ શ્રેષ્ઠ ત્વયાપ વિદુષઃ સખા-આદિપર્વ) અરે, મૂઢ ! આશ્રમમાં તારી સાથે જે મિત્રતા હતી એ તો સાથે રમવાની, અધ્યયન કરવાના સ્વાર્થ પૂરતી હતી. દ્રોણ, તું તો સમજુ છે. એક રાજાની તારા જેવા નિર્ધન, ગરીબ માણસ સાથે કેવી રીતે મિત્રતા હોઈ શકે ? મૂર્ખને વિદ્વાન સાથે, કાયરને શૂરવીર સાથે મિત્રતા ના હોય એમ મારા જેવા રાજા સાથે તારી મિત્રતા કેવી રીતે હોઈ શકે ?'' (એકરાત્રં તુ તે બ્રહ્મન્ કામં દાસ્યામિ ભોજનમ્પ આદિપર્વ) પણ હા, જો તું ભૂખ્યો હોય તો તને આજની રાત રાજ્ય તરફથી ભોજનની વ્યવસ્થા હું કરાવી શકું છું.''દ્રુપદના અપમાનજનક વર્તાવથી દ્રોણ સમસમી ગયો. આવો તિરસ્કાર ! આવો અનાદર ! આવું અપમાન !! જે બાળમિત્ર દ્રુપદ રાજા બન્યા પછી રાજ્યમાં ઉચ્ચ પદ આપવાનું વારંવાર રટણ કરતો હતો તે રાજસિંહાસન મળતાં જ અહંકારી થઈ ગયો. દ્રોણ ભારે હૈયે ચૂપચાપ દરબારમાંથી બહાર નીકળી ગયો. તેણે મનોમન પ્રતિજ્ઞા કરી કે હવે તે દ્રુપદને આ અપમાનનો જવાબ આપશે.

સફળતા સહેલાઈથી અહમના સકંજામાં સપડાઈ જાય છે. સિદ્ધિની પાલકી પર અહંકાર હક્ક જમાવે ત્યારે તે મૂલ્યહીન થઈ જાય છે. 'કબીર ગર્વ ન કીજિયે, રંક ન હસિયે કોય, અજહું નાવ સમુદ્રમેં, ના જાયે ક્યા હોય.' કબીરજી કહે છે. માણસે તન, ધન, બળ કે કુળનું અભિમાન ના કરવું. જે દુઃખી છે, પીડિત છે, ગરીબ છે તેની મશ્કરી ના કરવી. તેની ફજેતી ના કરવી. કારણ કે હજુ આપણી જીવનનૌકા સંસાર સમુદ્રમાંથી પસાર થઈ રહી છે. સામે પાર પહોંચ્યા નથી. ક્યારે તોફાન આવે, વમળ પેદા થાય, નાવ ડૂબી જાય - કોને ખબર ક્યારે શું થાય ? તેથી અભિમાન ત્યજીને સદ્ભાવી બનવું. સંબંધ, લાગણી, આદર અને વિવેકને સમજનાર મૂઢ રહી શકતો નથી. તે આંખમાં આંખ પરોવી શાંતચિત્તે પોતાની વાત કરી શકે છે. દરેક પરિસ્થિતિમાં પસાર થતી ઋતુઓની માફક મઝા માણી શકે છે.

# છઠ્ઠી નવરાત્રીનું મહત્ત્વ : શક્તિ, સંકલ્પ અને સદાચારની સાધના

**છઠ્ઠી નવરાત્રી એ માત્ર માતાજીની ઉપાસના કરવાનો ધાર્મિક અવસર નથી, પરંતુ માનવીના અંતરમાં રહેલી શક્તિને ઓળખવાનો અને જીવનને સદાચારના માર્ગે આગળ વધારવાનો પવિત્ર સંદેશ પણ છે. નવરાત્રીના છઠ્ઠા દિવસે મા કાત્યાયનીની પૂજા કરવામાં આવે છે. માતાજી શક્તિ, સાહસ, આત્મવિશ્વાસ અને અન્યાય સામે લડવાની પ્રેરણાનાં પ્રતીક છે.**

આજના સમયમાં જ્યારે માનવી અનેક પ્રકારના માનસિક તણાવ, અસુરક્ષા, સ્વાર્થ, અસમાનતા અને નૈતિક પડકારોનો સામનો કરી રહ્યો છે, ત્યારે મા કાત્યાયનીની ઉપાસનાનું મહત્ત્વ વિશેષ બની જાય છે. આ દિવસ આપણને શીખવે છે કે સાચી શક્તિ બીજાને દબાવવામાં નહીં, પરંતુ પોતાની નબળાઈઓ પર વિજય મેળવવામાં રહેલી છે. જીવનમાં શ્રદ્ધા સાથે હિંમત, ભક્તિ સાથે કર્મ અને અધિકાર સાથે ફરજનું ભાન હોય, તો વ્યક્તિ પોતાના જીવનને વધુ સાર્થક બનાવી શકે છે.

નવરાત્રીનો તહેવાર ભારતીય સંસ્કૃતિમાં શક્તિની આરાધનાનું વિશેષ સ્થાન ધરાવે છે. નવ દિવસ સુધી માતાજીનાં જુદાં જુદાં સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. દરેક સ્વરૂપ માનવીને જીવનનો કોઈ ને કોઈ મહત્ત્વનો પાઠ શીખવે છે. નવરાત્રીની સાધના માત્ર મંદિરમાં દીવો પ્રગટાવવા કે આરતી ઉતારવા પૂરતી મર્યાદિત નથી. તેનું સાચું મહત્ત્વ મનમાં રહેલા અંધકારને દૂર કરવામાં, વિચારોને શુદ્ધ બનાવવામાં અને જીવનમાં સારા ગુણોનો વિકાસ કરવામાં રહેલું છે. છઠ્ઠા દિવસે થતી મા કાત્યાયનીની આરાધના આ દિશામાં વિશેષ પ્રેરણા આપે છે.

પૌરાણિક માન્યતા અનુસાર મા કાત્યાયની દુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ છે. ઋષિ કાત્યાયને દેવીની ઉપાસના કરી હતી. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને દેવી તેમના ઘરે પુત્રીરૂપે પ્રગટ થયાં હતાં. આથી તેઓ કાત્યાયની તરીકે ઓળખાયાં. બીજી તરફ, દેવીમાહાત્મ્યની પરંપરામાં મહિષાસુર જેવા દુષ્ટ બળોનો સંહાર કરનાર દેવીનું સ્વરૂપ સ્ત્રીશક્તિની અજોડ ક્ષમતાનું પ્રતીક છે. આ કથાઓનો આધ્યાત્મિક અર્થ એ છે કે જ્યારે અન્યાય, અહંકાર અને દુષ્ટતા માનવજીવનને ઘેરી વળે છે, ત્યારે ધર્મ અને સત્યની શક્તિ તેનો સામનો કરવા માટે જાગૃત થાય છે.

મા કાત્યાયનીને સામાન્ય રીતે સિંહ પર સવાર, ચાર ભુજાઓ ધરાવતાં અને શસ્ત્રો તથા કમળ ધારણ કરેલાં સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે. તેમનું આ રૂપ નિર્ભયતા, શૌર્ય, કરુણા અને ધર્મની રક્ષા કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે. સિંહ શક્તિ અને હિંમતનું પ્રતીક છે, જ્યારે કમળ પવિત્રતા અને નિર્મળતાનો સંદેશ આપે છે. આ પ્રતીકો આપણને સમજાવે છે કે જીવનમાં મજબૂત બનવું જરૂરી છે, પરંતુ મજબૂતીની સાથે હૃદયમાં કોમળતા અને વર્તનમાં વિનમ્રતા પણ હોવી જોઈએ. જે શક્તિમાં વિવેક નથી, તે વિનાશનું કારણ બની શકે છે; પરંતુ વિવેક સાથે જોડાયેલી શક્તિ સમાજના કલ્યાણનું સાધન બને છે.

મા કાત્યાયનીની પૂજામાં શ્રદ્ધા, સંયમ અને પવિત્ર ભાવનાને મહત્ત્વ આપવામાં આવે છે. ભક્તો વહેલી સવારે સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે, માતાજીને ફૂલ, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરે છે તથા મંત્રજાપ અને આરતી દ્વારા પોતાની ભક્તિ વ્યક્ત કરે છે. જોકે, ઉપાસનાનું સાચું ફળ માત્ર ધાર્મિક વિધિઓથી જ મળતું નથી. જ્યારે ભક્તિ માનવીના વર્તનમાં સદાચાર, દયાભાવ, સત્યનિષ્ઠા અને સેવા રૂપે પ્રગટ થાય છે, ત્યારે તેની સાધના જીવનને પવિત્ર બનાવે છે. માતાજીની સામે માથું નમાવવાની સાથે જો આપણે અહંકાર છોડવાનું શીખીએ, તો જ ઉપાસનાનો આંતરિક હેતુ સિદ્ધ થાય છે.

નવરાત્રીના છઠ્ઠા દિવસનો એક મહત્ત્વનો સંદેશ આત્મવિશ્વાસ છે. જીવનમાં દરેક વ્યક્તિને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ક્યારેક આર્થિક સંકડામણ, ક્યારેક પારિવારિક જવાબદારીઓ, ક્યારેક નિષ્ફળતા અને ક્યારેક બીજાની અવગણના માનવીને નિરાશ બનાવે છે. આવા સમયે માણસ પોતાની શક્તિ ભૂલી જાય છે અને સંજોગોને જ પોતાની નિયતિ માની બેસે છે. મા કાત્યાયનીનું સ્વરૂપ આપણને યાદ અપાવે છે કે મુશ્કેલી ગમે તેટલી મોટી હોય, હિંમત અને સમજદારીથી તેનો સામનો કરી શકાય છે. આત્મવિશ્વાસનો અર્થ અહંકાર નથી. તેનો અર્થ પોતાની ક્ષમતાઓને ઓળખીને સતત પ્રયત્ન કરતા રહેવું છે.આજના સમયમાં માનસિક તણાવ એક ગંભીર સામાજિક પડકાર બની રહ્યો છે. વિદ્યાર્થીઓ પર અભ્યાસ અને કારકિર્દીનું દબાણ છે. યુવાનોને રોજગાર અને ભવિષ્યની ચિંતા

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

સતાવે છે. પરિવારોમાં આર્થિક પ્રશ્નો અને સંબંધોમાં વધતી અપેક્ષાઓને કારણે અશાંતિ સર્જાય છે. આવી પરિસ્થિતિમાં પ્રાર્થના, ધ્યાન, સકારાત્મક વિચાર અને નિયમિત જીવનશૈલી મનને શાંતિ આપવામાં મદદરૂપ બની શકે છે. મા કાત્યાયનીની ઉપાસના વ્યક્તિને અંદરથી મજબૂત બનવાની પ્રેરણા આપે છે. જોકે, ગંભીર માનસિક મુશ્કેલીમાં યોગ્ય નિષ્ણાતની મદદ લેવી પણ એટલી જ જરૂરી છે. શ્રદ્ધા અને સમજદારી એકબીજાનાં વિરોધી નથી; બંને એકબીજાને પૂરક બની શકે છે.

મા કાત્યાયનીનું સ્વરૂપ સ્ત્રીના આત્મસન્માન અને સ્વાવલંબનનો સંદેશ પણ આપે છે. સમાજના વિકાસ માટે સ્ત્રીને શિક્ષણ, સુરક્ષા, સમાન તક અને નિર્ણય લેવાની સ્વતંત્રતા મળવી જરૂરી છે. સ્ત્રી માત્ર પરિવારની જવાબદારી નિભાવનાર વ્યક્તિ નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારી શક્તિ છે. દીકરીઓને આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની તક આપવી, તેમના શિક્ષણને પ્રોત્સાહન આપવું અને તેમની પ્રતિભાનું સન્માન કરવું એ પણ શક્તિની ઉપાસનાનું જીવંત સ્વરૂપ છે. નવરાત્રીમાં માતાજીની આરાધના કરતાં આપણે ઘરમાં અને સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે સન્માનપૂર્ણ વર્તન કરવાનો સંકલ્પ લઈએ, તો તહેવારની ઉજવણી વધુ અર્થપૂર્ણ બને છે.આજના સમયમાં સોશિયલ મીડિયાના વધતા પ્રભાવને કારણે પણ વિવેકની જરૂરિયાત વધી છે. કોઈ સમાચારની સત્યતા તપાસ્યા વિના તેને આગળ મોકલી દેવા, અફવાઓ ફેલાવવી કે કોઈ વ્યક્તિ વિશે અપમાનજનક ટિપ્પણી કરવી સમાજમાં વિભાજન ઊભું કરી શકે છે. શક્તિનો અર્થ માત્ર શારીરિક બળ કે પ્રભાવશાળી વ્યક્તિત્વ નથી. સાચી શક્તિ પોતાના શબ્દો, લાગણીઓ અને વર્તન પર નિયંત્રણ રાખવામાં પણ રહેલી છે. મા કાત્યાયનીના નામે આપણે એવો સંકલ્પ લઈ શકીએ કે કોઈની લાગણીને ઠેસ પહોંચાડે તેવી વાત કરતાં પહેલાં વિચાર કરીશું અને સમાજમાં શાંતિ તથા વિશ્વાસ વધે તેવું વર્તન કરીશું.

છઠ્ઠી નવરાત્રીનો સંદેશ યુવાનો માટે પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. યુવાની જીવનનું એવું પર્વ છે, જેમાં સપનાં જોવાની, નવી દિશાઓ શોધવાની અને પોતાની ક્ષમતા સાબિત કરવાની તક મળે છે. પરંતુ સફળતાની ઉતાવળમાં ખોટા રસ્તે જવું, વ્યસનોનો આશરો લેવો કે બીજાની સાથે સતત સરખામણી કરવી જીવનને મુશ્કેલ બનાવી શકે છે. મા કાત્યાયનીની આરાધના યુવાનોને લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન રહેવાની, નિષ્ફળતામાંથી શીખવાની અને પોતાના ચારિત્ર્યને મજબૂત બનાવવાની પ્રેરણા આપે છે. સફળતા માત્ર ઊંચું પદ કે વધુ સંપત્તિ મેળવવામાં નથી; સારો માણસ બનવું, પરિવાર પ્રત્યે જવાબદારી નિભાવવી અને સમાજ માટે ઉપયોગી બનવું પણ એટલું જ મહત્ત્વનું છે.નવરાત્રીની ઉજવણીમાં ગરબા અને રાસનું વિશેષ સ્થાન છે. ગુજરાતમાં આ તહેવાર લોકોના જીવનમાં આનંદ, ઉત્સાહ અને સામૂહિક એકતાનો રંગ ભરે છે. ગરબાના વર્તુળમાં વિવિધ ઉંમર, વ્યવસાય અને સામાજિક પૃષ્ઠભૂમિના લોકો એકસાથે જોડાય છે. આ પરંપરા આપણને એકતાનું મહત્ત્વ સમજાવે છે. જોકે, ઉત્સવની સાચી સુંદરતા ત્યારે જ જળવાય છે, જ્યારે આનંદની સાથે સલામતી, શિસ્ત અને અન્ય લોકો પ્રત્યે સન્માનનું ધ્યાન રાખવામાં આવે. ઊંચા અવાજ, વાહનોની અવરજવર, ભીડ અને રાત્રિના કાર્યક્રમોમાં વૃદ્ધો, બાળકો તથા મહિલાઓની સુવિધા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ. ઉત્સવ એવો હોવો જોઈએ કે સૌને આનંદ મળે અને કોઈને મુશ્કેલી ન પડે.

મા કાત્યાયનીની આરાધનાને સેવા સાથે જોડવી પણ જરૂરી છે. ગરીબ બાળકોને અભ્યાસની સામગ્રી આપવી, જરૂરિયાતમંદ પરિવારોને મદદ કરવી, વૃદ્ધોની સંભાળ રાખવી, પર્યાવરણનું રક્ષણ કરવું અને આસપાસ સ્વચ્છતા જાળવવી એ ભક્તિનાં વ્યવહારુ સ્વરૂપો છે. મંદિરમાં અર્પણ કરેલું ફૂલ અને દીવો શ્રદ્ધાનું પ્રતીક છે, જ્યારે દુઃખી વ્યક્તિના જીવનમાં આશાનો દીવો પ્રગટાવવો માનવતાનું પ્રતીક છે. બંને વચ્ચે વિરોધ નથી. હકીકતમાં, જ્યારે ધાર્મિક ભાવના માનવસેવામાં પરિવર્તિત થાય છે, ત્યારે તેનું સામાજિક મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આજના યુગમાં વિકાસની સાથે નૈતિક મૂલ્યોનું જતન પણ એટલું જ જરૂરી છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને આર્થિક પ્રગતિએ માનવીને અનેક સુવિધાઓ આપી છે, પરંતુ સુવિધાઓની સાથે સંતોષ, સહાનુભૂતિ અને જવાબદારી પણ જરૂરી છે. માત્ર સંપત્તિ વધે અને સંબંધોમાં પ્રેમ ઘટે, તો જીવન અધૂરું



રહી જાય છે. મા કાત્યાયનીની ઉપાસના આપણને શક્તિનો ઉપયોગ સારા હેતુ માટે કરવાની પ્રેરણા આપે છે. જ્ઞાન હોય તો તેનો ઉપયોગ બીજાને માર્ગદર્શન આપવા માટે, સંપત્તિ હોય તો તેનો ઉપયોગ જરૂરિયાતમંદને મદદ કરવા માટે અને સત્તા હોય તો તેનો ઉપયોગ ન્યાય તથા લોકકલ્યાણ માટે થવો જોઈએ.અંતે, છઠ્ઠી નવરાત્રી આપણને એક મહત્ત્વપૂર્ણ સંકલ્પ તરફ દોરી જાય છે. આપણે પોતાના અંતરમાં રહેલી શક્તિને ઓળખીએ, નબળાઈઓને દૂર કરવાનો પ્રયાસ કરીએ અને જીવનમાં સત્ય, કરુણા તથા ન્યાયને સ્થાન આપીએ. મા કાત્યાયનીની પૂજા ત્યારે વધુ સાર્થક બને છે, જ્યારે આપણે મુશ્કેલીમાં હિંમત ગુમાવતા નથી, સફળતામાં અહંકાર કરતા નથી અને શક્તિ મળતાં બીજાનું અપમાન કરતા નથી. માતાજીના ચરણોમાં પ્રાર્થના કરવાની સાથે જો આપણે કોઈ એક સારો ગુણ જીવનમાં ઉતારીએ અને કોઈ એક ખરાબ ટેવ છોડવાનો પ્રયત્ન કરીએ, તો નવરાત્રીનો આ દિવસ આપણા જીવનમાં સાચું પરિવર્તન લાવી શકે છે. શક્તિની આરાધનાનો અંતિમ હેતુ માત્ર આશીર્વાદ મેળવવો નથી, પરંતુ પોતે પણ સારા વિચારો, સારા કર્મો અને સારા સંસ્કારો દ્વારા સમાજમાં પ્રકાશ ફેલાવવો છે.

# પીએમ મોદીએ વર્લ્ડ સ્કિલ કોમ્પિટિશનના સહભાગીઓ સાથે મુલાકાત કરી

નવીદિલ્હી,
૪૮મી વર્લ્ડ સ્કિલ કોમ્પિટિશન, જેને 'ઓલિમ્પિક્સ ઓફ સ્કિલ' તરીકે પણ ઓળખવામાં આવે છે, ૨૨ થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન ચીનના શાંઘાઈમાં યોજાઈ હતી. ભારતીય સહભાગીઓ પરત ફર્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૯ ઓક્ટોબરના રોજ પ્રધાનમંત્રી નિવાસસ્થાને તમામ સહભાગીઓ સાથે મુલાકાત કરી. વાતચીત દરમિયાન, સહભાગીઓએ સ્પર્ધાના તેમના અનુભવો શેર કર્યા. સહભાગીઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા દરમિયાન નવા સાધનો, સોફ્ટવેર, તકનીકી સિસ્ટમો અને કાર્યકારી પદ્ધતિઓ અપનાવવા અંગે ચર્ચા કરી. તેઓએ કૌશલ્ય વિકાસ તરફ સરકારના પ્રયાસો વિશે પણ વાત કરી, જે યુવાનોને મદદ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહભાગીઓને વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ અભિનંદન આપ્યા. તેમણે તેમને કૌશલ્ય વિકાસના રાજદૂત બનવા વિનંતી કરી. સહભાગીઓ સાથેની વાતચીત દરમિયાન, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે વ્યવહારુ કુશળતા શૈક્ષણિક ડિગ્રી જેટલી જ મહત્વપૂર્ણ છે. વિશેષ કુશળતાના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે જેમ જેમ ટેકનોલોજી ઝડપથી વિકસિત થઈ રહી છે, યુવાનોએ સતત નવી કુશળતા શીખવાની, તેમની હાલની ક્ષમતાઓને અપગ્રેડ કરવાની અને નવી તકનીકો સાથે અનુકૂલન કરવાની જરૂર છે. તેમણે સહભાગીઓને આંતરરાષ્ટ્રીય બજારની જરૂરિયાતોને અનુરૂપ કુશળતા વિકસાવવા અને તેમના અનુભવો અને સૂચનો દ્વારા ભારતના કૌશલ્ય તાલીમ ઈકોસિસ્ટમને સુધારવામાં યોગદાન આપવા વિનંતી કરી.



વર્લ્ડસ્કિલ્સ સ્પર્ધાના સહભાગીઓ સાથે મુલાકાત કરીને, પ્રધાનમંત્રી મોદીએ કૌશલ્ય વિકાસ માટે એક અલગ મંત્રાલય સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય પર ભાર મૂક્યો અને જણાવ્યું કે કૌશલ્ય તાલીમ સંસ્થાઓનું મહત્વ આઈઆઈટી અને આઈઆઈએમ કરતા ઓછું નથી. પ્રધાનમંત્રીએ સહભાગીઓને ભારતની કૌશલ્ય તાલીમ પ્રણાલીને સુધારવામાં મદદ કરવા માટે સરકાર સાથે તેમના અનુભવો અને સૂચનો શેર કરવા પ્રોત્સાહિત કર્યા. વર્લ્ડસ્કિલ્સ એ વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય કૌશલ્ય સ્પર્ધા છે, જે વિવિધ વ્યાવસાયિક અને તકનીકી કૌશલ્યોમાં શ્રેષ્ઠતા દર્શાવવા માટે ભાગ લેનારા દેશો અને પ્રદેશોના યુવા વ્યાવસાયિકોને એકસાથે લાવે છે. ટીમ ઈન્ડિયા ૪૮મી વર્લ્ડસ્કિલ્સ સ્પર્ધામાં ૧૦મા ક્રમે રહી, ૬ સિલ્વર મેડલ અને ૨૦ મેડલ શ્રેષ્ઠતા માટે જીત્યા. દેશભરમાંથી ૭૦ સહભાગીઓએ ૬૩ કૌશલ્યોમાં ભાગ લીધો.

# અભિષેક શર્મા ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં આ વર્ષે સૌથી વધુ છગ્ગા મારનાર ભારતીય ખેલાડી

મુંબઈ,
ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પાંચ મેચની ટી ૨૦ શ્રેણીની ચોથી મેચમાં ટીમ ઈન્ડિયાને ૨૪ રનથી હારનો સામનો કરવો પડ્યો. ૨૪૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે, ટીમ ઈન્ડિયા ૨૨૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ મેચમાં ટીમ ઈન્ડિયાના ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્મા પાસેથી મોટી ઈનિંગની અપેક્ષા હતી, પરંતુ તેના બેટથી અપેક્ષા મુજબ પ્રદર્શન થયું નહીં, તેણે ૨૪ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૨૯ રન બનાવ્યા. આ અભિષેક માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે, જે હવે ભારતીય ખેલાડી દ્વારા ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં એક વર્ષમાં



સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ ધરાવે છે, જેણે ભૂતપૂર્વ કેપ્ટન સૂર્યકુમાર યાદવનો રેકોર્ડ તોડ્યો છે.

ટીમ ઈન્ડિયા માટે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં પ્રવેશ કર્યા પછી, અભિષેક શર્માએ સતત અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, ઓપનર તરીકે પોતાનું સ્થાન મજબૂત રીતે મજબૂત બનાવ્યું છે. અભિષેક છેલ્લા બે વર્ષમાં એક મહાન ખેલાડી રહ્યો છે, અને ૨૦૨૬ માં, તેણે ૩૩ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૩૩ ઈનિંગ રમી છે, જેમાં ૨૯.૬૮ ની સરેરાશથી ૯૫૦ રન બનાવ્યા છે અને ૬૯ છગ્ગા ફટકાર્યા છે.

# ભારત સામે કીમો પોલે પાંચ વિકેટ ઝડપી ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં રેકોર્ડ પણ બનાવ્યા

હૈદરાબાદ,
વેસ્ટ ઈન્ડિઝના ઝડપી બોલર કીમો પોલે એક એવો સ્પેલ બોલિંગ કર્યો જેણે હૈદરાબાદમાં ભારત સામેની મેચનો માર્ગ બદલી નાખ્યો. પોલની પાંચ વિકેટે માત્ર ટીમ ઈન્ડિયાની બેટિંગને જ નહીં પરંતુ ઘણા મોટા ટી૨૦ આંતરરાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યા. તેની ઘાતક બોલિંગને કારણે, વેસ્ટ ઈન્ડિઝે ચોથી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને ૨૪ રનથી હરાવીને પાંચ મેચની શ્રેણી ૨-૨ થી બરાબર કરી.

૧૪ ઓક્ટોબરના રોજ રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં, કીમો પોલે ૪૧ રન આપીને પાંચ વિકેટ લીધી હતી. તેણે સંજુ સેમસન, ઈશાન



કિશન, નીતિશ કુમાર રેડ્ડી, પ્રિન્સ યાદવ અને અક્ષર પટેલને આઉટ કર્યા હતા. ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોલનો આ બીજો પાંચ વિકેટનો રેકોર્ડ હતો. તેણે અગાઉ ૨૦૨૨માં મીરપુરના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામે આ સિદ્ધિ હાંસલ કરી હતી. પોલ હવે ટેસ્ટ રમતા દેશોના પસંદગીના ઝડપી બોલરોના જૂથમાં જોડાઈ ગયો છે જેમણે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં એકથી વધુ પાંચ વિકેટ લીધી છે. તે ટેસ્ટ રમતા દેશોનો છઠ્ઠો ઝડપી બોલર છે જેણે આ ફોર્મેટમાં એકથી વધુ પાંચ વિકેટ લીધી છે.

હૈદરાબાદમાં કીમો પોલે પાંચ વિકેટ ઝડપીને એક એવો રેકોર્ડ બનાવ્યો જે અગાઉ કોઈ અન્ય બોલરે હાંસલ કર્યો ન હતો. તે ભારતીય ભૂમિ પર ટીમ ઈન્ડિયા સામે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં પાંચ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો છે. આ પહેલા, ન્યૂઝીલેન્ડના મિશેલ સેન્ટનરના નામે ભારતમાં ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ટીમ ઈન્ડિયા સામે શ્રેષ્ઠ બોલિંગ ફિગરનો રેકોર્ડ હતો. તેમણે ૨૦૧૬ ના ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન નાગપુરમાં ૧૧ રન આપીને ચાર વિકેટ લીધી હતી. હવે, પોલે ૪૧ રન આપીને પાંચ વિકેટ લઈને આ રેકોર્ડને તોડી નાખ્યો છે.

# ઈજામાંથી સ્વસ્થ થયા બાદ દક્ષિણ સ્ટાર દેવદત્ત રોયે આગામી એક્શન-થ્રિલરનું શૂટિંગ શરૂ કર્યું

હૈદરાબાદ,
દક્ષિણ સ્ટાર દેવદત્ત રોય તાજેતરમાં તેમની આગામી ફિલ્મના શૂટિંગ દરમિયાન ઘાયલ થયા હતા. અભિનેતાને ખભામાં ઈજા થઈ હતી, જેના કારણે તેમની આગામી એક્શન-થ્રિલર "સ્પોટલાઈટ" સહિત અનેક ફિલ્મોનું શૂટિંગ અટકી ગયું હતું. જોકે, હવે સમાચારો સૂચવે છે કે દેવદત્ત રોય સ્વસ્થ થઈ ગયા છે અને ટૂંક સમયમાં ફિલ્મ સેટ પર પાછા ફરી શકે છે. અભિનેતા છેલ્લા કેટલાક દિવસોથી સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે સમાચારમાં છે, જેના કારણે તેમની ફિલ્મના શૂટિંગ પર પણ અસર પડી હતી. જોકે, હવે સંપૂર્ણપણે સ્વસ્થ થઈને,



તેઓ તેમની એક્શન-થ્રિલર ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. તેમના ચાહકો ખૂબ ખુશ છે.

"સ્પોટલાઈટ" સ્ટાર દેવદત્ત રોયને ખભામાં ગંભીર ઈજા થઈ હતી, જેના કારણે તેમના ચાહકો માટે ચિંતાનો વિષય બન્યો હતો. ઈજાને કારણે તેમણે શૂટિંગમાંથી વિરામ પણ લીધો હતો. એવું કહેવાય છે કે અભિનેતાને ઘણી સ્નાયુબદ્ધ તકલીફ થઈ હતી અને તેમના ડૉક્ટરે તેમને આરામ કરવાની સલાહ આપી હતી, જેના કારણે તેમને શૂટિંગમાંથી વિરામ લેવાની ફરજ પડી હતી. ખભાની ઈજા ઉપરાંત, દેવદત્ત રોયને ઘણી અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ હતી, જેના કારણે તેમને શૂટિંગ અને અન્ય કામમાંથી વિરામ લેવાની ફરજ પડી હતી.

અભિનેતાની ઈજા પછી, તેઓ સેટ પર ક્યારે પાછા ફરશે તે અંગે પ્રશ્નો ઉભા થયા હતા. હવે, અભિનેતાના ચાહકોની ચિંતાઓ શાંત થઈ ગઈ છે. દેવદત્ત હવે ખભાની ઈજામાંથી સ્વસ્થ થઈ ગયો છે અને ટૂંક સમયમાં તેની આગામી એક્શન-થ્રિલર ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરીને સેટ પર પાછો ફરશે. ફિલ્મના મુખ્ય દ્રશ્યો પહેલાથી જ શૂટ થઈ ગયા છે.

# નાના પાટેકરની પ્રાર્થના સભામાં હિન્દી અને મરાઠી ફિલ્મ સ્ટાર્સ હાજર રહ્યા



મુંબઈ,
નાના પાટેકરના મૃત્યુના સમાચારથી ફિલ્મ ઉદ્યોગમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. તેમના ચાહકો અને ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો તેમને યાદ કરી રહ્યા છે. પ્રાર્થના સભામાં હાજર રહેલા કલાકારોએ પણ સ્વર્ગસ્થ અભિનેતાને યાદ કર્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી.

સ્વર્ગસ્થ ફિલ્મ અભિનેતા નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપવા માટે યોજાયેલી પ્રાર્થના સભામાં ઘણા કલાકારોએ હાજરી આપી હતી. મહારાષ્ટ્ર ઌઢછ કમિશનર તુકારામ મુંધેએ પણ નાના પાટેકરની પ્રાર્થના સભામાં હાજરી આપી હતી અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

અભિનેત્રી વર્ષા ઉસગાંવકર અને અભિનેતા શિવાજી સાટમ પણ કાર્યક્રમ દરમિયાન જોવા મળ્યા હતા. બંને કલાકારોએ પ્રાર્થના સભામાં હાજરી આપી હતી અને સ્વર્ગસ્થ અભિનેતાને શ્રદ્ધાંજલિ આપી હતી.

બોલીવુડના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું ૮ ઓક્ટોબરના રોજ અવસાન થયું.

તાજેતરના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવાયું છે કે મૃત્યુનું કારણ હૃદયની ધમનીમાં લોહી ગંઠાઈ ગયું હતું.બોલીવુડમાંથી ફક્ત જેકી શ્રોફ, અનીસ બઝમી, મેહુલ કુમાર, અનિલ શર્મા અને સાજિદ નડિયાદવાલા જ અભિનેતાના અંતિમ સંસ્કારમાં હાજરી આપી હતી.

# નયી નવેલી ફિલ્મની રિલીઝ પહેલા યામી ગૌતમ અયોધ્યા પહોંચી, ભગવાન રામ લલ્લાના દર્શન કર્યા

મુંબઈ,
યામી ગૌતમ આ દિવસોમાં વિવિધ કારણોસર સમાચારમાં છે. તાજેતરમાં, અભિનેત્રીને ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં 'આર્ટિકલ ૩૭૦' માટે શ્રેષ્ઠ અભિનેત્રીના રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. આ નોંધપાત્ર સિદ્ધિ બાદ, યામી ગૌતમ હવે તેની આગામી ફિલ્મ "નઈ નવેલી" માટે સમાચારમાં છે. અભિનેત્રી હાલમાં તેની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. "નઈ નવેલી", એક હોરર-કોમેડી, ૧૬ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. ફિલ્મની રિલીઝ પહેલા, યામી ગૌતમે ઉત્તર પ્રદેશના રામ મંદિરની મુલાકાત લીધી હતી, જ્યાં તેણીએ રામ



લલ્લાના દર્શન કર્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા.

યામી ગૌતમે રામ મંદિરના કેટલાક ફોટા શેર કર્યા હતા, જેમાં તે પીળી સાડી પહેરીને રામ લલ્લાને નમન કરતી જોવા મળે છે. આ ફોટામાં, યામી રામ મંદિર સંકુલમાં જોવા મળે છે અને ભગવાનના આશીર્વાદ મેળવતી જોવા મળે છે. એક ફોટામાં, તે મંદિર સંકુલમાં હાથ જોડીને બેઠેલી જોવા મળે છે. રામ મંદિર ઉપરાંત, યામી ગૌતમે હનુમાનગઢીની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેણીએ હનુમાન ચાલીસાનો પાઠ કર્યો હતો. ફોટા શેર કરતા, યામી ગૌતમે કેપ્શનમાં લખ્યું, "અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરના દિવ્ય દર્શન મેળવીને મને ધન્યતા અનુભવાય છે." તે ઊંડી અને ભાવનાત્મક લાગણી વ્યક્ત કરવા માટે શબ્દો ક્યારેય પૂરતા નથી. જય શ્રી રામ, જય હનુમાન.

યામી ગૌતમે પોતાની ખુશી પણ વ્યક્ત કરી. હનુમાનગઢીમાં રામ લલ્લા અને બજરંગબલીના દર્શન કરવા અંગે અભિનેત્રીએ કહ્યું, "આ મારી અયોધ્યાની પહેલી મુલાકાત છે. હું અહીં ઊંડી ભક્તિ સાથે આવી છું. મેં આશીર્વાદ માંગ્યા છે, અને ભગવાન રામ અને ભગવાન હનુમાનની કૃપાથી, આ વર્ષ અમારા પરિવાર માટે ખૂબ જ સફળ રહ્યું છે... અહીં આવીને પ્રાર્થના કરવાની તક મળવી એ મને એક મોટો લહાવો લાગે છે."

"નયી નવેલી" ની રિલીઝ અંગે, આ કાલ્પનિક અને હોરર-કોમેડી ફિલ્મ આ શુક્રવારે, ૧૬ ઓક્ટોબરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. યામી ગૌતમ ફિલ્મમાં "મોહિની" ની ભૂમિકા ભજવતી જોવા મળશે. તેની સાથે આદિનાથ કોઠારે અને મીતા વશિષ્ઠ જેવા કલાકારો મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન બાલાજી મોહન દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ આનંદ એલ. રાય અને હિમાંશુ શર્મા દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે કલર યલો પ્રોડક્શન્સ અને એમેઝોન સ્ટ્સ સ્ટુડિયો હેઠળ તેનું નિર્માણ કર્યું છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ળ | વા | શિ | ચ | ડ | મા | ગુ | બૂ | રી | ધ | ન | મા |
| ભા | ર | મ | મ | દ | ડ | ઈ | મ | ગુ | લા | મ | ભો |
| વિ | ચી | રી | દ | સ | મ | ન | ગુ | ના | ક્ષ | મો | ર |
| રા | ણ | ળ | કા | આ | રો | મા | ર | આ | મ | ડી | ગ |
| શિ | ભો | ર | એ | તા | ન | ધ | બ | ણિ | ઉ | ઝ | પ્રા |
| વ | પ્ર | ઈ | પ | ગ | ભો | કી | ન | સ | લ | આ | સ |
| બં | અ | સ | દ | બ | હા | મ | ક | કા | આ | ન | કા |
| ચ | ક | ચા | ર | તી | ગી | ર | સ | ક્રો | વિ | મા | ર |
| ગ | જ્ઞા | ક્રો | ર | ર | ભ | જ | કા | ખ | ક | ર | અ |
| મ | ક | ન | ક | ખ | દ | ન | હિ | ડો | બા | કા | દ |
| ક | એ | ગ | ર | મ | ક | કા | ભો | તી | ણ | મા | ર |
| પ્ર | ચી | ફ | લ | હા | ળ | ક | બ | મ | ળ | મા | મા |

શબ્દ શોધો

**ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્ચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ**

# અભિનેત્રી રશ્મિકા મંદાનાએ ૪૦૦ પરિવારોને દત્તક લીધા, જયમ્માના પાત્ર પરથી લીધી પ્રેરણા

મુંબઈ,
અભિનેત્રી રશ્મિકા મંડન્નાની ફિલ્મ 'રણબલી' ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. અગાઉ, અભિનેત્રીએ ચાહકોના દિલ જીતી લીધા છે. તેણીએ ૪૦૦ પરિવારોને દત્તક લીધા છે. હવે, તે ત્રણ મહિનાના હપ્તામાં તેમના રાશન ખર્ચને આવરી લેશે. આનાથી અન્ય લોકોને પણ આવા જ સખાવતી કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

રશ્મિકા મંડન્નાએ સોશિયલ મીડિયા પર ચાહકો સાથે તેની સામાજિક સેવા વિશેની માહિતી શેર કરી. તેણીએ લખ્યું, "તમે જે પાત્રો ભજવો છો તેમાં કંઈક એવું છે જે તમારા મનમાં છવાઈ જાય છે. તમારામાંથી ઘણા મને પૂછતા રહે છે કે શું જયમ્મા અને મારી વચ્ચે કોઈ સમાનતા છે. મારો જવાબ હા છે - અને આ તેમાંથી એક છે. આ હંમેશા હું રહી છું, અને આ તે છે, અને હું હંમેશા તમારા પ્રેમ માટે આવી વસ્તુઓ કરીશ... પરંતુ મેં હંમેશા તેને ગુપ્ત રાખ્યું કારણ કે મને લાગ્યું કે જો હું, મારી ટીમ અને આપણામાંથી થોડા લોકો જાણતા હોત, તો તે પૂરતું હોત." પરંતુ હવે હું તેના વિશે ખુલ્લેઆમ વાત કરી રહી છું કારણ કે મને લાગે છે કે, જો આ તમારા બધા પ્રિય લોકોને કંઈક આવું કરવા માટે પ્રેરણા આપે છે, તો હું ખુશ થઈશ.

વધુમાં, તેણીએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'મેં વિચાર્યું, કેમ નહીં હમણાંથી શરૂઆત? આજે મેં ૪૦૦ પરિવારોને દત્તક લીધા છે અને હું ત્રણ મહિના માટે એક સાથે ૪૦૦ પરિવારોને મદદ કરવા માંગુ છું અને આગામી વર્ષ સુધી ચાલુ રાખવા માંગુ છું. મને આશા છે કે તેઓ કરિયાણાના ખર્ચમાં બચત કરીને તેમના ભવિષ્યનું વધુ સારી રીતે આયોજન કરી શકશે. દયાનું એક નાનું કાર્ય પણ કોઈનું જીવન બદલી શકે છે, અને તે મોટું હોવું જરૂરી નથી. ચાલો બધા નાની શરૂઆત કરીએ.'

વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદન્ના તેલુગુ પીરિયડ ડ્રામા ફિલ્મ 'રાનબાલી'માં જોવા મળશે.આ ફિલ્મનું નિર્દેશન રાહુલ સાંકૃત્યન દ્વારા કરવામાં આવ્યું છે.ફિલ્મમાં રશ્મિકા મંદન્ના જયમ્માનું પાત્ર ભજવી રહી છે.જ્યારે વિજય દેવરાકોંડા રાણબલીનું પાત્ર ભજવે છે.આ ફિલ્મ રાયલસીમાના સિંગણમાલા નામના કાલ્પનિક ગામ પર આધારિત છે.આ ફિલ્મ ૧૬ ઓક્ટોબરે દેશભરમાં રિલીઝ થવાની છે.



# સિનર્જી સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ, રાજકોટ ખાતે ૨૨ વર્ષીય યુવકના અંગદાનથી છ વ્યક્તિઓને મળશે નવજીવન

## અંગદાન દ્વારા માનવતાની મહેક: "અંગદાન — એક જીવનનો અંત, અનેક જીવનની નવી શરૂઆત"




રાજકોટ: મૂળ કચ્છના રણુજા નગર, દુર્ગાપુરના વતની અને હાલ રાજકોટના રેલનગર વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય રાજ મુકેશભાઈ ઢાલ એગ્રો ઈન્ડસ્ટ્રીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. તારીખ ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૯:૦૦ વાગ્યે આકસ્મિક ગંભીર ઈજા થતાં. પ્રાથમિક સારવાર કે.ડી. પરવાડિયા હોસ્પિટલ આટકોટ ખાતે લીધા બાદ તારીખ ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧:૦૦ વાગ્યે તેમને વધુ સારવાર માટે સિનર્જી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યા હતા.હોસ્પિટલ ખાતે તેમની સારવાર માટે ન્યુરો સર્જન ડૉ. દિનેશ ગજેરા, ન્યુરોફિઝિશિયન ડૉ. કલ્પેશ સનારિયા, ન્યુરો સર્જન ડૉ. સંજય ટીલાળા, ક્રિટિકલ કેર ટીમના ડૉ. જયેશ ડોબરિયા અને ડૉ. મિલાપ મશરૂ, તેમજ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. માધવ ઉપાધ્યાય અને ડૉ. દિવ્યેશ રાઠોડ, કાર્ડિયોલોજી ટીમના ડૉ. વિશાલ પોપટાણી, ડૉ. કિંજલ ભટ્ટ, ડૉ. નિલેશ માકડિયા, ડૉ. શ્રેણિક દોશી, ડૉ. સત્યમ ઉધરેજા અને કીડીના સ્પેશ્યાલીસ્ટ ડૉ. નિયતિ ભાલાણી સહિતની તબીબી ટીમે અથાગ પ્રયત્નો કર્યા હતા. જોકે, તમામ પ્રયાસો છતાં તારીખ ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજના સમયે રાજભાઈને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.આ અત્યંત દુ:ખદ પરિસ્થિતિમાં પણ રાજભાઈના પરિવારજનોએ માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પરિવારની સંમતિથી અંગદાનનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો, જેથી અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન અને નવી આશા મળી શકે.ડૉ. દિવ્યેશ વિરોજા(કિડની સ્પેશિયાલિસ્ટ) ની દેખરેખ હેઠળ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ માટેની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં NOTTO (National Organ and Tissue Transplant Organization) y™u SOTTO (State Organ and Tissue Transplant Organization) સાથે સિનર્જી હોસ્પિટલની મેનેજમેન્ટ ટીમ દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું. તબીબી ટીમ અને પરિવારજનોના સહયોગથી અંગદાનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.આ અંગદાન થકી હૃદય, બંને ફેફસાં, લીવર અને આંખોનું દાન શક્ય બન્યું છે. આ મહાદાન દ્વારા કુલ છ જરૂરિયાતમંદ લોકોને નવજીવન અથવા નવી દૃષ્ટિ મળવાની આશા છે. એક પરિવારના અતુલ્ય નિર્ણયથી અનેક પરિવારોમાં ખુશી અને આશાનો નવો સંચાર થશે.રાજભાઈના પિતા શ્રી મહેશભાઈ ઢાલ, માતાશ્રી કસ્તુરીબેન ઢાલ અને ભાઈ શ્રી યશભાઈ ઢાલે પોતાના અંગત દુ:ખની ઘડીમાં પણ સમાજના હિતને પ્રાથમિકતા આપીને અંગદાન માટે સંમતિ આપી છે. તેમના આ માનવતાભર્યા અને પ્રેરણાદાયી નિર્ણયને સિનર્જી હોસ્પિટલ પરિવાર હૃદયપૂર્વક બિરદાવે છે અને પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના સાથે આભાર વ્યક્ત કરે છે.સિનર્જી હોસ્પિટલની સમગ્ર તબીબી ટીમ, અંગદાન પ્રક્રિયા સાથે સંકળાયેલી ટીમો અને મેનેજમેન્ટના સંકલિત પ્રયાસો પણ પ્રશંસનીય છે.આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે અંગદાન માત્ર દાન નથી, પરંતુ અનેક પરિવારો માટે જીવનની નવી શરૂઆત છે. સમાજના દરેક નાગરિકે અંગદાન અંગે જાગૃતિ કેળવીને આ માનવતાના મહાયજ્ઞમાં સહભાગી બનવું જોઈએ.

# રાજકોટની હરિવંદના કોલેજની બે વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિ.ની પરીક્ષામાં ફરી વાર મેળવ્યા બે ગોલ્ડ મેડલ




રાજકોટ,
હરિવંદના કૉલેજ, રાજકોટ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે પરંપરા જાળવી રાખતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં વધુ બે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવામાં આવ્યા છે. કૉલેજની બે વિદ્યાર્થિનીઓએ પોતાની મહેનત અને શૈક્ષણિક પ્રતિબદ્ધતાના બળે આ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે.

આ સિદ્ધિમાં મુંગપરા તોહા ભુપતભાઈ (બી.એસસી.- આઈ.ટી.) અને ચૌધરી રોશની મનોજભાઈ (બી.એસસી. - કેમિસ્ટ્રી) એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ગોલ્ડો મેડલ પ્રાપ્ત કરીને વિશેષ સફળતા મેળવી છે. બંને વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ તેમની સતત મહેનત, વિષય પ્રત્યેયની સમજ અને અભ્યાસમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની પરિણામ છે.

હરિવંદના કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, યોગ્ય માર્ગદર્શન અને શૈક્ષણિક વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી સ્તરે વારંવાર પ્રાપ્ત થતી આવી સિદ્ધિઓ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને શ્રેષ્ઠતાની પરંપરાને વધુ મજબૂત બનાવે છે.

આ ગૌરવપૂર્ણ સફળતા બદલ કૉલેજના સંચાલક મંડળ, આચાયશ્રી, વિભાગના અધ્યાપકો અને સમગ્ર કૉલેજ પરિવારે બંને વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા છે તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

# ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રી : કંકુ પગલે નભથી ઉતરો, આવી છે નવરાત...




રાજકોટ,
નવલી નવરાતના ચોથા નોરતે ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રીમાં મોટી જનસંખ્યામાં લોકો પધાર્યા અને પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાના જતનનાં આ શુભકાર્ય માટે માનનીય શ્રી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા તથા શ્રી જીતુભાઈ ધોળકિયાને બિરદાવ્યા હતા. પરંપરાગત પ્રાચીન ૬૦ થી વધુ ગરબાઓ આ નવ દિવસ દરમિયાન પ્રસ્તુત થઈ રહ્યા છે. હાઈડ્રોલિક સ્ટેજ અને અદ્ભૂત રથમાં માતાજીનું આગમન ચાચર ચોકને વધુ ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય બનાવે છે. ચામુંડા રાસ અને મોગલ રાસ નિહાળવા માટે લોકો અંત સુધી નવરાત્રિને માણે છે. શક્તિ - ભક્તિ અને સંસ્કૃતિનો આ રસથાળ ૩૫૦ થી વધુ બાળાઓ વિવિધ ગરબાઓ ઉપર સૂર સાથે તાલ મિલાવી પ્રસ્તુત કરી રહી છે. અદ્ભૂત દુહા છંદ સાથે ઉદ્ઘોષકો પણ આ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવે છે.

મોગલ રાસ, ત્રિશુલરાસ, વિંઝણારાસ, તલવાર રાસ, મોર બની થનગાટ કરે, ચામુંડામાં ના ડાકલા, જેવી અદ્ભૂત પ્રસ્તુતીથી લોકો મંત્રમુગ્ધ બની નવરાત્રીને માણી હતી. આ નવરાત્રીને ખાસ માણવા લોકલાડીલા લોકસભા સાંસદશ્રી પુરષોતમભાઈ રૂપાલા સાહેબ, માનનીય મેયરશ્રી નેહલભાઈ શુકલ અને સાંજ સમાચારના તંત્રીશ્રી કરણભાઈ શાહ, ડેપ્યુ. ડાયરેકટર ઓફ ACB શ્રી બલદેવ વાઘેલા સાહેબ (IAS), રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્રપ્રાંત સંઘ સંચાલક અગ્રણી ઉદ્યોગપતીશ્રી મુકેશભાઈ મલકાણ સાહેબ, શ્રી કિશોરભાઈ મુંગલપરા, સેવાભારતી ટ્રસ્ટી સદસ્ય કાર્યકારીણીશ્રી, ફ.ફ.. કોલેજના ટ્રસ્ટી અને સૌરાષ્ટ્રપ્રાંત વ્યવસ્થાપક શ્રી નરેન્દ્રભાઈ દવે, શ્રી દિનેશભાઈ પાઠક ચેરમેનશ્રી રાજકોટ નાગરિક સરકારી બેન્ક, જાણીતા યુરોલોજીસ્ટ ડો. જીતેન્દ્રભાઈ અમલાણી મહાનગર સંઘચાલક, શ્રી જીતેન્દ્ર ગમઢા, રાજકોટ વિભાગ કાર્યવાહ ડો. શાંતનુ જીવાણી - મહાનગર સંપર્ક પ્રમુખ, શ્રી મનિષભાઈ ભટ્ટ - ચેરમેનશ્રી સમાજ કલ્યાણ સમિતિ તથા અન્ય પધારેલા મહાનુભાવોએ આ કાર્યક્રમને અને સંસ્કૃતિના જતનના પ્રયાસને બિરદાવ્યો હતો. ઉપરાંત આ કાર્યક્રમને આપ લાઈવ યુ-ટ્યૂબ અને ફેસબુકના માધ્યમથી નિહાળી શકો છો.

# રાજકોટમાં સરગમ કલબના ગોપી રાસોત્સમાં રાસ ગરબાની રંગત જામી

## બહેનોના જોશ અને ઉમંગને જોઈને નિર્ણાયકો પણ મૂંઝવણ : લાખેણા ઈનામોનો વરસાદ



રાજકોટ,
રાજકોટમાં સરગમ રાસોત્સવમાં કલકબના મંત્રી મૌલેશભાઈ પટેલનો જન્મદિવસ હોવાથી સરગમ પરિવાર દ્વારા સન્માન અને અભિવાદન કરવામાં આવેલ. ડો. યાજ્ઞિક રોડ ઉપર આવેલી ડી.એચ. કોલેજનાં મેદાનમાં ચાલી રહેલા ગોપી રાસોત્સવમાં નવરાત્રીનો માહોલ બરાબર જામ્યો છે. ધમાકેદાર ઓરકેસ્ટ્રા અને સુરીલા સિંગરો સાથે રાસે રમતી બહેનો જમાવટ કરી રહ્યા છે.

રોજેરોજ લાખેણા ઈનામો આપવામાં આવે છે. સરગમ ગોપીરાસમાં મનસુરભાઈ ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રાના સથવારે અને કીબોર્ડ તુષારભાઈ ગોસાઈ સાથે ગાયક કલાકારો આસિફ જેરિયા, હેમંત પંડ્યા, નિલેષ પંડ્યા, પ્રિયા જોશી, વિજયાબેન ટીમાણિયા સંગીતમાં જમાવટ કરે છે.

ચોથા નોરતે આ રાસોત્સવ નિહાળવા માટે મૌલેશભાઈ પટેલ, માધવભાઈ દવે, કમલેશભાઈ મીરાણી, વિક્રમભાઈ પૂજારા, રાકેશભાઈ પોપટ, મધુભાઈ પટોળિયા, ડૉ. એમ. વી. વેકરીયા, શિવલાલભાઈ રામાણી, પ્રવીણભાઈ ધોળકિયા, નિકુંજભાઈ ધોળકિયા, કિરણભાઈ બાટવિયા, અતુલભાઈ શેઠ, રમેશભાઈ ઠક્કર, ઉષાબેન રામાણી, રમાબેન માવાણી, જયશ્રીબેન સેજપાલ, રશમીનભાઈ પટેલ, ડિમ્પલબેન પટેલ, ડી. કે. સખીયા, અશોકસિંહ વાઘેલા, ગાયત્રીબા વાઘેલા, હિરેનભાઈ કતિરા, તેજસભાઈ ભટ્ટી, શિવલાલભાઈ બારસિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ રાસોત્સવને સફળ બનાવવા માટે સરગમ પરિવારના માર્ગદર્શક અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ ઉકાણી, ભરતભાઈ સોલંકી, રાજભા ગોહિલ, જયસુખભાઈ ડાભી, રાજેન્દ્રઉભાઈ શેઠ, સુરેશભાઈ દેત્રોજા, કૌશિકભાઈ વ્યારસ, કનૈયાલાલ ગજેરા, ધીરુભાઈ હિરાણી, શૈલેશભાઈ શેઠ, ભરતભાઈ સોજીતરા, નિતિનભાઈ ગોંડલિયા ઉપરાંત લેડિઝ કલબના ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, ડૉ. અલ્કાબેન ધામેલિયા નિશાબેન વડગામા, મીનાક્ષીબેન લિંબાસિયા, કલ્પ,નાબેન રાજ્યણગુરુ, મિતાબેન વ્યાસ, ડૉ. મધુરીકાબેન જાડેજા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ક્રોમાએ મેગા ફેસ્ટિવ સેવિંગ્સ સાથે ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સનો પ્રારંભ કયા

## પસંદગીના એપ્લાયન્સિસ ઉપર ૩૫% સુધીની છૂટ, રૂ. ૪૫,૦૦૦ કેશબેક અને અનબિટેબલ ટેક ડીલ્સ

રાજકોટ:
રાષ્ટ્રીય, ૧૫ ઓક્ટોબર ૨૦૨૬: ટાટા ગ્રૂપનું ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમા શ્રેણીબદ્ધ ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસ પર તેના એન્યુઅલ ફેસ્ટિવ કેમ્પેઈન સાથે ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ લઈને પરત ફર્યું છે. ગ્રાહકો પસંદગીના એપ્લાયન્સિસ ઉપર ૩૫% સુધીની છૂટ,બેન્ક અને NBFC ઑફર્સ દ્વારા રૂ.૪૫,૦૦૦ સુધી કેશબેક અને રૂ.૨૦,૦૦૦ સુધીના એક્સચેન્જ બોનસનો લાભ ઉઠાવી શકે છે, જે તહેવારોની ઉજવણી પહેલાં તેમના હોમ અને પર્સનલ ડિવાઈસિસને અપગ્રેડ કરવાનો શાનદાર અવસર રજૂ કરે છે. સમગ્ર ક્રોમા સ્ટોર ખાતે ઉપલબ્ધ આ કેમ્પેઈન ગ્રાહકોને તેમની મોટાભાગની તહેવારોની ખરીદી યાદગાર બનાવવા માટે પ્રોડક્ટ-સ્પેસિફિક ડિસ્કાઉન્ટ, EMI ઓપ્શન, એક્સચેન્જ બેનિફિટ્સ અને એડિશનલ ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવે છે. આ ઑફર્સ લાગુ પડતાં નિયમો અને શરતોને આધીન ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૬ સુધી માન્ય છે. બેસ્ટ ઑફર્સ મેળવવા માટે ગ્રાહકો croma.com અને છ્છ્છ ક્રી એપ ઉપર તેમની સૌથી નજીકના ક્રોમા સ્ટોર પર ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ ઑફર્સની માહિતી મેળવી શકે છે. ક્રોમાનો ઓમ્ની-ચેનલ શોપિંગ એક્સપિરિયન્સ ગ્રાહકોને માત્ર ઑનલાઈન પ્રોડક્ટ્સનું રિસર્ચ કરવા માટે જ નહીં પરંતુ ઈન-સ્ટોર એક્સપર્ટ આસિસ્ટન્ટ અને તેમની ખરીદીઓ માટે સુગમતાભર્યા વિકલ્પો પસંદ કરવાનો પણ લાભ પુરો પાડે છે.આ ઑફર્સ ઉપલબ્ધતા, લાગુ પડતાં પાત્રતા માપદંડો અને લાગુ પડતા નિયમો અને શરતોને આધીન પસંદગીની પ્રોડક્ટ્સ, બ્રાન્ડ્સ અને કેટેગરી ઉપર લાગુ પડે છે. કિંમતો અને ઑફર્સ પ્રોડક્ટ્સ, સ્ટોર અને શહેર અનુસાર જુદા-જુદા હોઈ શકે છે. એપલ ઈફેક્ટિવ પ્રાઈસ ચોક્કસ ઑફર્સની ધારણા ઉપર આધારિત છે અને પાત્રતા, એક્સચેન્જ વેલ્યુ અને લાગુ પડતાં લાભો મુજબ અલગ હોઈ શકે છે. EMI રકમ લાગુ પડતાં સમયગાળા, પાત્રતા અને લોનની શરતોને આધીન છે. બેન્ક, NBFC, એક્સચેન્જ, બિલ બસ્ટર અને અન્ય પ્રમોશનલ લાભો તેમની સંબંધિત શરતોને આધીન છે. નિયમો અને શરતો લાગું.

# રાજકોટ રેલવે ડિવિઝન:એક જ હરાજીમાં રૂા.૭.૦૯ કરોડના સ્ક્રેપનું રેકોર્ડ વેચાણ

## પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝને સ્ક્રેપ નિકાલના ક્ષેત્રમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો



રાજકોટ,
પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝને સ્ક્રેપ નિકાલના ક્ષેત્રમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ડિવિઝને ૧૩ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ આયોજિત એક જ હરાજીમાં રૂ.૭.૦૯ કરોડ મૂલ્યના સ્ક્રેપનું રેકોર્ડ વેચાણ કર્યું છે. રાજકોટ ડિવિઝનના ઈતિહાસમાં કોઈપણ એક હરાજીમાં થયેલું આ અત્યાર સુધીનું સૌથી વધુ સ્ક્રેપ વેચાણ છે. આ સિદ્ધિ સાથે રાજકોટ ડિવિઝને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬૨૭માં અત્યાર સુધીમાં કુલ રૂ.૨૨.૬૫ કરોડનું સંચયી (કુલ) સ્ક્રેપ વેચાણ નોંધાવ્યું છે, જે આ સમયગાળા દરમિયાન ડિવિઝનનું અત્યાર સુધીનું સર્વોચ્ચ સ્તર છે. આ સિદ્ધિઓ ડિવિઝનની અસરકારક મટિરિયલ મેનેજમેન્ટ સિસ્ટમ, પારદર્શક ઈ-હરાજી પ્રક્રિયા અને રેલવે સંસાધનોના બહેતર ઉપયોગ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ નોંધપાત્ર સફળતામાં રાજકોટ ડિવિઝનના સ્ટોર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તેમના સંકલિત પ્રયાસો અને નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર સ્ક્રેપ નિકાલ કરવાથી બિનઉપયોગી તેમજ વધારાની સામગ્રીનું મહત્તમ આર્થિક મૂલ્ય મેળવવામાં સફળતા મળી છે.

રેલવેના સંચાલન, જાળવણી અને વિકાસ કાર્યો દરમિયાન ઉત્પન્ન થતી બિનઉપયોગી સામગ્રીનો સમયસર નિકાલ માત્ર વધારાની આવક જ ઊભી કરતો નથી, પરંતુ સ્ક્રેપના રિસાયક્લિંગને પ્રોત્સાહન આપીને રેલવે પરિસરોને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવામાં પણ મદદરૂપ સાબિત થાય છે.

# ૨૯ દિવસમાં સાત સાત હત્યાઓથી રાજકોટમાં હડકંપ: કોંગ્રેસ આગેવાનોનો સૂર

## પોલીસ ઊંઘમાં કે અંધારામાં, એક સમયનું શાંત અને રંગીલુ શહેર અપરાધીનગર બન્યું : ડો. વસાવડા



રાજકોટ,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડા (ન્યુરરો સર્જન), રાજકોટ મહાનગર પાલિકાના વિરોધ પક્ષના નેતા દીપ્તબેન સોલંકી (કોર્પોરેટર વોર્ડ નંબર ૧૬), રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી દિલીપભાઈ આસવાણી (પૂર્વ કોર્પોરેટર વોર્ડ નંબર ૩), કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા (લોક સંસદ વિચાર મંચ રાજકોટ)ની સંયુક્ત યાદી જણાવે છે કે, રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર સમાન છે. એક સમયનું શાંત અને રંગીલુ રાજકોટ શહેર આજે અપરાધી નગર બની ગયું છે.

દિવાળીના તહેવારોમાં જ શહેરમાં ૨૯ દિવસમાં સાત-સાત હત્યાઓથી વેપારીઓ અને પ્રજામાં ભય અને આક્રોશ ફેલાયો છે. રાજકોટમાં થોરાળા પોલીસ સ્ટેયશન વિસ્તારના આજી જીઆઈડીસી માં ગઈકાલે રાત્રે તન્વી ગોલ્ડ પેઢીના કર્મચારીની લાલજીભાઈ સરધારા અંધાધુંધ ફાયરિંગ કરી હત્યા કરી નાખવામાં આવી છે અને ત્રણ કિલો સોના ચાંદીના દાગીનાની લુંટ ચલાવાય છે. આ બનાવ અંગે પોલીસ ઉંઘતી ઝડપાઈ છે.

શહેરમાં સંસદ સભ્ય, ચાર-ચાર ધારાસભ્યો, ૬૫ કોર્પોરેટરો શાસક પક્ષના હોય અને ડબલ એન્જિન વાળી સરકાર હોય અને તેમ છતાં શહેરીજનો અને વેપારીઓની સલામતી સામે પ્રશ્નાર્થ ઊભા થયા છે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની બોલતી બંધ થઈ ગઈ છે. પ્રતિનિધિઓએ લોકો અને વેપારીઓ માટે અવાજ ઉઠાવવાનું બંધ કરી દીધું છે. રાજકોટમાં લાંબા સમયથી કાયદો અને વ્યવસ્થા ચિંથરેહાલ બની છે.

પોલીસને કાયદો વ્યવસ્થા મજબૂત બનાવવાના બદલે તોડ પાણી અને બાઈક સવારો અને સામાન્ય ટ્રાફિક ગુનાઓ સામે તોતિંગ દંડ કરી સરકારની તિજોરી ભરવા સિવાય કોઈ કામ હોય એવું લાગતું નથી. રાજકોટ શહેરમાં ક્રાઈમ રેટ ઉચકાતો જાય છે ત્યારે કડક અને નિષ્ઠોવાન પોલીસ અધિકારીની તાત્કાલિક અસરથી નિયુક્તિ થવી જોઈએ. તેમ ડૉ. હેમાંગ વાસવડા, દિપ્તીબેન સોલંકી, દિલીપભાઈ આસવાણી અને ગજેન્દ્રસિંહ ઝાલાએ સંયુકત યાદીના અંતમાં જણાવ્યું છે.

# પાકિસ્તાનમાંથી થતા કોઈપણ આતંકવાદી કૃત્યનો અમે વધુ કડક જવાબ આપીશું : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ

## ભારતની સાંસ્કૃતિક પરંપરા વાતચીત, સહઅસ્તિત્વ અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપે છે, પરંતુ શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને નબળાઈ ન સમજવી જોઈએ



નવીદિલ્હી,

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે પાકિસ્તાનમાંથી ઉદ્ભવતા સરહદ પાર આતંકવાદ પર ભારતના વલણનો પુનરોચ્ચાર કર્યો. તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનમાંથી આવનારી કોઈપણ આતંકવાદી ઘટનાનો વધુ મજબૂત જવાબ આપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ભારતની સાંસ્કૃતિક પરંપરા વાતચીત, સહઅસ્તિત્વ અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપે છે, પરંતુ શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને નબળાઈ ન સમજવી જોઈએ. નવી દિલ્હીમાં ટાઈમ્સ નેટવર્ક ડિફેન્સ કોન્ક્લેવને સંબોધતા રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર, બાલાકોટ હવાઈ હુમલા અને સર્જિકલ સ્ટ્રાઈક ફક્ત લશ્કરી કાર્યવાહી નહોતી. તે આતંકવાદ સામે ભારતની વ્યૂહરચનામાં નિર્ણાયક પરિવર્તનનું પ્રતીક છે. તેમણે જણાવ્યું હતું કે ભારત હવે રાજદ્વારી વિરોધ પૂરતું મર્યાદિત નથી પરંતુ તેના મૂળમાંથી આતંકવાદને દૂર કરવા માટે સક્રિય પગલાં લે છે.

રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ થી, મોટાભાગના આતંકવાદીઓનો સક્રિય સમયગાળો ઘટીને એક વર્ષ કરતા પણ ઓછો થઈ ગયો છે. તેમણે જણાવ્યું હતું કે સુરક્ષા દળો ભારત સામે શસ્ત્રો ઉપાડ્યાના એક વર્ષમાં આવા આતંકવાદીઓને ખતમ કરી રહ્યા છે. રાજનાથ સિંહે જણાવ્યું હતું કે શાંતિ જાળવવા માટે તાકાત અને ક્ષમતા જરૂરી છે. ભારત શાંતિ ઈચ્છે છે, પરંતુ દેશનું રક્ષણ કરવા માટે જરૂર પડ્યે યુદ્ધનો સામનો કરવા માટે પણ તૈયાર છે.

તેમણે કહ્યું, "શાંતિ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અટલ છે, પરંતુ અમે કોઈપણ પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. અમારું લક્ષ્ય એક એવું ભારત બનાવવાનું છે જે શાંતિની હિમાયત કરે, છતાં સુરક્ષાના મામલામાં સતર્ક રહે અને તેની સાર્વભૌમત્વ, અખંડિતતા અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ હોય." બદલાતા સુરક્ષા પરિદૃશ્યનો ઉલ્લેખ કરતા, સંરક્ષણ મંત્રીએ હાઈબ્રિડ, હાઈ-ટેક અને અત્યંત તીવ્ર યુદ્ધના યુગમાં વધુ સતર્કતા અને તૈયારીની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ડિજિટલ યુગમાં સુરક્ષા પડકારોના વધતા જટિલ સ્વરૂપની પણ ચર્ચા કરી.

# ભારત સાથે સંબંધો સુધારવાના કેનેડાના પ્રયાસો વધુ તીવ્ર,અનિતા આનંદ પીએમ મોદી અને જયશંકરને મળ્યા

## આ વાટાઘાટો વેપાર, રોકાણ, ઉર્જા, સંરક્ષણ, ટેકનોલોજી અને સુરક્ષામાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી

નવીદિલ્હી,

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે રાજદ્વારી વાટાઘાટો તીવ્ર બની છે. કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે બુધવારે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી. આ મુલાકાતમાં વેપાર, રોકાણ, સુરક્ષા, ઉર્જા, ટેકનોલોજી અને લોકો વચ્ચેના સંપર્કો પર ચર્ચા થઈ. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે લાંબા સમયથી તણાવગ્રસ્ત ભારત-કેનેડા સંબંધોને પુનર્જીવિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા પછી, અનિતા આનંદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે ભારત અને કેનેડામાં સાથે મળીને વધુ સમૃદ્ધ ભવિષ્ય બનાવવા માટે અપાર સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે આ બેઠકમાં બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી અને વેપાર, રોકાણ અને સુરક્ષાના ક્ષેત્રોમાં વધુ વિકાસ માટેની તકો પર ચર્ચા થઈ હતી. અનિતા આનંદે એ પણ નોંધ્યું હતું કે બંને દેશો વચ્ચેના લગભગ ૮૦ વર્ષ જૂના રાજદ્વારી સંબંધો પરિવારો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકોની પેઢીઓ દ્વારા મજબૂત બન્યા છે. આ વ્યક્તિઓએ ભારત અને કેનેડાને નજીક લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

કેનેડાના વિદેશ મંત્રીએ બંને દેશો વચ્ચે તાજેતરના ઉચ્ચ સ્તરીય સંપર્કોનો પણ ઉલ્લેખ કર્યો હતો. આમાં આ વર્ષની શરૂઆતમાં કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત અને ચાલી રહેલા 'ટીમ કેનેડા ટ્રેડ મિશન'નો સમાવેશ થાય છે. અનિતા આનંદે આશા વ્યક્ત કરી હતી કે બંને દેશો વચ્ચેના નવા સંપર્કો એવી તકો ઊભી કરશે જે લાંબા ગાળે બંને દેશો માટે ફાયદાકારક સાબિત થશે.

# પ્રયાગરાજમાં કોઈ પણ માફિયા પ્રવૃત્તિઓમાં જોડાવાની હિંમત કરશે નહીં: સીએમ યોગી

પ્રયાગરાજ,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે માફિયા અતીક અહેમદના કબજામાંથી મુક્ત કરાયેલી જમીન પર પદ્મ લોક આવાસ યોજના માટે શિલાન્યાસ સમારોહ કર્યો. સભાને સંબોધતા યોગી આદિત્યનાથે કહ્યું કે આ વિસ્તાર હવે કસારી મસારી તરીકે નહીં પરંતુ કૃષ્ણ પુરી તરીકે ઓળખાશે. તેમણે કહ્યું કે પ્રયાગરાજમાં કોઈ પણ માફિયા પ્રવૃત્તિઓમાં સામેલ થવાની હિંમત કરશે નહીં. જો તેઓ આમ કરશે, તો તેઓ રાખ થઈ જશે અને તેમની પૂર્વજોની મિલકત પણ ગુમાવશે.

તેમણે કહ્યું કે એક વર્ષમાં, લગભગ ૧૨૦૦ પરિવારો, એટલે કે ૬૫૦૦ લોકો, આ ૧૦ વીઘા કેમ્પસમાં રહેશે. તેમના માટે એક અલગ ટાઉનશીપ બનાવવામાં આવશે. એક બજાર પણ બનાવવામાં આવશે. સ્પોર્ટ્સ પાર્ક અને જીમ જેવી સુવિધાઓ પણ હશે. પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી તેમને જે જોઈએ તે પૂરું પાડશે. અગાઉની સરકારોએ ઉત્તર પ્રદેશમાં ઓળખનું સંકટ ઉભું કર્યું હતું. પહેલા લોકો ઉત્તર પ્રદેશનું નામ સાંભળતા જ ૧૦૦ મીટર દૂર ભાગી જતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ઉત્તર પ્રદેશના લોકોનું નામ સાંભળીને લોકો નજીક આવે છે.

મહાકુંભ મેળાને કારણે રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા છે. પહેલા કોઈ કાસારી મસારી અને ચકિયા વિસ્તારમાં પ્રવેશવાનો પ્રયાસ કરતું ન હતું. સામાન્ય લોકોની વાત તો ભૂલી જાઓ, પોલીસના વાહનો પણ પ્રવેશતા ન હતા. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે હવે કોઈ માફિયા પ્રવૃત્તિઓમાં જોડાશે નહીં. જો તેઓ આમ કરશે, તો તેઓ તેમના પિતા અને દાદાની મિલકત ગુમાવશે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લદ્દાખમાં આશરે ૩,૩૫૦ કરોડના પાંચ મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું

## ઉર્જા કાર્યક્ષમતા વધારવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ટર્મિનલમાં જીઓથર્મલ એનર્જી ટેકનોલોજી અપનાવવામાં આવી

લેહ

લદ્દાખમાં માળખાગત સુવિધાઓ, વ્યૂહાત્મક સુરક્ષા અને ટકાઉ વિકાસને નવી ગતિ આપવા માટે આજનો દિવસ ખાસ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આશરે ?૩,૩૫૦ કરોડના પાંચ મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ્સ સીમલેસ ઓલ-વેધર કનેક્ટિવિટી, ઉર્જા સ્વ-નિર્ભરતા, પ્રાચીન સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને લદ્દાખમાં ગંભીર પાણીની કટોકટીનો સામનો કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.



પીએમ મોદીએ લેહના કુશક બકુલા રિમ્પોચી એરપોર્ટ પર ૬૪૦ કરોડના ખર્ચે બાંધવામાં આવેલ પેસેન્જર ટર્મિનલ બિલ્ડીંગ મુસાફરોને સમર્પિત કર્યું. આ આધુનિક ટર્મિનલ ૨૩,૮૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં વિકસાવવામાં આવ્યું છે.તે વાર્ષિક ૩.૫ મિલિયન મુસાફરોને સંભાળવા સક્ષમ છે. ઉર્જા કાર્યક્ષમતા વધારવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે ટર્મિનલમાં જીઓથર્મલ એનર્જી ટેકનોલોજી અપનાવવામાં આવી છે. સમગ્ર ટર્મિનલ સંકુલમાં સ્થાનિક સાંસ્કૃતિક કલા પ્રદર્શિત કરવામાં આવશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ ટર્મિનલ, લદ્દાખમાં હવાઈ જોડાણ અને પર્યટનને નવી

# પંજાબી અને ગોજરી જમ્મુ અને કાશ્મીરની સત્તાવાર ભાષાઓ બનશે; શીખ સમુદાયે વિરોધ પાછો ખેંચ્યો

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં પંજાબીને સત્તાવાર ભાષાનો દરજ્જો આપવાની માંગ સાથે ચાલી રહેલ વિરોધ આખરે ૧૪ દિવસ પછી સમાપ્ત થયો છે. બુધવારે નેશનલ કોન્ફરન્સના ખજાનચી અને સાંસદ ગુરવિંદર સિંહ ઓબેરોય અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના સલાહકાર નાસિર અસલમ વાની વચ્ચે થયેલી વાતચીતથી વિજય અને ઉજવણીનો માર્ગ મોકળો થયો.

આ પછી, સરકારે લેખિત ખાતરી આપી કે આગામી બજેટ સત્રમાં પંજાબી અને ગોજરીને સત્તાવાર ભાષાનો દરજ્જો આપવાનો પ્રસ્તાવ ગૃહમાં રજૂ કરવામાં આવશે. પસાર થયા પછી, બંને ભાષાઓને રાજ્યમાં અન્ય ભાષાઓની સાથે સત્તાવાર દરજ્જો મળશે. આ જાહેરાત બાદ, ઓલ જમ્મુ અને કાશ્મીર શીખ સંગતે આંદોલનનો અંત લાવવાની જાહેરાત કરી.

શ્રીનગરમાં નેશનલ કોન્ફરન્સના પાર્ટી મુખ્યાલય, નવા-એ-સુભ ખાતે જેકેએનસી લઘુમતી સેલ (ખાલસા) ની રાજ્ય સ્તરીય બેઠક યોજાઈ હતી. સાંસદ શમ્મી ઓબેરોયે બેઠકની અધ્યક્ષતા કરી હતી. મુખ્યમંત્રીના સલાહકાર નાસિર અસલમ વાની પણ હાજર હતા. ભૂતપૂર્વ મંત્રી મનજીત સિંહ, લઘુમતી સેલના કન્વીનર જગદીશ સિંહ આઝાદ, જમ્મુ પ્રાંતીય યુવા પ્રમુખ સરદાર તેજિન્દર સિંહ અમન અને જિલ્લા ગુરુદ્વારા વ્યવસ્થાપન સમિતિઓના પ્રતિનિધિઓના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે સરકાર સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા.

# રશિયામાં જાસૂસીની શંકામાં જાપાની પત્રકારની ધરપકડ જાપાને જોરદાર વિરોધ નોંધાવ્યો : ટોક્યોમાં વિરોધ

## રશિયન વિદેશ મંત્રાલયે પત્રકારની ઓળખ યુકી ઈમાઈ તરીકે કરી

ટોકયો,

જાપાનીના શંકામાં રશિયામાં એક જાપાની પત્રકારની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી જાપાન અને રશિયા વચ્ચે તણાવ ફેલાયો છે. જાપાને રશિયા સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો, જેમાં સ્પષ્ટતા, પત્રકાર સુધી રાજદ્વારી પહોંચ અને તેના માટે માનવીય વર્તનની માંગણી કરવામાં આવી હતી. રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસે જણાવ્યું હતું કે હોક્કાઈડો શિમ્બુન અખબાર માટે કામ કરતા પત્રકાર પર જાપાની ગુપ્તચર એજન્સીઓ વતી રશિયાની સંરક્ષણ ક્ષમતાઓ વિશે માહિતી એકત્રિત કરવાનો શંકા છે. રશિયન વિદેશ મંત્રાલયે પત્રકારની ઓળખ યુકી ઈમાઈ તરીકે કરી હતી.

એફએસબીએ જણાવ્યું હતું કે પત્રકારને સખાલિન ટાપુ પર ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તે રશિયા છોડવાની તૈયારી કરી રહ્યો હતો. મંગળવારની ધરપકડથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. ઓગસ્ટમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ઈતુરુપની મુલાકાત બાદ તણાવ વધ્યો હતો. ઈતુરુપ પેસિફિક મહાસાગરમાં ચાર વિવાદિત ટાપુઓમાંથી એક છે જે રશિયાના કબજામાં છે, જ્યારે જાપાન પણ તેમના પર દાવો કરે છે.

જાપાની સમાચાર એજન્સી હોક્કાઈડો શિમ્બુને કહ્યું હતું કે પત્રકાર વિઝા પર રશિયામાં રિપોર્ટિંગ કરી રહ્યો હતો અને મંગળવારે દેશ છોડવાનો હતો. જોકે, અખબારે તેનું નામ જાહેર કર્યું નથી. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ મંગળવારે જણાવ્યું હતું કે ઈમાઈ પર જાસૂસીનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેણીએ ટોક્યો પર દેશની સુરક્ષાને નબળી પાડવા માટે માહિતી એકત્રિત કરવા માટે રશિયામાં જાપાની પત્રકારોનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો અને પરિસ્થિતિને "દુ:ખદ" ગણાવી હતી. ઝાખારોવાએ કહ્યું કે રશિયા પ્રત્યે જાપાનની નીતિઓ અને તેના લશ્કરી વિસ્તરણથી દૂર પૂર્વમાં મોસ્કોના સુરક્ષા હિતોને ખતરો છે.

# મણિપુરમાં ફૂડ પોઈઝનિંગથી ૭૫ બીએસએફ સૈનિકો સહિત ૭૮ લોકો હોસ્પિટલમાં દાખલ

## તમામ દર્દીઓને તાત્કાલિક ઈમરજન્સી વિભાગમાં સારવાર આપવામાં આવી

ઈમ્ફાલ,

મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં ગુરુવારે શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગના કારણે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) ના ૭૫ સૈનિકો અને ત્રણ અન્ય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉલટી અને ઉબકાની ફરિયાદ બાદ બધાને રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર,બીએસએફ સૈનિકો અને ત્રણ નાગરિકોને ગુરુવારે બપોરે ૧ વાગ્યાની આસપાસ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. નાસ્તો ખાધા પછી તેમની તબિયત બગડી ગઈ હતી અને તેમને ઉલટી અને ઉબકા આવવા લાગ્યા હતા. આરઆઈએમએસના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ દર્દીઓને તાત્કાલિક ઈમરજન્સી વિભાગમાં સારવાર આપવામાં આવી હતી. હાલમાં, તેમની સ્થિતિ સ્થિર છે. શરૂઆતમાં તેમની બીમારી ફૂડ પોઈઝનિંગને કારણે હોવાની શંકા છે. મણિપુરમાં સુરક્ષા દળોએ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા બે આતંકવાદીઓને ખંડણી પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણી બદલ ધરપકડ કરી છે.

# સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને ઠપકો આપ્યો અને કોર્ટ પરિસરમાં સૂત્રોચ્ચાર અને ખલેલ અંગે નોટિસ ફટકારી

## લોકો બહાર કંઈપણ કહે છે, પરંતુ કોર્ટમાં પ્રવેશ્યા પછી તેમની ભાષા બદલાઈ જાય છે : સીજેઆઈ



નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી ગઠબંધનના નેતાઓ સુપ્રીમ કોર્ટ પરિસરમાં પહોંચ્યા ત્યારે થયેલા સૂત્રોચ્ચાર અને કથિત ખલેલના કેસમાં આજે સુનાવણી યોજાઈ હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે રાહુલ ગાંધીને ઠપકો આપ્યો અને નોટિસ પણ જારી કરી. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે રાહુલ ગાંધીની સુપ્રીમ કોર્ટ તરફની કૂચનો ઉલ્લેખ કરતા કહ્યું, "કોઈ પણ ન્યાયતંત્રને ડરાવી શકે નહીં."

સોલિસિટર જનરલ તુષાર મહેતા અને વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટિયાએ સુપ્રીમ કોર્ટમાં વિરોધનો મુદ્દો ઉઠાવ્યા બાદ કોર્ટે ટૂંકી ટિપ્પણીઓ કરી. વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટિયાએ જણાવ્યું હતું કે કોર્ટ પરિસરમાં જે બન્યું તેનાથી વકીલો દુ:ખી થયા છે અને ૨૦૦ વકીલોએ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનને પત્ર લખ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોર્ટને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સીજેઆઈએ સ્પષ્ટપણે કહ્યું હતું કે કોઈ પણ કોર્ટને ડરાવી શકે નહીં. તેમણે કહ્યું કે લોકો બહાર કંઈપણ કહે છે, પરંતુ કોર્ટમાં પ્રવેશ્યા પછી તેમની ભાષા બદલાઈ જાય છે.

ભાટિયાના દાવા અંગે કે વિપક્ષના વિરોધ પ્રદર્શન અને સુપ્રીમ કોર્ટ કૂચ કોર્ટ પર દબાણ લાવવાના પ્રયાસો હતા, મુખ્ય ન્યાયાધીશે આ પ્રયાસોને નબળા ગણાવ્યા.સીજેઆઈએ કહ્યું, "આ નબળા પ્રયાસો છે જેના પર કોઈ ધ્યાન આપતું નથી. તેઓ બહાર નિવેદનો આપે છે. અમે એકલા બેઠા નથી; અમે વસ્તુઓથી પણ વાકેફ છીએ." સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ઈન્ડિયા બ્લોક વિરોધ દરમિયાન કોર્ટ પરિસરમાં સ્થાપિત સીસીટીવી ફૂટેજ સાચવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# એઆઈએસએ પ્રમુખ નેહા બોરાએ ભારતમાં લોકશાહીનો નાશ કરવાનું કાવતરું ઘડ્યું : ભાજપ

નવીદિલ્હી,

મત ચોરી અંગે દેશમાં રાજકીય ચર્ચા ચાલી રહી છે. પ્રશ્ન એ છે કે શું બાંગ્લાદેશી મોડેલ એસઆઈઆર વિરોધીઓના હૃદયમાં છે. રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને એસઆઈઆર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટની કૂચમાં જે નેહા બોરાને પ્રોત્સાહન આપ્યું હતું, તે એ જ એઆઈએસએ પ્રમુખ છે જેમને તેમણે તેમની ચા પાર્ટીમાં આમંત્રણ આપ્યું હતું. શું નેહા બોરા હવે તેમના માટે સમસ્યા બની ગઈ છે? નેહા બોરાના એક નિવેદનથી વિવાદ થયો છે. ભાજપ નેહા બોરા અને રાહુલ ગાંધી બંને પર હુમલો કરી રહી છે. ભાજપે સ્પષ્ટપણે કહ્યું છે કે આ ભારતમાં લોકશાહીનો નાશ કરવાનું કાવતરું છે.

હકીકતમાં, નેહા બોરાએ પોતાના નિવેદનમાં એસઆઈઆર વિરોધી વિરોધ પ્રદર્શનોને બાંગ્લાદેશ સાથે જોડી



## રાહુલ ગાંધીનો ઈરાદો રાજકીય પ્રતિકાર નથી પણ ભારતના બંધારણ અને લોકશાહીનો નાશ કરવાનો ભાજપે લગાવ્યો આરોપ

દીધા છે. નેહા બોરાએ કહ્યું છે કે બાંગ્લાદેશ આંદોલને વિશ્વના જનરલ-ઝેડને રસ્તો બતાવ્યો. બાંગ્લાદેશની લડાઈ લોકશાહી અને મતદાનના અધિકાર માટે હતી. ભારતના જનરલ-ઝેડ પણ લોકશાહી અને મતદાનના અધિકાર માટે લડી રહ્યા છે.

નેહા બોરાએ કહ્યું કે બાંગ્લાદેશ આંદોલને ભારતના જનરલ-ઝેડને પ્રેરણા આપી હતી. નેહા બોરાના નિવેદન બાદ, ભાજપ હવે રાહુલ ગાંધી પર હુમલો કરી રહ્યું છે. ભાજપ દાવો કરી રહ્યું છે કે રાહુલ ગાંધી અને નેહા બોરા એક જ વિચારધારા ધરાવે છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે નેહા બોરાએ ભારતમાં લોકશાહીનો નાશ કરવાનું કાવતરું ઘડ્યું છે.

નેહા બોરાના બાંગ્લાદેશ પરના નિવેદન પર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કહ્યું કે રાહુલ ગાંધી અને કોંગ્રેસ તંત્ર લોકશાહી માધ્યમો દ્વારા રાજકીય પ્રતિકારમાં રસ નથી, પરંતુ તેના બદલે સત્તા પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભંડારીએ કહ્યું, "રાહુલ ગાંધીના સમગ્ર વિરોધ આંદોલનનો ચહેરો બની ગયેલી નેહા બોરાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે તે બાંગ્લાદેશમાં 'જનરલ-ઝેડ' ચળવળથી પ્રેરિત હતી અને ભારતમાં જે બન્યું તે જ કરવા માંગે છે.

# સત્તાનું આ દમન સરકારની તાકાતનો પુરાવો નથી : ન્યાય માટે વિનંતી કરી રહેલા માતા-પિતાને અટકાયતમાં લેવામાં આવ્યા

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અંકિતા ભંડારીના માતા-પિતાની અટકાયત અંગે કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી



નવીદિલ્હી,

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અંકિતા ભંડારીના માતા-પિતાની અટકાયત અંગે કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી છે. ખડગેએ આ કાર્યવાહીને "મોદી સરકારની કાયરતા અને અસંવેદનશીલતાની પરાકાષ્ઠા" ગણાવી હતી. પોતાના એક્સ-હેન્ડલ પર એક પોસ્ટમાં, કોંગ્રેસ અધ્યક્ષે સરકારની આકરી ટીકા કરતા કહ્યું કે ન્યાય માટે વિનંતી કરી રહેલા માતા-પિતાને અટકાયતમાં લેવામાં આવ્યા હતા જ્યારે ભાજપના "વીઆઈપી" ને રાજ્યપાલ પદથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સત્તાનું આ દમન સરકારની તાકાતનો પુરાવો નથી, પરંતુ પ્રશ્નોથી દૂર રહેવાની તૈયારી છે. પુત્રી ગુમાવનારા માતા-પિતા સાથે આ પ્રકારનો વ્યવહાર અત્યંત શરમજનક અને નિંદનીય છે.

કોંગ્રેસ પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનો પક્ષ આ લડાઈથી પાછળ નહીં હટે. તેમણે આગળ કહ્યું, "જે માતા-પિતાએ પોતાની પુત્રી ગુમાવી છે તેમની સાથે આ પ્રકારનો વ્યવહાર અત્યંત શરમજનક અને નિંદનીય છે. કોંગ્રેસ પાર્ટી અંકિતા માટે ન્યાય માટે લડત ચાલુ રાખશે." ગુરુવારે વહેલી સવારે ઈન્ડિયા ગેટ પર વિરોધ પ્રદર્શન દરમિયાન અંકિતા ભંડારીના માતા-પિતાને દિલ્હી પોલીસે અટકાયતમાં લીધા હતા. ત્યારબાદ તેમને તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. અંકિતાના માતા-પિતા માંગ કરી રહ્યા છે કે ગૌતમની સિક્કિમના રાજ્યપાલ તરીકે નિમણૂકને આ મામલામાં ચાલી રહેલી સીબીઆઈ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રોકી રાખવામાં આવે. દરમિયાન, કોંગ્રેસના નેતાઓ પવન ખેરા, જ્યોતિમણિ અને ઈમરાન પ્રતાપગઢીએ તેમની અટકાયત બાદ પોલીસ સ્ટેશનની અંદર વિરોધ કર્યો.

કોંગ્રેસના નેતાઓ પવન ખેરા, સુપ્રિયા શ્રીનાતે અને કાઝી નિઝામુદ્દીને પોલીસ કાર્યવાહીની ટીકા કરી હતી, આરોપ લગાવ્યો હતો કે અધિકારી અંકિતા ભંડારી માટે ન્યાયની માંગ કરનારાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓએ સિક્કિમના રાજ્યપાલ તરીકે દુષ્યંત ગૌતમની નિમણૂક પર પણ સવાલ ઉઠાવ્યા હતા. અગાઉ, કોંગ્રેસના સાંસદ પવન ખેરાએ આરોપ લગાવ્યો હતો કે પોલીસ કાર્યવાહી લોકશાહી સ્વતંત્રતાઓમાં ઘટાડો દર્શાવે છે. આ ક્રૂરતા હતી. લોકશાહીનો અંત ઈન્ડિયા ગેટ પર જોઈ શકાય છે. તે સવારે ચાર વાગ્યે સમાપ્ત થઈ રહ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# જ્વેલર્સ પેઢીના કર્મચારીની લૂંટ વીથ મર્ડરના આરોપીઓ ઉદયપુરથી ઝડપાયા

## રાજકોટમાં તન્વી ગોલ્ડ એન્ટરપ્રાઈઝના કર્મચારીએ જ લૂંટની ટીપ આપી; નવા CCTV સામે આવ્યા







રાજકોટ:રાજકોટમાં લૂંટ વિથ મર્ડરના કેસનો ભેદ ઉકેલાઈ ગયો છે. શહેરના આજી જીઆઈડીસીમાં આવેલા તન્વી એક્સ્પોર્ટ ઈન્ડિયા લિમિટેડ નામના રિફાઈનરી યુનિટ બહાર તેના જ કર્મચારીને કારમાં આવેલા ચાર શખ્સોએ ગોળી મારી રૂ.૧.૫૩ કરોડના સોના-ચાંદીના દાગીનાનો થેલો ઝુંટવી ફરાર થઈ ગયા હતા. ૧૪ ઓક્ટોબરના રાત્રિના ૮:૧૫ વાગ્યે બનેલી આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે.રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજસ્થાનના ઉદયપુરમાંથી લૂંટારૂ ગેંગની ધરપકડ કરી છે. તપાસમાં તન્વી ગોલ્ડ એન્ટરપ્રાઈઝના કર્મચારીએ જ લૂંટની ટીપ આપી હોવાનો ખુલાસો થયો છે.પોલીસે તમામ મુદ્દામાલ રિકવર કર્યો છે અને સાંજ સુધીમાં લૂંટારૂઓને રાજકોટ લાવવામાં આવે તેવી શક્યતા છે. આ ઘટનામાં પરપ્રાંતિય શખ્સોની ગેંગે ઘટનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ૪ લૂંટારૂઓ ઉપરાંત મદદગારી કરતા સહિતના ૯ શખ્સોની ધરપકડ કરી લીધી છે.

આજી વસાહત વિસ્તારમાંથી પસાર થઈ રહેલા તનવી ગોલ્ડના કર્મચારી લાલજી સરધારાને છાતીના ભાગે ગોળી મારતા ટૂંકી સારવારના અંતે મોત નિપજ્યું હતું. આ ઘટનાના નવા ઝઝૂફ પણ સામે આવ્યા છે.

રાજકોટના થોરાળા પોલીસ મથકમાં બિપિન વીરડીયા દ્વારા ૧,૪૮,૯૦,૦૦૦ની કિંમતનું ૯૪૬ ગ્રામ સોનુ, ૪,૩૦,૦૦૦ની કિંમતનું ૨ કિલો રિફાઈન ચાંદીનો ડસ્ટ પાવડર સહિતની લૂંટ ચલાવી ૫૩ વર્ષીય લાલજી સરધારાને છાતીમાં ગોળી ધરબી લૂંટારૂઓ લૂંટ કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં કુલ ૧,૫૩,૨૦,૦૦૦ની કિંમતના સોના ચાંદીની લૂંટ ચલાવવામાં આવી હતી.શહેરના આજી વસાહત વિસ્તારમાં આવેલી તનવી ગોલ્ડના કર્મચારી લાલભાઈ સરધારા અંદાજિત ૧ કિલો સોનું અને ૨ કિલો ચાંદીના દાગીના લઈ એક્ટિવા પર જઈ રહ્યા હતા. આ સમયે કારમાં આવેલા ત્રણથી ચાર લૂંટારુઓએ તેની પાસે રહેલો દાગીના ભરેલો થેલો આંચકવાનો પ્રયાસ કર્યો. પરંતુ, લાલભાઈએ પ્રતિકાર કરતા લૂંટારુએ પોતાની પાસે રહેલા હથિયારમાંથી ફાયરિંગ કરી લૂંટ ચલાવી. લાલભાઈને છાતીના ભાગે ગોળી લાગતા સારવાર માટે ખાનગી હોસ્પિટમલાં ખસેડાયા. જ્યાં ટૂંકી સારવાર દરમિયન તેમનું મોત નિપજ્યું.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ ઢઝઁ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, થોરાળા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે સાંજે તનવી ગોલ્ડની રિફાઈનરી બહાર અમુક માણસોએ એક લૂંટ ચલાવી હતી. જેમાં આ શખ્સોએ ફેક્ટરીમાં કામ કરતા એક કર્મચારી લાલજીભાઈ ઉપર ફાયરિંગ કરી લગભગ આશરે ૧.૫૩ કરોડ કિંમતના સોના-ચાંદીના દાગીના લૂંટી લીધા હતા અને સારવાર દરમિયાન ઈજા પામનાર લાલજીભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે ૧૨ કલાકથી ઓછા સમયમાં ટેકનિકલ સર્વેલન્સથી આ આરોપીઓને ટ્રેક કરી, રાજસ્થાન ખાતેથી રાજસ્થાન પોલીસના સરસ સંકલન સાથે ઝડપી લીધા છે. રાજસ્થાનના શિરોહી જિલ્લાના પિંડવાડા પોલીસ સ્ટેશન અને ઉદયપુર જિલ્લાની પોલીસના સહયોગથી આ તમામ આરોપીઓને અને તમામ મુદ્દામાલને રિકવર કરી અત્યારે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

તનવી ગોલ્ડના કિશોર હાપલીયાએ ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, અમારી ફેક્ટરીની બાજુમાં જ રિફાઈનરી આવેલી છે. ત્યાંથી લાલાભાઈ અંદાજિત ૧ કિલો ગોલ્ડ અને ૨ કિલો ચાંદી લઈને નીકળ્યા હતા. લૂંટારુઓએ તેમના પાસે આવી થેલો ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ, લાલાભાઈએ પ્રતિકાર કરતા ૩ રાઉન્ડ ફાયરિંગ કરાયું. જેમાં એક ગોળી લાલાભાઈની છાતીના ભાગે વાગી હતી.

# સમાજમાંથી લોન કરાવી દેવાના નામે ત્રણ સાથે ૧૩ લાખની ઠગાઈ

રાજકોટ: સદર બજારમાં ઓરબીટ કોમ્પ્લેક્ષની સામે રહેતા અને ન્યુ સ્ટાર ટ્રેડર્સ નામે વેસ્ટ પેપરની પેઢી ધરાવતા હુસેનભાઈ જૈનુદીનભાઈ ભારમલ (ઉ.વ.૨૨) અને તેના બે મિત્રોને આરોપી મિત્ર જુજર શકિલભાઈ દલાલ (રહે. સમન્વય હાઈટ્સ ફલેટ નંબર ૬૦૨, ભગવતીપરા)એ સમાજમાંથી વગર વ્યાજે સોના પર લોન અપાવવાના નામે સોનું અને રૂપિયા નહી આપી રૂા.૧૨.૮૦ લાખની છેતરપીડી કર્યાની બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં હુસેનભાઈએ જણાવ્યું છે કે, તેને વેસ્ટ પેપરના ધંધા માટે રૂપિયાની જરૂરિયાત હતી. તેના સમાજમાંથી સોના ઉપર વગર વ્યાજની લોન મળે છે. પરંતુ તેના નામે અન્ય લોન ચાલું હોવાથી સમાજમાંથી લોન મળી શકે તેમ ન હતી. તેમજ મીત્ર અબ્દલી મુર્તુઝાભાઈ બારભાયા અને નજમુદીન શબ્બીરભાઈ હડીયાણાને પણ લોન લેવાની હતી. આરોપી જુઝરને પણ રૂપિયાની જરૂર હોવાથી ચારેયે ભેગા મળી પોતપોતાનું સોનું ભેગુ કરીને સમાજમાં જમા કરાવી રૂા.૪૦ લાખની લોન લેવાનું નક્કી કર્યું હતું અને આ લોન આરોપી જુજરના નામે કરાવી જેનો હપ્તો ભાગે પડતો ભરવાનું નક્કી થયું હતું.

આ પછી તેણે રૂા.૧૦ લાખની કિંમતના દાગીના તેના મિત્ર અબ્દલીભાઈએ રૂા.૧૪ લાખના દાગીના અને નજમુદીનભાઈએ રૂા.૨.૪૦ લાખના દાગીના આપ્યા બાદ આરોપી જુજરે પોતાનું અને ત્રણેય મિત્રોનું સોનું ભેગું કરી તેનું વેલ્યુએશન કરાવ્યા બાદ સમાજમાં સોનું જમા કરાવી લોનની પ્રોસેસ કરી હતી. પરંતુ લોન થઈ ન હતી. જેની આરોપી જુજરે તેને અને તેના બે મિત્રોને જાણ પણ કરી ન હતી.

ત્યારબાદ તેણે સમાજમાંથી સોનું લઈને જ્ઞાતીના શેખ હુસેનભાઈ સજાઉદ્દીનભાઈ સાઈવાલા પાસે સોનું મુકીને રૂા.૩૧ લાખ રૂપિયા લઈ લીધા હતા. તેમાંથી તેને રૂપિયા કે દાગીના આપ્યા ન હતા. આ રીતે તેના બંને મિત્રોને પણ રૂપિયા કે દાગીના પરત નહીં આપી રૂા.૧૨.૮૦ લાખની છેતરપિંડી કરી હતી.

# બનેવીની સરાજાહેર હત્યા કરનાર કમલેશ ઉર્ફે કાનો ઝડપાયો

રાજકોટ:ભક્તિનગર સર્કલ પાસે ગત તા. ૨૪ના સહકાર મેઈન રોડ પર રહેતા વિમલ વાણીયા નામના યુવાનની પ્રેમલગ્નની અદાવત સબબ તેના સાળાએ છરીના ઘા ઝીંકી સરાજાહેર હત્યા કરી હતી. જે ગુનામાં મુખ્ય આરોપી કમલેશ ઉર્ફે કાનો ફરાર હોય જેને ક્રાઈમ બ્રાન્ચની ટીમે કુવાડવાથી ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.




બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગઈ તા. ૨૪-૯ ના સહકારનગર મેઈન રોડ પર જમનાનગર શેરી નંબર ૪ માં રહેતા વિમલ ધમેન્દ્રભાઈ વાણીયા નામના યુવાનને આરસીબુકના આપવાના બહાને ભક્તિનગર સર્કલ પાસે બોલાવી તેના સાળા કમલેશ ઉર્ફે કાનાએ છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. જે અંગે મૃતકના માતા ભારતીબેન ધર્મેન્દ્રભાઈ વાણીયાની ફરિયાદ પરથી ભકિતનગર પોલીસે ત્રણ શખસો સામે ગુનો નોંધાયો હતો. પોલીસે જે તે સમયે રાકેશ જોગરાણા નામના આરોપીને ઝડપી લીધો હતો. પરંતુ મુખ્ય સૂત્રધાર કમલેશ ઉર્ફે કાનો પોલીસને હાથ લાગ્યો ન હતો.

દરમિયાન પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી. બસીયા દ્વારા આ ગંભીર બનાવવામાં આરોપીઓને પકડી પાડવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ.એન.પરમાર, એસ.એમ. રાણા, ડી.પી. ઝાલા અને વી.ડી.રાવલીયાની રાહબરીમાં ટીમો તપાસમાં લાગી હતી.

પોલીસે હ્યુમન સોર્સિસ અને ટેકનિકલ સોર્સીસના આધારે તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન મળેલી હકીકતના આધારે રાજકોટ અમદાવાદ હાઈવે પર કુવાડવા ગામ પાસેથી હત્યા પ્રકરણના મુખ્ય આરોપી કમલેશ ઉર્ફે કાનો લાખા ધાંધળ(ઉ.વ. ૨૫ રહે. શિવધારા સોસાયટી શેરી નંબર ૨, ખોખડદળ પુલની બાજુમાં, કોઠારીયા રીગરોડ)ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ હત્યા પ્રકરણમાં હજુ એક આરોપી પોલીસને હાથ લાગ્યો ન હોય તેને ઝડપી લેવા શોધખોળ યથાવત રાખી છે.

# મેં જ મારી બે વર્ષની માસૂમ પુત્રીને પાંચમા માળેથી નીચે ફેંકી દીધી હતી:માતા

## શહેરમાં અરેરાટી સર્જનાર કેસમાં ચોંકાવનારો અને સમાજને વિચારતા કરી મુકે તેવો ખુલાસો : મારી પુત્રી પડી ગઈ તેવી બુમો પાડી અજાણ હોવાનું નાટક કર્યું,રાત્રે સીસીટીવી કેમેરા લાગે તે પહેલાં સાંજે હત્યા કરી નાખી



રાજકોટ : કુવાડવા રોડ પર ડી-માર્ટ પાછળ શહીદ ઉધમસિંઘ ટાઉનશિપમાં રહેતી બે વર્ષની સ્નેહલ નામની બાળકીની પાંચમા માળેથી નીચે ફેંકી હત્યા કરી દેવાઈ હતી. શહેરમાં અરેરાટી સર્જનાર આ કેસમાં ચોંકાવનારો અને સમાજને વિચારતા કરી મુકે તેવો ખુલાસો થયો છે. સ્નેહલની ખુદ તેની માતા પૂનમ સંજયભાઈ સાકરીયાએ જ હત્યા કરી હતી. ગઈકાલે તેણે પોલીસ સમક્ષ હત્યા કબૂલી પણ લીધી હતી.

જો કે હત્યા પાછળનું જે કારણ આપી રહી છે તે પોલીસને ગળે ઉતરતું નથી. પોલીસનું સ્પષ્ટ માનવું છે કે પોતાના પ્રેમસંબંધમાં પુત્રી સ્નેહલ આડખીલીરૂપ ન બને તે માટે જ માતા પૂનમે તેને મોતને ઘાટ ઉતારી હશે.

બી ડિવિઝનના પીઆઈ આર.જી. ચૌહાણ સમક્ષ પૂનમે એવું રટણ કર્યું છે કે મને ઘણી વખત ગુસ્સો આવે ત્યારે શું કરું છું તેની કોઈ ખબર જ રહેતી નહતી. તે દિવસે પણ મને ગુસ્સો આવી જતાં સ્નેહલને પાંચમા માળેથી નીચે ફેંકી દીધી હતી. મને એ પણ ખબર નથી કે મેં આવું શા માટે કર્યું. હવે મને ખૂબ જ પસ્તાવો થાય છે.

જો કે પોલીસને આ કેફિયત કોઈપણ રીતે ગળે ઉતરતી નથી. પોલીસનું કહેવું છે કે પૂનમને લગ્નેતર સંબંધ હશે. જેમાં પુત્રી સ્નેહલ કદાચ આડખીલીરૂપ બનતી હશે. જેને કારણે તેની હત્યા કરી નાખી છે. જો કે પૂનમને કોની સાથે અફેર હતો તે વિશે પોલીસને કોઈ માહિતી મળી નથી.

કારણ કે પૂનમ આ બાબતે કાંઈ બોલતી નથી. વળી તે સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કરતી ન હોવાથી તેના કથીત અફેર વિશે હાલ કોઈ માહિતી નહીં મળ્યાનું પોલીસ કહી રહી છે. પાડોશમાં જ કોઈની સાથે અફેર હોવાની શક્યતા પોલીસે દર્શાવી તે દિશામાં તપાસ આગળ વધારી છે.

ત્રણ દિવસ પહેલા સાંજે આ ઘટના બની હતી. જો કે તેના થાડા સમય પછી જ પૂનમ પોલીસના શંકાના દાયરામાં આવી ગઈ હતી. આ દરમિયાન તેણે અલગ રહેતા પતિ સંજય ઉપર શંકા જાય તે માટેના તમામ પ્રયાસો કર્યા હતા. તેણે ઘણી રોકકળ પણ કરી હતી. પરંતુ આખરે તેનો ભાંડો ફૂટી ગયો હતો.

ઉલ્લેખનીય છે કે પૂનમને પતિ સંજય સાથે વિખવાદ ચાલતો હતો. જેને કારણે તે છેલ્લા દોઢેક વર્ષથી પુત્રી સ્નેહલ સાથે પિતા જગદીશભાઈ અને ભાઈઓ સાથે શહીદ ઉધમસિંઘ ટાઉનશીપમાં રહેતી હતી.

પુત્રી સ્નેહલને પાંચમા માળેથી નીચે ફેંકી દીધા બાદ માતા પૂનમ લિફ્ટમાં નીચે ગઈ હતી અને તે સાથે જ મારી દીકરી પડી ગઈ, મારી દીકરી પડી ગઈ તેવી બૂમો પાડવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહી પુત્રી સાથે હોસ્પિટલ પણ ગઈ હતી. જ્યાંથી પરિવારજનોએ તેને ઘરે મોકલી દીધી હતી.

અગાઉ ગુસ્સો આવે ત્યારે શું કરતા તેવું પૂછાતા ચૂપ થઈ ગઈ

પૂનમે ગુસ્સામાં આવી પુત્રીની હત્યા કર્યાનું પોલીસ સમક્ષ રટણ કર્યું હતું. તેણે કહ્યું કે તેને ગુસ્સો આવે ત્યારે શું કરે છે તેની ખબર પડતી ન હતી. પોલીસે તેની સાથે આવું અગાઉ થયું હોય તો શું કર્યું હતું તે બાબતે પૂછતા ચૂપ થઈ ગઈ હતી. તેણે કહ્યું કે પુત્રીની હત્યા બાદ હિંમત નહીં થતા માતા-પિતાને સત્ય હકીકતો જણાવી ન હતી.

હત્યા બાદ માતા પૂનમે પોલીસને કહ્યું કે તે હજુ વોશરૂમ જતી હતી ત્યારે છઠ્ઠા માળેથી પુત્રી સ્નેહલની મમ્મી મમ્મીની બૂમો સાંભળી દોડી ગઈ હતી. પરંતુ ત્યાં સુધીમાં તો સ્નેહલને કોઈએ નીચે ફેંકી દીધી હતી. પૂનમે આપેલા આ નિવેદન બાદ પોલીસે તેને બાથરૂમથી છઠ્ઠા માળે જતાં કેટલો સમય લાગે તે અંગે તપાસ કરતા આ સમયગાળો માત્ર ત્રણ સેકન્ડનો જ હતો. આટલી વારમાં આરોપી સ્નેહલને નીચે ફેંકી ગાયબ થઈ જાય તે વાત પોલીસને ગળે ઉતરી ન હતી. વળી એપાર્ટમેન્ટના રહીશોએ પણ કોઈ અજાણ્યા વ્યક્તિને નહીં જોયાનું કહ્યું હતું. આ બધા કારણથી માતા પૂનમ પોલીસના રડારમાં આવી ગઈ હતી.

વળી પૂનમના પરિવારના બીજા સભ્યોએ સ્નેહલની બૂમો પણ સાંભળી નહીં હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. એટલું જ નહીં પૂનમ જે ફ્લોર પર રહેતી હતી ત્યાં તે જ દિવસે રાત્રે તેનો ભાઈ વાયરલેસ સીસીટીવી કેમેરા લગાડવાનો હોવાની માહિતી પોલીસને મળી હતી. આ માહિતીના આધારે પણ પોલીસને શંકા ગઈ હતી. આખરે સીસીટીવી કેમેરા લાગી જાય તો પોતે હત્યા ન કરી શકે તેમ જણાતા જ પૂનમે તે દિવસે સાંજે પુત્રીની હત્યા કરી નાખી હતી.

પોલીસને જાણવા મળ્યું હતું કે હત્યાના થોડા સમય પહેલા રાબેતા મૂજબ સ્નેહલ પોતાના ઘર એટલે કે પાંચમા માળેથી છઠ્ઠા માળે રહેતા અર્ચનાબેનની છ વર્ષની પુત્રી સાથે રમવા અવર જવર કરતી હતી. બે-ત્રણ વખત આવું કર્યા બાદ તેણે મમ્મી મમ્મી કહ્યું હતું. જો કે તેણે દેકારો કરી મમ્મીને બોલાવી ન હતી.

તેનો અવાજ સાંભળતા જ પુનમ છઠ્ઠા માળે પહોંચી હતી. પુત્રી સ્નેહલને લઈને પાંચમા માળે આવતી હતી ત્યારે વચ્ચેની જગ્યા પાસે ઉભા રહી એકાદ મિનિટ તેણે પોતાને કોઈ જોતું નથી તેની ખાતરી કર્યા બાદ સ્નેહલને જોરથી બહાર ફેંકી દીધી હતી.

ત્રણ દિવસ બાદ પોલીસે પતિ સંજયની ફરિયાદના આધારે પૂનમ વિરૂદ્ધ ખૂનનો ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. સાંજે પોલીસ તેને કઈ રીતે પુત્રીની હત્યા કરી તેની માહિતી મેળવવા માટે રિ-કન્સ્ટ્રક્શન પંચનામું કરાવવા ઘટના સ્થળે લઈ ગઈ હતી.

# સાઈબર ચૂંગાલમાં ફસાયેલી ગોંડલની પરિણીતાએ આત્મહત્યા કર્યાનો ઘટસ્ફોટ

## આત્મહત્યા કરતા પહેલાં સાયબર ઠગને મેસેજ કર્યો હતો કે, કિતના ચાહીયે મે મરને જા રહી હું,આઠ વિદેશી ફોન નંબર ધારકો સામે ગુનો નોંધાયો

ગોંડલ :

ગોંડલના શાંતિનગરમાં રહેતી પરણિતાને સોશિયલ મીડિયા એપ્લિકેશન 'થ્રેડ્સ' મારફતે સંપર્કમાં આવેલા શખ્સોએ વિદેશથી મોંઘો ડાયમંડ નેકલેસ સેટ મોકલવાની લાલચ આપી રૂ. ૨.૦૧ લાખ પડાવી લીધા બાદ પણ સાઈબર માફિયાઓએ પીછો ન છોડી જુદી જુદી ધાકધમકી આપતા આખરે કંટાળીને ઓગષ્ટમાં આપઘાત કરી લીધાની ઘટના બે માસ બાદ પ્રકાશમાં આવી છે.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર ગુંદાળા ચોકડી પાસે પાન-બીડીની હોલસેલ એજન્સી ચલાવતા હિમેનભાઈ હેમંતભાઈ ઘેટિયાની પત્ની નિમિષાબેન (ઉં.વ. ૩૭) સોશિયલ મીડિયા એપ થ્રેડ્સ દ્વારા એક અજાણ્યા શખ્સના સંપર્કમાં આવ્યા હતા. ઠગે પોતાની વિદેશી મિત્ર તરીકે ઓળખ આપી નિમિષાબેન માટે ડાયમંડનો નેકલેસ સેટ ગિફ્ટમાં મોકલ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબરો પરથી કોલ અને મેસેજ કરી પાર્સલનો ટેક્સ ભરવા અને જો પૈસા નહીં ભરે તો વિદેશથી પાર્સલ મંગાવવાના ગુનામાં પોલીસ કેસ થશે અને જેલ ભેગા થઈ જશો તેવી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. ધમકીથી ડરી ગયેલા નિમિષાબેને પોતાના ગળાનો સોનાનો નેકલેસ ગીરો મૂકી રૂ. ૧ લાખની ગોલ્ડ લોન લીધી હતી તથા હાથની વીંટી અને બ્રેસલેટ વેચીને તેમજ પિતાજી પાસેથી પૈસા મેળવી અલગ-અલગ યુપીઆઈ આઈડી પર કુલ રૂ. ૨,૦૧,૧૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા.

તારીખ ૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રાત્રે પતિ હિમેનભાઈએ શંકા જતાં નિમિષાબેનનો મોબાઈલ ચેક કર્યો ત્યારે આ સમગ્ર સાયબર ફ્રોડ અને ટ્રાન્સફર કરેલા નાણાંના સ્ક્રીનશોટ સામે આવ્યા હતા. તે વખતે નિમિષાબેને રડીને બધી હકીકત જણાવી હતી. ત્યારબાદ તા. ૮ ઓગસ્ટની વહેલી સવારે નિમિષાબેને પોતાના ઘરના ગેસ્ટ રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી.

મૃતક નિમિષાબેનના પતિ હિમેનભાઈ ઘેટિયાની ફરિયાદના આધારે ગોંડલ બી-ડિવિઝન પોલીસે રાધાકૃષ્ણ મંદિર સામે બનેલા આ બનાવ અંગે ભારતીય ન્યાય સંહિતા તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમહેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે ૮ આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબર ધારકો વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા અને સાયબર ફ્રોડનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. +૯૨, +૪૪ અને +૯૭૧ સિરીઝના કુલ ૮ આંતરરાષ્ટ્રીય વોટ્સએપ નંબરોનો ઉપયોગ થયો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે,આ ઘટનાની તપાસ ગોંડલ બી-ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર ગોપાલ ગઢવી ચલાવી રહ્યા છે.આપઘાતની ઘટના બાદ મોબાઈલ ચેટ ચેક કરતાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આત્મહત્યા કરતા પહેલાં જ નિમિષાબેને સાયબર ઠગને મેસેજ કર્યો હતો કે, કિતના ચાહીયે મે મરને જા રહી હું. આમ છતાં સાયબર ઠગોએ પાર્સલનો કસ્ટમ ટેક્સ ભરવા અને કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી વધુ પૈસાની સતત માંગણી ચાલુ રાખતા, માનસિક ત્રાસથી કંટાળીને પરણિતાએ ઘરમાં જ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

# ગીરગંગાના બોર્ડ મારી જીયાણા ગૌચરમાં ખનિજ ચોરી કરતાં ચાર ડમ્પર પકડાયા

## ભાડે રાખેલા ડમ્પર ચાલકો સ્ટિકરનો ગેર ઉપયોગ કરે છે : પ્રમુખ સખિયા

રાજકોટ:

રાજકોટ તાલુકાના જીયાણા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના ON DUTYના બોર્ડ મારી ખનિજ ચોરી કરતાં ૪ ડમ્પર સાથે એક આરોપીની ધરપકડ કરાઈ છે.

ખાણ ખનિજ વિભાગની ટીમે ૮૦ લાખનો મુદ્દામાલ સીઝ કરીને ત્રણ ચાલકોને કુવાડવા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. હવે ખનિજ ચોરીનો માલ મેળવનાર વિરલ ડેવલોપર્સના ત્યાં તપાસ હાથ ધરી ખનિજ વિભાગ તેને પણ દંડ ફટકારશે.

ચોક્કસ બાતમીના આધારે રાજકોટ ખાણ ખનિજ વિભાગની ટીમના રોયલ્ટી ઈન્સ્પેક્ટર કિશન રાંણવાની ટીમે દરોડા પાડીને ગેરકાયદેસર સોફ્ટ મોરમની ચોરી કરતાં ડમ્પર ચાલક સુરેશ મછાર રહે. જાંબુવા સહિત ત્રણની અટક કરી હતી, જ્યારે અન્ય ખનિજ ચોરો નાસી છૂટતાં તેની તપાસ હાથ ધરાઈ છે.



ગત ૮ના મધ્ય રાત્રિના સોફ્ટ મોરમ ચોરી કરીને ડમ્પરો મારફતે વિરલ ડેવલોપર્સની વેરહાઉસની જગ્યામાં નાખીને પુરાણ કરતા હતા. આ ખનિજ ચોરીમાં ગીરગંગા પરિવારના સભ્યોની સંડોવણી છે કે કેમ તે અંગે ત્રણ ડમ્પર ચાલકોની પૂછપરછ દરમિયાન સામે આવશે.ગીરગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપ સખિયાનું કહેવું છે કે, અમે માર્ચ, એપ્રિલ, મે મહિનામાં ભાડે ડમ્પરો રાખી નાના-મોટા ચેકડેમ રિપેરિંગના કામો કર્યા હતા.એ બાદ વાહનોમાંથી સ્ટિકર કાઢ્યા ન હોવાથી ચાલકો ગેર ઉપયોગ કરતા હશે. અમે માટી ઉપાડવાનું કામ બંધ કરી દીધું છે. અમારા મેમ્બરો સાથે ચર્ચા- વિમર્સ કર્યા બાદ જરૂર પડ્યે કાયદાકીય પગલાં ભરીશ.

# સુરેન્દ્રનગરમાં ગેરકાયદે ખનન પર રાજકોટ રેન્જની તવાઈ

## ૩ વોશ પ્લાન્ટ, ૧૦ ડમ્પર સહિત ૪.૪૫ કરોડનો મુદ્દામાલ સીઝ

સુરેન્દ્રનગર:

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદે ખનન સામે રાજકોટ રેન્જની ટીમે કાર્યવાહી કરી છે. ચુડા અને જોરાવરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા પાડી ૪.૪૫ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.



ચુડાના સમઢિયાળા અને મોરવાડ ગામની સીમમાં ત્રણ વોશ પ્લાન્ટ, આઠ ડમ્પર, ત્રણ લોડર અને ત્રણ એસ્કેવેટર મશીન મળ્યા હતા. જોરાવરનગરના મઢાદ ગામ નજીક ભોગાવો નદીના કાંઠેથી પથ્થર ભરેલા બે ડમ્પર પણ જપ્ત કરાયા.

કુલ ત્રણ વોશ પ્લાન્ટ, દસ ડમ્પર, ત્રણ લોડર અને ત્રણ હિટાચી મશીન સહિત ૪.૪૫ કરોડનો મુદ્દામાલ કબજે કરાયો છે. સ્થળ પરથી ડ્રાઈવરોને પણ પકડવામાં આવ્યા હતા. આગળની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ અને ખાણ-ખનીજ વિભાગને જાણ કરાઈ છે.

# કોઠારીયામાં ૨ ભાઈ પર ધોકા-પથ્થરથી હુમલો

રાજકોટ:રાજકોટના કોઠારીયા રોડ પર આશાપુરાનગરમાં પડોશમાં રહેતા પાર્થ કારીયા, નિરવ કારીયા સહિત ત્રણ શખ્સોએ અમરેલીયા બંધુઓ પર ધોકા અને પથ્થર વડે હુમલો કર્યો હતો. હુમલામાં જીગ્નેશભાઈ અને તેમના ભાઈ રાહુલને હાથમાં ફ્રેક્ચર થયું હતું. આરોપીઓએ ઘર બહાર પાર્ક કરેલા બાઈકમાં પણ તોડફોડ કરી હતી. નિરવે ફરિયાદ કરશો તો પરિણામ ભોગવવું પડશે તેવી ધમકી આપી હતી. ભક્તિનગર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# માધાપર ગામમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ:

રાજકોટના માધાપર ગામમાં નવરંગપરા શેરી નંબર ૧ માં રહેતા ૪૦ વર્ષીય યુવક જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ ૧૫ ઓક્ટોબરના સવારે ૯ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણથી ગળાફાંસો ખાઈ લીધો હતો. જે બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં આવી પહોંચી હતી પરંતુ તબીબે યુવાનનું મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું. જ્યારે અન્ય બનાવમાં શહેરના પેડક રોડ ઉપર વાલ્મીકિ આવાસ યોજનામાં રહેતા ૬૦ વર્ષીય ચંપાબેન ભીખાભાઈ ટીમાણીયા ૧૪ ઓક્ટોબરના સાંજે પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણથી ઝેરી દવા પી જતા તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે આજે ૧૫ ઓક્ટોબરના તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.